વર્ષ : ૬૩ ■ અંક : ૧૬ ■ તા.૧૬-૦૮-૨૦૨૩

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

આદિજાતિ વિકાસ વિશેષ







## વલસાડ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

# અમૃતકાળને કર્તવ્યકાળ બનાવવા ગુજરાત પ્રતિબધ્ધ

- વિશ્વ આદિવાસી દિવસ : આદિવાસી જિલ્લાઓને મળી ૪૦૩૩ વિકાસકાર્યોની ભેટ
- ગુજરાતના ૨૧ સહિત દેશના કુલ ૫૦૮ રેલવે સ્ટેશનોના પુન: નિર્માણનો કાર્યારંભ

# ૭૭મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યભરમાં ઉજવણી



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત
રાજભવન, ગાંધીનગર



વિધાનસભાના અધ્યક્ષ
શ્રી શંકરભાઈ ચૌધરી - પાટણ



ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ
શ્રીમતી સુનિતા અગ્રવાલ - અમદાવાદ



મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ
સુરત



મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ
વડોદરા



મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ
રાજકોટ



મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા
અમદાવાદ

**Gujarat**

The Reliable Fortnightly of Gujarat

**Year : 63 ▪ Issue : 16 ▪ Date : 16 - 08 - 2023**

**તંત્રી** : ધીરજ પારેખ

**સહતંત્રી** : અરવિંદ પટેલ

**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી

**સંપાદક** : જિગર ખુંટ

**સહસંપાદક** : દેવાંગ મેવાડા, સુમિત પટેલ, હર્ષદ રૂપાપરા

**કલાનિર્દેશક** : જસ્મીન દવે

**વિતરણ વિભાગ** : પી. વી. મોર

ગુજરાત પાક્ષિક ન મળ્યું હોય તો નીચે દર્શાવેલ નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨

**ઈ-મેલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com

**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**



રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.



માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઈટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઈઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા કોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૧૭, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઈ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.


આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઈ મહત્વપૂર્ણ હકારાત્મક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો આવશ્યક પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ



- ગુજરાત અમૃતકાળમાં વિકસિત ભારતના નિર્માણ માટે અગ્રેસર રહેવા સંકલ્પબધ્ધ છે.
- પર્યાવરણ સાથે સંતુલન સાધીને ગ્રીન ગ્રોથનો મંત્ર સાકાર કરવા ગુજરાત પ્રતિબદ્ધ છે.
- આદિજાતિ યુવાઓને ઘરઆંગણે મેડિકલ શિક્ષણ આપવા રાજ્ય સરકારે નવી આઠ મેડિકલ કોલેજો શરૂ કરી.
- 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના' અંતર્ગત ચાર લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૧૮૦૦ કરોડની સહાય આપવામાં આવી છે.
- ગુજરાતે પોતાની સેમિકન્ડક્ટર પોલિસી જાહેર કરી, સેમિકન્ડક્ટર ક્ષેત્રે એફ.ડી.આઈ. આકર્ષવામાં સફળ બન્યું છે.
- વિકાસની રાજનીતિનો નવો ઈતિહાસ રચી ગુજરાત દેશના વિકાસનું રોલમોડેલ બન્યું છે.
- ગુજરાત સમગ્ર દેશમાં રોજગારી પૂરી પાડવામાં અગ્રેસર છે.
- ઝીરો કાર્બન ઉત્સર્જન અને ગ્રીન એનર્જી ક્ષેત્રે સૌર ઊર્જાના ઉત્પાદનમાં ગુજરાતે આગેકૂચ કરી છે.
- ઈઝ ઓફ લિવિંગ અને જાનમાલની સુરક્ષા માટે ગુજરાત સરકાર અનેક જનહિતલક્ષી પ્રકલ્પો હાથ ધર્યા છે.
- આદિવાસી વિસ્તારોમાં પ્રવાસનને વેગ આપવા માટે સાપુતારાથી કેવડિયા સુધીની સર્કિટને ટૂરિઝમ કોરિડોરના રૂપમાં વિકસાવાશે.

(મુખ્યમંત્રીશ્રીએ વલસાડ ખાતે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પ્રસંગે આપેલા વક્તવ્યના અંશો)

# આકર્ષણ


10 સંદેશ

મુખ્યમંત્રીશ્રીનો પ્રજાજોગ સંદેશ

32 G-20 વિશેષ

34 વિકાસયાત્રા

39 નારી વંદના

42 વિશેષ

43 ગૌરવ

44 સિદ્ધિ

46 નિર્ણય

49 ક્રાંતિતીર્થ

આભરના શહીદોનું શૌર્ય સ્મારક... પાલ દઢવાવ - હરીશ પરમાર

50 ક્વિઝ




વાચકોનો અભિપ્રાય એ પત્રકારત્વનો પ્રાણ છે. તમારું માનીતું અને વિશ્વસનીય પાક્ષિક 'ગુજરાત' તમારા અભિપ્રાયના આધારે જ વધુ વાંચનક્ષમ અને રસપ્રદ બને છે. 'ગુજરાત' પાક્ષિકનો અંક કેવો લાગ્યો, તેની વાંચનસામગ્રી, ભાષા, વિચારો વગેરે વિશે તમારાં મંતવ્યો અમને મળે અને પાક્ષિકની વિકાસયાત્રા વધુ ગતિશીલ બને એ દિશામાં અમારો આ નમ્ર પ્રયાસ છે. આપનાં મંતવ્યો તંત્રીશ્રી, ગુજરાત પાક્ષિક કાર્યાલય, પ્રકાશન શાખા, બ્લોક નં. ૧૯, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામે સુવાચ્ય રીતે કાગળની એક બાજુ લખીને મોકલી આપવા વિનંતી છે.

- તંત્રી








6 વિકાસ વિશેષ

દેશનાં ૫૦૮ રેલવે સ્ટેશનના પુનઃ નિર્માણનો પ્રારંભ

8 અમદાવાદમાં આન, બાન અને શાન સાથે યોજાઇ ભવ્ય તિરંગા યાત્રા

9 ગાંધીનગરમાં રૂ. ૧ હજાર કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત





12 પર્વ

૭૭મા સ્વાતંત્ર્ય દિનની રાજ્યકક્ષાની વલસાડ ખાતે ઉજવણી





14 આદિજાતિ વિકાસ

રાજ્યના આદિજાતિ જિલ્લાઓને ૪૦૩૩ વિકાસકામોની ભેટ







28 વન વૈભવ

૭૪મા વન મહોત્સવની જેપુરા-પાવાગઢ ખાતે ઉજવણી





40 રાષ્ટ્રપ્રેમ

રાષ્ટ્રભક્તિને ઉજાગર કરતું એક અભિયાન 'મારી માટી, મારો દેશ'





45 નજરાણું

લોથલમાં વિશ્વનું સૌથી મોટું નેશનલ મેરિટાઇમ હેરિટેજ મ્યુઝિયમ બનશે - હિમાંશુ ઉપાધ્યાય



## સ્વાતંત્ર્ય પર્વ અને વિકાસ પર્વનો સુભગ સમન્વય...

ઓગસ્ટ એટલે ક્રાંતિનો મહિનો. દેશને સ્વતંત્ર બનાવવા માટે જીવની પણ પરવા ન કરીને દેશ માટે મરી ફીટવાની તમન્નાને આંખમાં આંજીને અનેક શહીદવીરોએ દેશને મહામૂલી આઝાદી અપાવી છે. દેશ માટે મરી ફીટનારા આવા હુતાત્માઓની શહીદી અને બલિદાનને યાદ કરી, તેમણે દેશ માટે આપેલા સ્વાર્પણને ચિરંજીવ બનાવવાના ઉદેશ્ય સાથે લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં "મારી માટી, મારો દેશ"નું અભિયાન દેશભરમાં ચાલી રહ્યું છે. આ સાથે, દેશમાં "હર ઘર તિરંગા" યાત્રાના માધ્યમથી યુવા પેઢી દેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના સાથે ઉત્સાહભેર જોડાઈ.

દેશ આઝાદીનો અમૃતકાળ ઉજવી રહ્યું છે. સમગ્ર વિશ્વએ ભારત તરફ આશાની મીટ માંડી છે, ત્યારે ભારત હવે સર્વાંગી વિકાસ સાધીને સુરાજ્ય તરફ તેજ રફતારથી આગળ ધપી રહ્યું છે. દેશની સાથે ગુજરાત સમાજજીવનના તમામ ક્ષેત્રોમાં ઝડપથી આગળ વધી રહ્યું છે.

આ વર્ષના રાજ્યકક્ષાના ૭૭ મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી વલસાડ ખાતે ઉમંગભેર કરવામાં આવી હતી. સ્વાતંત્ર્ય પર્વના પાવન અવસરે મુખ્યમંત્રીશ્રીએ વલસાડ જિલ્લાને રૂ. ૮૬૬ કરોડના વિકાસકાર્યોની ભેટ આપી હતી. આંતરમાળખાકીય સુવિધાઓનું સુનિયોજિત આયોજન અને નક્કર અમલીકરણની ભૂમિકા રાજ્યના સમગ્રતયા વિકાસમાં મહત્ત્વની છે. રસ્તા, રેલવે, હવાઈ કે સમુદ્ર માર્ગ હોય, યાતાયાતના તમામ ક્ષેત્રે ગુજરાતમાં ધ્યાનાકર્ષક કાર્યો થયા છે. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનાં ૨૧ રેલવે સ્ટેશનના પુનઃનિર્માણનો કાર્યારંભ કરાવ્યો. રૂ.૮૪૫ કરોડના ખર્ચે તૈયાર થનારા આ રેલવે સ્ટેશનોથી સામાન્ય નાગરિકોની સવલતોમાં વધારો થશે.

રાજ્ય સરકારે આદિવાસી સમાજના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે અમલમાં મૂકેલી 'વનબંધુ કલ્યાણ યોજના' મહત્ત્વપૂર્ણ સાબિત થઈ છે. વિશ્વ આદિવાસી દિવસે રાજ્યનાં ૧૪ જિલ્લાઓને રૂ. ૧૦૫૭ કરોડનાં વિકાસકાર્યોની ભેટ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આપી હતી. તાપી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ફરી એકવાર મુખ્યમંત્રીશ્રીના સહજ, સરળ અને સાલસ સ્વભાવનો નાગરિકોને અનુભવ થયો. તેમણે સામાન્ય નાગરિકો સાથે તેમના પરિવારના મોભીની જેમ ખબરઅંતર પૂછીને, તેમની સાથે વાર્તાલાપ કર્યો હતો. જેન્ડર બજેટની પહેલ કરનારા ગુજરાતે મહિલા સશક્તીકરણ માટે સ્વાસ્થ્ય, સુરક્ષા અને શિક્ષણનો ત્રિ-સ્તરીય વ્યૂહ અપનાવ્યો છે. 'નારી વંદના પખવાડિયા' અંતર્ગત તાજેતરમાં મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની મહિલાઓનાં સર્વાંગી વિકાસનો સંકલ્પ વ્યક્ત કરતાં રાજ્યની મહિલા ધારાસભ્યશ્રીઓને સ્થાનિક કક્ષાએ વિકાસ કાર્યો માટે રૂ.૧.૨૫ કરોડની વધારાની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કર્યો.

ગુજરાતમાં ઔદ્યોગિક મૂડીરોકાણકારોનો વિશ્વાસ સતત વધી રહ્યો છે. તેવી જ રીતે, પ્રવાસન ક્ષેત્રે ગુજરાત સાચા અર્થમાં 'ટૂરિસ્ટ ડેસ્ટિનેશન' બની રહ્યું છે. છેલ્લા એક વર્ષમાં ૧૭ લાખથી વધુ વિદેશી પ્રવાસીઓને આકર્ષીને સમગ્ર દેશમાં ગુજરાતે ડંકો વગાડ્યો છે. આરોગ્ય ક્ષેત્રે ગુજરાતે સાધેલી પ્રગતિનું વધુ એક પ્રમાણ તાજેતરમાં જોવા મળ્યું. અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે થયેલી ઉત્કૃષ્ઠ કામગીરી બદલ રાજ્યને રાષ્ટ્રીય સ્તરે બહુમાન પ્રાપ્ત થયું. કચ્છના સુખપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો એ સૌ ગુજરાતી બાંધવો માટે ગૌરવની વાત બની રહી.

ગુજરાતે એશિયાઇ સિંહના રક્ષણ અને સંવર્ધન માટે લીધેલાં પગલાંના પરિણામે સિંહની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. તેવી જ રીતે, હરણ સંવર્ધનનાં પગલાંથી ડાંગના જંગલોમાં ફરી એકવાર હરણની ચહલ-પહલ જોવા મળી છે.

પ્રસ્તુત અંકમાં, રાજ્યમાં થયેલા વિકાસની વાત, જનોપયોગી નિર્ણયો વણી લેવામાં આવ્યા છે. મને વિશ્વાસ છે કે, ગુજરાત પાક્ષિકનું આ સંસ્કરણ સુજ્ઞ વાચકબંધુઓને મહત્ત્વપૂર્ણ જાણકારી મેળવવા માટે ઉપયોગી બની રહેશે.

જય જય ગરવી ગુજરાત...

- ધીરજ પારેખ, આઈ.એ.એસ.
માહિતી નિયામક





## અમૃત ભારત સ્ટેશન યોજના અન્વયે ગુજરાતનાં ૨૧ સહિત
# દેશનાં ૫૦૮ રેલવે સ્ટેશનના પુનઃ નિર્માણનો પ્રારંભ

રેલવે સેવા એ દેશની જીવાદોરી છે. રોજબરોજ કરોડો મુસાફરોને તેમના ગંતવ્યસ્થાન સુધી પહોંચાડવાનું કાર્ય રેલવે કરે છે. આ સાથે, દેશના આર્થિક વિકાસમાં રેલવેની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણમાં કેન્દ્ર સરકારે રેલવેનો કાયાકલ્પ કરીને મુસાફરોને રેલવેનો શ્રેષ્ઠ અનુભવ આપવાનો નિર્ધાર કર્યો છે. આ નિર્ધાર પૂર્ણ કરવા શ્રેષ્ઠ ટ્રેનની સાથે શ્રેષ્ઠ રેલવે સ્ટેશનોને વિશ્વકક્ષાનાં બનાવવાના કાર્યનો તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શુભારંભ કરાવ્યો હતો. અમૃત ભારત સ્ટેશન યોજના અન્વયે નવી દિલ્હીથી વીડિયો કોન્ફરન્સ દ્વારા વડાપ્રધાનશ્રીએ દેશનાં ૫૦૮ રેલવે સ્ટેશનોના પુનઃનિર્માણ કાર્યનો શુભારંભ કરાવ્યો હતો. આ ૫૦૮ રેલવે સ્ટેશનોમાં ગુજરાતનાં ૨૧ સ્ટેશનોનો સમાવેશ થાય છે. આ યોજનાના કુલ રૂ. ૨૪ હજાર કરોડના ખર્ચ પૈકી ગુજરાતનાં ૨૧ રેલવે સ્ટેશનોના પુનઃનિર્માણ માટે રૂ.૮૪૫ કરોડનો ખર્ચ કરાશે. આ કાર્યારંભ પ્રસંગે વડાપ્રધાન શ્રી મોદીએ જણાવ્યું હતું કે, આટલી મોટી સંખ્યામાં રેલવે સ્ટેશનોનું આધુનિકીકરણ દેશમાં વિકાસ માટે નવું વાતાવરણ ઊભું કરશે અને આધુનિક સ્ટેશનો મુલાકાતીઓમાં સારી છાપ ઊભી કરશે. સ્ટેશનોનું આધુનિકીકરણ થવાથી પ્રવાસનને વેગ મળશે અને સાથે સાથે આસપાસના વિસ્તારોમાં આર્થિક પ્રવૃત્તિઓમાં વધારો પણ થશે. તેમણે જણાવ્યું હતું કે, 'વન સ્ટેશન, વન પ્રોડક્ટ' (એક સ્ટેશન, એક ઉત્પાદન) યોજના કલાકારોને મદદ કરશે અને જિલ્લાના બ્રાન્ડિંગમાં મદદરૂપ થશે.

કેન્દ્ર સરકાર દ્વારા નાગરિકોને ટ્રેનથી સ્ટેશન સુધી શક્ય શ્રેષ્ઠ અનુભવ આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેના ભાગરૂપે એક પછી એક જનહિતલક્ષી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. રેલવે સ્ટેશનોના પુનઃનિર્માણ કાર્યક્રમનો ગુજરાતમાં પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વમાં રેલવે સેવાઓ દેશની સંસ્કૃતિ, પર્યટન અને તીર્થસ્થાનને જોડવાનું મહત્ત્વપૂર્ણ યાતાયાતનું માધ્યમ બની છે. વડાપ્રધાનશ્રીનાં ૯ વર્ષના સુશાસનમાં દેશની માળખાકીય સુવિધાઓમાં ખાસ કરીને રેલવે, રોડ, હવાઈ સેવાઓના વિસ્તરણ સાથે વર્લ્ડ ક્લાસ સુવિધાઓ મળતી થઈ છે.

ગુજરાતમાં રેલવે સેવાઓના વિસ્તરણ તથા અન્ય માળખાકીય સુવિધાઓ માટે રૂ. ૩૦,૮૦૦ કરોડનાં કામો ચાલી રહ્યાં છે અને ૨૦૨૩-૨૪ના બજેટમાં વિક્રમજનક રૂ. ૮,૩૩૨ કરોડ વિકાસકામો માટે કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવ્યા છે.

તેમણે આ સંદર્ભમાં જણાવ્યું હતું કે, ભારતમાં નિર્મિત એવી મેઇક ઇન ઇન્ડિયા ૨૫ વંદે ભારત ટ્રેન દેશને વડાપ્રધાનશ્રીએ આપી છે, તેમાં બે ગુજરાતને મળી છે. એટલું જ નહીં, પ્રથમ બુલેટ ટ્રેનની કામગીરી પણ પ્રગતિમાં છે.



શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉમેર્યું હતું કે, પ્રવાસનને પ્રમોટ કરવા વિસ્ટાડોમ કોચ, ખેડૂતોની ખેતપેદાશો માર્કેટ સુધી પહોંચાડવા કિસાન રેલ આજે દોડી રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'અમૃત ભારત સ્ટેશન' યોજના દ્વારા દેશનાં રેલવે સ્ટેશનોને આઈકોનિક પ્લેસ બનાવવાનો સંકલ્પ કર્યો છે. ગુજરાતનાં સમગ્રતયા ૮૭ સ્ટેશનોને આનો લાભ મળવાનો છે. મુખ્યમંત્રીશ્રીએ વડોદરામાં નિર્માણ થઇ રહેલી ગતિશક્તિ યુનિવર્સિટી અને દાહોદમાં રેલવે એન્જિન ફેક્ટરી પુન: કાર્યરત થવામાં વડાપ્રધાનશ્રીના વિઝનની વિશદ છણાવટ કરી હતી.

આ અવસરે રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિભાઈ અમીને જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નવ વર્ષના કાર્યકાળ દરમિયાન દેશનાં તમામ ક્ષેત્રોમાં ખૂબ મોટું પરિવર્તન આવ્યું છે.

સાંસદ શ્રી કિરીટભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, ભારતીય રેલ આધુનિકીકરણની દિશામાં અને કેન્દ્ર સરકારના નવા ભારતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં ઝડપથી આગળ વધી રહી છે. સમગ્ર દેશમાં રેલવે સ્ટેશનોને આધુનિક બનાવવાનું કામ ઝડપી ગતિએ થઈ રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં રિ-ડેવલપ થનારા રેલવે સ્ટેશનમાં અસારવા, ભચાઉ, ભક્તિનગર, ભરૂચ, બોટાદ જંકશન, ડભોઇ જંક્શન, ડેરોલ જંક્શન, ધાંગધ્રા, હિંમતનગર, કલોલ જંક્શન, કેશોદ, મિયાગામ કરજણ જંક્શન, ન્યૂ ભુજ, પાલનપુર જંક્શન, પાટણ, પ્રતાપનગર, સંજાણ, સાવરકુંડલા, સુરેન્દ્રનગર, વિરમગામ, વિશ્વામિત્રી જંક્શનનો સમાવેશ થાય છે.

આ રેલવે સ્ટેશનમાં ઉપલબ્ધ થનાર સુવિધાની વાત કરીએ તો સ્ટેશનોનું પરિવર્તન રૂફ પ્લાઝા, શોપિંગ ઝોન, ફૂડ કોર્ટ, કિડ્સ પ્લે એરિયા વગેરેની સુવિધાઓ સાથે સિટી સેન્ટર તરીકે કરવામાં આવશે.

આ કાર્યક્રમ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, અમદાવાદ શહેરના મેયર શ્રી કિરીટભાઇ પરમાર, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી પ્રવીણા ડી. કે., ધારાસભ્યશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓ, ડીઆરએમ શ્રી સુધીરકુમાર શર્મા, રેલવેના અધિકારીઓ અને પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં. ●





## બોટાદને અત્યાધુનિક રેલવે સ્ટેશન મળશે



અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ આગામી સમયમાં ભાવનગર મંડળનાં ૧૭ રેલવે સ્ટેશનોનું પુન:નિર્માણ થશે. જે પૈકી બોટાદ રેલવે સ્ટેશનનો પણ પુન: વિકાસ થશે. આ કાર્યક્રમમાં સાંસદ ડૉ.ભારતીબહેન શિયાળે જણાવ્યું હતું કે, બોટાદના આંગણે શુભ અવસર આવ્યો છે. બોટાદનું રેલવે સ્ટેશન અપગ્રેડ થવા જઈ રહ્યું છે. ભાવનગર મંડળના બોટાદ સિવાય સિહોર, સોનગઢ અને પાલિતાણાનાં રેલવે સ્ટેશનોનું નવીનીકરણ થશે. આ કાર્યક્રમમાં ગઢડાના ધારાસભ્ય મહંત શ્રી શંભુપ્રસાદજી ટૂંડિયા, ધારાસભ્ય સર્વ શ્રી કાળુભાઈ ડાભી, શ્રી ઉમેશભાઈ મકવાણા, રેલવે વિભાગના અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## અમરેલીના ત્રણ સ્ટેશનનાં નવીનીકરણનો પ્રારંભ



અમરેલી જિલ્લાના ત્રણ સાવરકુંડલા, રાજુલા, દામનગર તથા ભાવનગર જિલ્લાનાં મહુવા એમ કુલ ચાર રેલવે સ્ટેશનની કાયાપલટ થશે. આ પ્રસંગે સાંસદ શ્રી નારણભાઈ કાછડિયાએ જણાવ્યું હતું કે, 'અમૃત ભારત સ્ટેશન યોજના' હેઠળ દેશભરમાં આવેલા ૧,૩૦૯ રેલવે મથકોની કાયાપલટ કરવામાં આવશે,જેમાં વિશ્વ કક્ષાની સુવિધાઓ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં વિધાનસભાના નાયબ મુખ્યદંડક શ્રી કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય સર્વ શ્રી મહેશભાઈ કસવાલા, હીરાભાઈ સોલંકી, જે. વી. કાકડિયા, જનકભાઈ તળાવિયા તથા પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# અમદાવાદમાં આન, બાન અને શાન સાથે યોજાઇ ભવ્ય તિરંગા યાત્રા

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે તાજેતરમાં અમદાવાદના ઘાટલોડિયા ખાતે 'મારી માટી, મારો દેશ' અભિયાન અંતર્ગત આન, બાન અને શાન સાથે યોજાયેલી ભવ્ય તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.

રાષ્ટ્રભક્તિનો અનેરા માહોલમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે, ૧૮૫૭ થી ૧૯૪૭ સુધીના ૯૦ વર્ષ સુધી આઝાદીનો સંઘર્ષ કર્યા બાદ આપણને મહામૂલી આઝાદી પ્રાપ્ત થઈ છે. આ માટે ભગતસિંહ, ખુદીરામ બોઝ, બાબુ કુંવરસિંહ સહિતના વીર સપૂતો અને ક્રાંતિકારીઓ વીરગતિ પામ્યા હતા. દેશના વીર સપૂતોના બલિદાન ખાલી બલિદાન માત્ર નથી, તેમના બલિદાન આપણી આવનારી પેઢી અને દેશ માટે જીવન જીવવાના સંસ્કાર છે.



'હર ઘર તિરંગા' અને 'મારી માટી, મારો દેશ' અભિયાન અંગે શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કુશળ નેતૃત્વમાં આવનારી યુવા પેઢી ભારતને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' બનાવવા માટે સમર્પિત બનશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું હતું કે, તિરંગો આપણી રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને એક ભારત, શ્રેષ્ઠ ભારતનું પ્રતિક છે. અમદાવાદીઓ તિરંગાના રંગે રંગાયેલા છે તેનું ભવ્ય ઉદાહરણ આ તિરંગાયાત્રા છે.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી. કે., ડેપ્યુટી મેયર શ્રી ગીતાબહેન પટેલ, મ્યુનિસિપલ કમિશ્નર શ્રી એમ. થેન્નારસન, ધારાસભ્યશ્રીઓ, સાંસદશ્રીઓ સહિત મોટી સંખ્યામાં જાહેર જનતા તિરંગા યાત્રામાં ઉપસ્થિત રહી હતી. ●

# કંડલામાં વિશ્વનો પ્રથમ નેનો DAP પ્લાન્ટ



કંડલામાં ઇફકો ખાતે રૂ.૩૫૦ કરોડના ખર્ચે તૈયાર થનારા વિશ્વના પ્રથમ નેનો DAP(પ્રવાહી) પ્લાન્ટનો શિલાન્યાસ કેન્દ્રીય ગૃહમંત્રી તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે કર્યો હતો.

ઇફકો પરિસરમાં નેનો DAP(પ્રવાહી) પ્લાન્ટનો શિલાન્યાસ કર્યા બાદ કેન્દ્રીય મંત્રીશ્રીએ ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે, ઇફકોના નવા પ્રવાહી ખાતરથી અનેકવિધ ફાયદા ખેડૂતો તથા ખેતીક્ષેત્રને થશે. નેનો DAP માત્ર છોડમાં જ રહે છે અને જમીનમાં નથી ઉતરતું. જેથી પાણી, જમીન પ્રદૂષિત નહીં થાય. વળી, તેનો ભાવ પણ ઓછો હોવાથી ખેડૂતોને આર્થિક ફાયદો થશે. સરકાર પર સબસિડીનો બોજ ઘટશે, યુરિયાની આયાત ઘટશે.

કેન્દ્રીય મંત્રીશ્રીએ પ્લાન્ટ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ યુનિટમાં ૫૦૦ એમ.એલ.ની બે લાખ બોટલ પ્રતિદિન ઉત્પાદિત થશે અને ખાતર ઉપર સરકાર દ્વારા અપાતી ૧૦ હજાર કરોડની સબસિડીનો બોજ પણ ઘટશે. રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, દેશની નવી હરિતક્રાંતિની દિશામાં નેનો પ્રવાહી ડી.એ.પી.નું ઉત્પાદન એ મોટું પગલું સહકારિતાના માધ્યમથી લેવાઈ રહ્યું છે. આ કાર્યક્રમમાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, ધારાસભ્ય શ્રી માલતીબેન મહેશ્વરી, ઇફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી, ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●

# ઉજ્જવળ પર્યાવરણ માટે વૃક્ષારોપણ

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ સાયન્સ સિટી નજીક કલ્હાર સોસાયટી ખાતે 'હરિયાળા વાવેતર થકી ઉજ્જવળ પર્યાવરણ' કાર્યક્રમ અંતર્ગત પીપળાનું વૃક્ષ વાવી વૃક્ષારોપણ કાર્યનો પ્રારંભ કરાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં અમદાવાદ અને ગાંધીનગરની ૪૦૦થી વધુ સોસાયટીઓમાં ૧૭ હજારથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. હરિયાળા ગુજરાતની વિભાવનાને સાર્થક કરતાં ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં જૂન-૨૦૨૩ થી અત્યાર સુધી કુલ ૧,૦૨,૧૨૩ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. ●



# ગાંધીનગરમાં રૂ. ૧ હજાર કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત



કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે તાજેતરમાં ગાંધીનગર મતવિસ્તાર સમાવિષ્ટ માણસા, રાંધેજા અને સરઢવમાં રૂ. એક હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું.


શ્રી શાહે માણસા ખાતે એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટ તથા હાઈમાસ્ટ પોલ, મોડેલ સબ રજીસ્ટ્રાર કચેરીનું લોકાર્પણ તથા ચંદાસર તળાવના બ્યુટીફિકેશનના કામનું નિરીક્ષણ કરવા સાથે, બાપુપુરા અને ચરાડા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કર્યું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ લેકાવાડામાં રૂ. ૪૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર એન.એસ.જી. સંકુલ, રાંધેજા-બાલવા-માણસાના ચારમાર્ગીય રોડ, રાંધેજા ખાતેની શેઠ શ્રી એન. એન. પટેલ સાર્વજનિક હોસ્પિટલ અને પ્રસૂતિ ગૃહના નવીનીકરણ કાર્ય, સરઢવ ગામની રેવાબાઈ જનરલ હોસ્પિટલના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરી, સરઢવમાં તૈયાર થયેલા શશીકલા ઉદ્યાનને ખુલ્લુ મુક્યું હતું. પ્રધાનમંત્રી આવાસ યોજના લાભાર્થીઓને કળશ અર્પણ કરી સુખમય જીવનની શુભેચ્છા પાઠવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા નવ વર્ષમાં સરકારે શહેરી વિકાસ ક્ષેત્રે ઊડીને આંખે વળગે તેવું કાર્ય કર્યું છે. આ સમય દરમિયાન મહાનગરોનાં વિસ્તરતા ક્ષેત્રોમાં રૂ.૬૭૪ કરોડના ૫૮૪ કામો મંજૂર કર્યા છે. બજેટમાં ૩૭%નો વધારો કર્યો છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ અમદાવાદની સોલા, ગાંધીનગર અને વડોદરાની ગોત્રી GMERS હોસ્પિટલને MRI મશીન અર્પણ કર્યા હતા.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, સાંસદ શ્રીમતી શારદાબેન પટેલ, ધારાસભ્ય સર્વશ્રી રીટાબેન પટેલ, અલ્પેશ ઠાકોર, લક્ષ્મણજી ઠાકોર, બલરાજસિંહ ચૌહાણ, હર્ષદભાઈ, જે.એસ.પટેલ, પદાધિકારીઓ અને અધિકારીઓ તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

## IITE: છઠ્ઠો પદવીદાન સમારોહ યોજાયો



ગાંધીનગર ખાતે યોજાયેલા આઈ.આઈ.ટી.ઈ.નાં પદવીદાન સમારોહમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ તેમજ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ૨,૯૨૭ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરી હતી. વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં કેન્દ્રીય મંત્રી શ્રી શાહે જણાવ્યું હતું કે, અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય તે સાચો ગુરુ. બાળકોને અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાન આપીને સંપૂર્ણ વ્યક્તિ-નાગરિક બનાવવાની જવાબદારી આપ સૌએ નિભાવીને સાચા માર્ગે લઈ જવા માર્ગદર્શક બનવાનું છે. બાળક આવનારા સમયમાં શ્રેષ્ઠ-પ્રબુદ્ધ નાગરિક બને એવા સંસ્કારોનું સિંચન માટે સૌએ સહિયારા પ્રયાસો કરવા માટે તેમણે ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, મહાન એ છે જે બીજાની સંવેદનાની અનુભૂતિ કરે છે. જેઓ દુનિયાના બની જાય છે અને દુનિયાને પોતાની બનાવી લે છે. આ અવસરે શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ, કુલપતિ શ્રી હર્ષદભાઇ પટેલ, ડીન, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ૭૭ મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો પ્રજાજોગ સંદેશ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૭૭ મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે પ્રજાજનોને સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, ભારત સ્વતંત્રતાના સાડા સાત દાયકા પૂરા કરી આજે વિશ્વમાં મોટા લોકતાંત્રિક રાષ્ટ્ર તરીકે ઉન્નત મસ્તકે ઊભું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની માટીમાં પાકેલા રત્નોની સ્મૃતિને ચિરંજીવ રાખવા 'મારી માટી, મારો દેશ'નું અભિયાન ઉપાડ્યું છે. તેમણે ૨૦૧૪માં દેશનું શાસન દાયિત્વ સંભાળ્યું ત્યારથી જ દરેક નીતિ ઘડતરમાં - 'નેશન ફર્સ્ટ'નો ભાવ અડગ રાખ્યો છે. દેશમાં વિકાસની રાજનીતિનો એક નવો ઈતિહાસ વડાપ્રધાનશ્રીએ ૯ વર્ષમાં રચ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ પાઠવેલ પ્રજાજોગ સંદેશ અક્ષરશ: નીચે મુજબ છે...



બ્રિટિશરોની ગુલામી સામે જંગ છેડીને, સંઘર્ષ કરીને, લાઠી-ગોળી ખાઈને આપણી મા ભારતીને સ્વતંત્રતા અપાવનારા શહીદવીરો, ક્રાંતિવીરોનું પુણ્ય સ્મરણ કરવાનો આ અવસર છે. વીર સાવરકર, શ્યામજી કૃષ્ણ વર્મા, સરદાર સિંહ રાણા, સુખદેવ, રાજગુરૂ, ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ, ખુદીરામ બોઝ, મહાત્મા ગાંધી અને સરદાર પટેલ જેવા અનેક સપૂતો આ દેશની માટીએ આપ્યા છે. જેમણે આપેલા બલિદાન અને ત્યાગની પરિપાટીએ ભારત આજે લોકશાહી રાષ્ટ્ર તરીકે વિશ્વની મહાસત્તાઓમાં સ્થાન પામ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની માટીમાં પાકેલા આવા રત્નોની સ્મૃતિને ચિરંજીવ રાખવા 'મારી માટી, મારો દેશ'નું અભિયાન ઉપાડ્યું છે. ૩૦ ઓગષ્ટ સુધી ચાલનારું આ અભિયાન આઝાદીના અમૃત મહોત્સવની પૂર્ણાહૂતિને વધુ જાનદાર અને શાનદાર બનાવશે.

દેશની માટીને નમન, વીરોને વંદન સાથે માતૃભૂમિને નમન અને દેશના સપૂતોને શ્રદ્ધાંજલિ આપનારું આ અનોખું અભિયાન જન જનમાં રાષ્ટ્રભાવના ઝંકૃત કરવાનું છે.

યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આ અભિયાનમાં દેશના અઢી લાખથી વધુ ગામોની માટી એકઠી કરીને દેશની રાજધાની દિલ્હીના કર્તવ્યપથ સુધી લાવી 'અમૃત મહોત્સવ સ્મારક' અને 'અમૃત વાટિકા'નું નિર્માણ થવાનું છે. ગુજરાત તો આઝાદી જંગમાં અગ્રેસર રહેલું રાજ્ય છે. આ જ ભૂમિના-આપણી જ માટીના સપૂતોની વંદના અને પુણ્ય સ્મરણ કરીને 'મારી માટી, મારો દેશ' અભિયાનને જ્વલંત સફળતા અપાવવાનો આપણો સંકલ્પ છે.

ભાઈઓ-બહેનો, સ્વરાજ્ય મળ્યાના ૭૫ વર્ષનો ઉત્સવ સૌ માટે ગૌરવપૂર્ણ હોય તે સ્વાભાવિક છે. એમાંય ગુજરાત માટે આ અવસર વિશેષ ગૌરવમય છે. કેમ કે, સ્વરાજ્ય પ્રાપ્તિ માટેનો અહિંસક જંગ ગુજરાતના બે પનોતા પુત્રો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને લોહપુરુષ સરદાર પટેલની આગેવાનીમાં લડાયો હતો. સ્વરાજ્ય મળ્યાના દાયકાઓ પછી હવે ગુજરાતની ધરતીના ગૌરવ સંતાન વિશ્વ નેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભારતે સુરાજ્ય-ગુડ ગવર્નન્સનો આગવો પથ કંડાર્યો છે.

દેશમાં સર્વસમાવેશી, સર્વપોષી અને સર્વસ્પર્શી વિકાસની સંસ્કૃતિ વિકસી છે. દેશમાં તમામ નાગરિકો માટે સમાનતા અને તકો ઊભી કરવાની પ્રતિબધ્ધતા સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણને સમર્પિત રહી છે.

કલ્યાણ યોજનાઓના કેન્દ્રમાં ગરીબ, વંચિત, પીડિત અને છેવાડાનાં માનવીના હિતને પ્રાથમિકતા આપી છે.

નવ વર્ષના તેમના સુશાસનમાં ભારત દેશ વિશ્વની પાંચમી મોટી અર્થવ્યવસ્થા ધરાવતો દેશ બન્યો છે.

વંચિત વર્ગોનું સશક્તીકરણ હોય કે દેશનું સાંસ્કૃતિક સંરક્ષણ - ભારત આજે વિશ્વને માર્ગ ચિંધનારા રાષ્ટ્ર તરીકે ઊભરી આવ્યું છે. ગુજરાતને શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપનો લાભ બે-અઢી દાયકાથી મળતો રહ્યો છે. તેમનાં દૃષ્ટિવંત નેતૃત્વને પરિણામે ભારતને જી-ટ્વેન્ટી પ્રેસિડેન્સીની યજમાની મળી છે. ગુજરાતને આ સમિટની ૧૬થી વધુ બેઠકોનાં આયોજનનું ગૌરવ તેમણે અપાવ્યું છે.

આઝાદીનું ૭૭મું પર્વ આપણે ઉજવી રહ્યા છીએ ત્યારે મારે આપને કહેવું છે કે, આ એક વર્ષમાં ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે. ખેતી અને ખેડૂતોના વિકાસને અમે હંમેશા અગ્રીમતા આપી છે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે દેશી ગાય નિભાવ ખર્ચ યોજના હેઠળ ૧.૬૮ લાખથી વધુ ખેડૂતોને આશરે રૂ.૯૦ કરોડની સહાય આપી છે. રાજ્યમાં પોણા આઠ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે.

- **ભારત સ્વતંત્રતાના સાડા સાત દાયકા પૂરા કરી આજે વિશ્વમાં મોટા લોકતાંત્રિક રાષ્ટ્ર તરીકે ઉન્નત મસ્તકે ઊભું છે.**
- **આયુષ્યમાન ભારત યોજનાની કુટુંબદીઠ સહાય રૂ. ૫ લાખથી વધારીને રૂ. ૧૦ લાખ કરી છે.**
- **ગુજરાત ૩૩ ટકા નિકાસ સાથે સમગ્ર દેશમાં પ્રથમ**
- **ઇઝ ઓફ લિવિંગ સાથે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ દ્વારા ગુજરાતને બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ બનાવ્યું છે.**

રેશનની દુકાનમાંથી "શ્રી અન્ન" ને પ્રોત્સાહન આપવા બાજરી અને જુવારનું વિતરણ અમે શરૂ કર્યું છે. ૭૧ લાખ કુટુંબોને દર મહિને કુટુંબદીઠ ૧ કિલો ચણાનું રાહતદરે વિતરણ તથા ઘઉં તથા ચોખાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. આદિમજૂથોના સર્વાંગી વિકાસ માટે 'મુખ્યમંત્રી આદિમજાતિ સર્વાંગી ઉત્કર્ષ' યોજના શરૂ કરી છે.

આયુષ્યમાન ભારત યોજના હેઠળની સહાય આપણે કુટુંબદીઠ રૂ. ૫ લાખથી વધારીને રૂ. ૧૦ લાખ કરી છે. રાજ્યના દરેક જિલ્લામાં એક મેડિકલ કોલેજ સ્થાપવાની દિશામાં આ વર્ષે અરવલ્લી, છોટાઉદેપુર, મહિસાગર અને ડાંગ એમ ચાર નવી મેડિકલ કોલેજો શરૂ કરવાના છીએ. વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં આપણે ગુજરાતને ટ્રાન્સપરન્ટ, એફિશિયન્ટ અને રિસ્પોન્સિવ ગવર્નન્સનું રોલમોડલ બનાવ્યું છે.

ટેકનોલોજીનો વધુને વધુ ઉપયોગ કરીને સિટિઝન સેન્ટ્રીક સર્વિસીસની ડિલિવરી ફાસ્ટ કરી છે. ગામડાઓમાં સ્માર્ટ અને સસ્ટેનેબલ માળખાકીય સુવિધાઓ વિકસાવવા સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજના શરૂ કરી છે અને પાંચ-પાંચ લાખના પુરસ્કાર જાહેર કર્યા છે.

રાજ્યનાં નગરો-શહેરોમાં ૪૦ જેટલી સેવાઓ એક જ સ્થળેથી લોકોને સરળતાથી આપવા સિટી સિવિક સેન્ટર્સ શરૂ કર્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સામાન્ય માનવીની રજૂઆતો-ફરિયાદોના નિવારણ માટે ટેકનોલોજીનો ઉપયોગ 'સ્વાગત' ઓનલાઈન દ્વારા બે દાયકાથી શરૂ કરાવ્યો છે. 'સ્વાગત' તો ગ્રીવન્સીસ રિડ્રેસલનું એક આગવું મોડલ બન્યું છે. હવે લોકોને પોતાની ફરિયાદો કે રજૂઆતો માટે સરકારી કચેરીમાં આવવું નથી પડતું એવી જ્વલંત સફળતા 'સ્વાગત' થી મળી છે. આપણે તેમાં એક ડગલું આગળ વધીને સ્માર્ટ ગવર્નન્સ સાકાર કરવા CMO વોટ્સએપ બોટ, ગ્રીવન્સીસ રિડ્રેસલ મોનિટરીંગ સિસ્ટમ જેવા નવતર અભિગમ અપનાવ્યા છે. લોકો પોતાના પ્રશ્નો-સમસ્યાના નિવારણના ફિડબેક આપી શકે તે હેતુથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ FACEBOOK, INSTAGRAM અને KOOને સ્વાગત સાથે જોડ્યાં છે.

ઇઝ ઓફ લિવિંગ સાથે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ દ્વારા ગુજરાતને બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ બનાવ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને બિઝનેસ અને ઇન્ડસ્ટ્રિયલ ઇન્વેસ્ટમેન્ટના વર્લ્ડ મેપ પર મૂકવા શરૂ કરેલી વાઇબ્રન્ટ સમિટ આજે બેન્ચમાર્ક બની ગઈ છે. જાન્યુઆરી-૨૦૨૪માં વાઇબ્રન્ટ સમિટની ૧૦મી કડી યોજવાના છીએ.

શાંત અને સલામત ગુજરાત ઉત્તમ આંતરમાળખાકીય સુવિધાઓ, પોલિસી ડ્રિવન સ્ટેટ, સ્કિલ્ડ લેબર ફોર્સ, વીજળી-પાણીની ઉપલબ્ધિ વગેરેને કારણે દુનિયાભરના રોકાણકારો માટે પ્રથમ પસંદગીનું સ્થાન બન્યું છે. ગુજરાત ૩૩ ટકા નિકાસ સાથે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે.

ભારતને સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગ્લોબલ હબ બનાવવાના વડાપ્રધાનશ્રીના લક્ષ્યની દિશામાં સેમિકન્ડક્ટર ચીપ મેન્યુફેક્ચરિંગનો દેશનો પ્રથમ પ્લાન્ટ ગુજરાતમાં સ્થપાવાનો છે. કેન્દ્ર-રાજ્યના સંયુક્ત પ્રયાસોથી ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. આ અમૃતકાળને રાજ્ય અને રાષ્ટ્રના ભાવિ વિકાસનો અમૃતકાળ બનાવવો છે.

વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૪૭માં દેશની આઝાદીની શતાબ્દીને વિકાસની સદી બનાવવા અને સ્વાતંત્ર્યવીરોના સપનાનું ભારત બનાવવા પંચ પ્રણનું આહવાન કર્યું છે. તેમણે આ આ પંચ પ્રણના પ્રથમ પ્રણ તરીકે વિકસિત ભારતના નિર્માણનો કોલ આપ્યો છે. ગુજરાત વિકસિત ભારતના અર્થતંત્રની આધારશિલા બનશે. બીજો સંકલ્પ તેમણે ગુલામીના દરેક અંશથી મુક્તિ મેળવવાનો આપ્યો છે. આ માટે આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત માટે પ્રતિબદ્ધ થઈએ.

દેશની વિરાસતોનું ગૌરવ કરીને અને આપણું નાગરિક દાયિત્વ નિભાવીને એકતા-અખંડિતતા બરકરાર રાખીને માં ભારતીને પરમ વૈભવના શિખરે બિરાજિત કરવાનો સંકલ્પ કરીએ. આઝાદીનું આ પર્વ આપણા ગુજરાતને દેશનું અગ્રિમ રાજ્ય બનાવવાનું સંકલ્પ પર્વ બને એ જ અપેક્ષા છે.

વંદે માતરમ... ભારત માતા કી જય... જય જય ગરવી ગુજરાત...



### ૭૭મા સ્વાતંત્ર્ય દિનની રાજ્યકક્ષાની વલસાડ ખાતે ઉજવણી

# અમૃતકાળને કર્તવ્યકાળ બનાવવા ગુજરાત પ્રતિબધ્ધ

૭૭મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ગરિમામય ઉજવણી વલસાડ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ ધ્વજવંદન અને રાષ્ટ્રવંદના કર્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ડાંગ જિલ્લાના ૨૭૮ ગામોને પીવાનું પાણી પૂરું પાડવા માટેની યોજનાની જાહેરાત કરી હતી.

વલસાડમાં ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમૃતકાળને કર્તવ્યકાળ બનાવવા આપેલા પંચ પ્રણમાં ગુજરાત ઉત્કૃષ્ટ યોગદાન આપવા પ્રતિબધ્ધ છે. આઝાદી-સ્વરાજ્ય માટે જીવન ખપાવી દેનારા વીર શહીદોના ભારત માતાને પરમ વૈભવના શિખરે બિરાજીત કરવાના સ્વપ્નને વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં હવે દેશ સુરાજ્ય-ગુડ ગવર્નન્સને ચરિતાર્થ કરી રહ્યો છે.

''મારી માટી, મારો દેશ'' અભિયાન અને રાષ્ટ્રની અસ્મિતાના ગૌરવ ઉજાગર કરવાના માર્ગે ચાલીને ગુજરાત અમૃતકાળમાં વિકસિત ભારતના નિર્માણ માટે અગ્રેસર રહેવા સંકલ્પબધ્ધ બન્યું છે. ગરીબ અને જરૂરતમંદ વર્ગો માટે પાયાની સુવિધા સહિત સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, વિશ્વકક્ષાની આંતરમાળખાકીય સુવિધાનો વિકાસ, કૃષિ, ઉદ્યોગ અને સેવાક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીથ ગ્રોથ એમ પાંચ વિકાસ સ્તંભની તેમણે વિસ્તૃત ભૂમિકા આપી હતી.

પર્યાવરણ સાથે સંતુલન સાધીને વિકાસનો-ગ્રીન ગ્રોથનો વડાપ્રધાનશ્રીએ આપેલ મંત્ર સાકાર કરવા ગુજરાત પ્રતિબદ્ધ છે. ગરવું ગુજરાત, ગતિશીલ ગુજરાત, ગુણવંતુ ગુજરાત અને ગ્લોબલ ગુજરાત એમ ૪Gમાં હવે ગ્રીન ગુજરાતથી ૫G બનાવવાનો નિર્ધાર મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ ડાંગ જિલ્લાના ૨૭૮ ગામોની ભવિષ્યની વસ્તીને સરફેસ સોર્સ આધારિત પીવાનું પાણી પૂરું પાડવા માટે રૂ. ૮૬૬ કરોડની યોજના મંજૂર કરી છે. જે કાકરાપાર વિયરના ઉપરવાસમાં ઇન્ટેકવેલ બનાવી ૮૫ કિ.મી. લાંબી બલ્ક પાઇપલાઇનથી અંદાજે ૩.૭૧ લાખ આદિજાતિ વસ્તીને રોજનું ૩૮ એમ.એલ.ડી. પાણી પહોંચાડવામાં આવશે.

આદિજાતિ યુવાઓને ઘરઆંગણે મેડિકલ શિક્ષણ આપવા રાજ્ય સરકારે વલસાડ, દાહોદ, રાજપીપળા, ગોધરા જેવા વનવાસી વિસ્તારો સહિત ૮ મેડિકલ કોલેજો શરૂ કરી છે. રાજ્યના યુવાનો ઉચ્ચ અભ્યાસ કરીને આગળ વધી શકે તે માટે 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના' અંતર્ગત અત્યાર સુધીમાં ૪ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૧,૮૦૦ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે.

ગુજરાતમાં સલામતી, શાંતિ અને સુરક્ષાનું વાતાવરણ વધુ મજબૂત બનાવવાના લક્ષ્ય સાથે કામ કરી રહી હોવાનું જણાવતા ઉમેર્યું હતું કે, રાજ્યના પોલીસ દળનું મનોબળ વધારીને અસામાજિક તત્વો અને ડ્રગ્સ પેડલરો સહિત ગુનાખોરી અને ગુનાખોરો સામે "ઝીરો ટોલરન્સ"ની નીતિ અપનાવી છે. ગરીબ નાગરિકોને વ્યાજખોરોની ચુંગાલમાંથી બચાવવા રાજ્ય સરકારે ૪ હજાર જેટલા લોક દરબાર યોજ્યા હતા. તેમજ ૨૨ હજારથી વધુ જરૂરિયાતમંદોને સ્વરોજગાર માટે લોન આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષે ગુજરાત પર ત્રાટકેલા બિપરજોય વાવાઝોડા દરમ્યાન ગુજરાત સરકારે કરેલી સઘન કામગીરીનો

ચિતાર આપતા જણાવ્યું હતું કે, વાવાઝોડાની વિકટ સ્થિતિમાં ૧ લાખથી વધુ લોકોને સમયસર સલામત આશ્રયસ્થાનો પર પહોંચાડીને ઝીરો કેઝ્યુલ્ટિ સુનિશ્ચિત કરવામાં સફળતા મળી હતી.

ગુજરાત આજે વિશ્વભરનાં રોકાણકારો માટે પ્રથમ પસંદગીનું સ્થળ બની ગયું છે. રાજ્યની પોતાની સેમિકન્ડક્ટર પોલિસી જાહેર કરી, સેમિકન્ડક્ટર ક્ષેત્રે એફ.ડી.આઈ. આકર્ષવામાં સફળ બન્યું છે. આ સાથે, નવસારીના વાંસી બોરસી ખાતે ૧૧૪૧ એકરમાં અત્યાધુનિક પી.એમ મિત્ર પાર્કની રૂપરેખા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

આ વેળાએ બાળકો દ્વારા ડાંગી નૃત્ય, ગરબા અને પોલીસ દ્વારા વિવિધ કરતબો રજૂ કરાયા હતા. આ પ્રસંગે મુખ્ય સચિવશ્રી રાજકુમાર, સાંસદ ડૉ. કે.સી.પટેલ, ધારાસભ્ય સર્વશ્રી જીતુભાઈ ચૌધરી, ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રે, સહિત જિલ્લાના અગ્રણી મહાનુભાવો અને નાગરિકો, જિલ્લા વહીવટી તંત્રના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### 'ધન્ય ધરા વલસાડી' સાંસ્કૃતિક કાર્યક્રમ

"વલસાડ જિલ્લાના વાપી, ઉમરગામ, સરીગામ ઔદ્યોગિક વિસ્તારો ગુજરાતના ઔદ્યોગિક વિકાસના ગેટ વે બન્યા છે" એમ ૭૭મા સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ વલસાડના વાપી ખાતે આયોજિત રંગારંગ 'ધન્ય ધરા વલસાડી' સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વલસાડ જિલ્લાને રૂ.૧૩૮ કરોડના ૧૮ વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું. જેમાં તેમણે જિલ્લામાં વિવિધ યોજનાઓ અંતર્ગત રૂ.૧૦૦ કરોડના ૧૩ કામોનું ઈ-ખાતમુહૂર્ત અને રૂ.૩૮ કરોડના ૫ કામોનું ઈ-લોકાર્પણ કરી વિકાસ કાર્યોની ભેટ ધરી હતી. મુખ્યમંત્રીશ્રીએ નગરપાલિકા અને ગ્રામીણ વિસ્તારો માટે રૂ.પાંચ કરોડના ચેક અર્પણ કર્યા હતાં.

આ પ્રસંગે નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વમાં વલસાડના દરિયાકિનારાને વિકસિત કરવા માટે નાણાકીય જોગવાઈઓ ઉપરાંત આદિવાસી વિસ્તારોમાં પ્રવાસનને વેગ આપવા માટે સાપુતારાથી કેવડિયા સુધીની સર્કિટને ટુરિઝમ કોરિડોરના રૂપમાં વિકસાવવામાં આવી રહી છે.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે વલસાડ જિલ્લામાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ, શિક્ષણ, સાહિત્ય, આદિજાતિ વિકાસ, પ્રકૃતિના સંરક્ષણ અને રમતગમત ક્ષેત્રે વિશેષ કામગીરી કરનાર કર્મયોગીઓને બિરદાવવામાં આવ્યા હતા.

આ વેળાએ ધન્ય ધરા વલસાડી થીમ પર દેશભક્તિ, વલસાડની અસ્મિતાને ઉજાગર કરતા રંગારંગ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરીને ૨૭૦ કલાકારોએ ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાય, સાંસદ ડૉ. કે.સી.પટેલ, ધારાસભ્ય સર્વશ્રી જીતુભાઈ ચૌધરી, ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ સહિત નાગરિકો, જિલ્લા વહીવટી તંત્રના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



૭૭ મા સ્વાતંત્ર્ય પર્વની સંધ્યાએ રાજભવન સંકુલમાં નવનિર્મિત મહર્ષિ દયાનંદ સભામંડપમાં સૌપ્રથમ વખત ઐતિહાસિક 'એટ હોમ' કાર્યક્રમનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્વાતંત્ર્ય પર્વે રાજ્યના આગેવાનો, નાગરિકો સાથે શુભેચ્છાઓની આપ-લે કરી હતી.

### વલસાડનાં વિકાસકાર્યોની વિગત...

- ઉમરગામ તાલુકાના વલવાડા ખાતે રૂ. ૪૮.૩૪ કરોડના ખર્ચે બ્રિજ, વલસાડમાં રૂ.૧૦.૯૧ કરોડના ખર્ચે સરકારી ગર્લ્સ હોસ્ટેલ બનાવવામાં આવશે.
- ધરમપુરમાં રૂ. ૨૨.૫૦ કરોડ, પારડીમાં રૂ. ૧૩.૬૮ કરોડ અને ઉમરગામમાં રૂ. ૧.૦૫ કરોડના ખર્ચે અંડરગ્રાઉન્ડ વીજ કેબલની કામગીરીનું લોકાર્પણ.
- નેશનલ હાઈવેના રૂ. ૩૫.૭૫ કરોડના કામોનું ઈ- ખાતમુહૂર્ત. જેમાં ધમડાચી ખાતે રૂ. ૨૪ કરોડના ખર્ચે વાહન અંડરપાસ તેમજ વલસાડ, પારડી અને વાપીમાં રૂ. ૧૧.૭૫ કરોડના ખર્ચે કુલ ૬ સ્થળોએ ફ્લાયઓવરનું નિર્માણ થશે.
- ધરમપુરના નાની ઢોલડુંગરી અને મોટાપોંઢા, પારડીના મોટા વાઘછીપા અને કપરાડાના તુતરખેડમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નિર્માણ થશે. જ્યારે કપરાડાના જોગવેલ અને ઓઝરડા ખાતે પેટા આરોગ્ય કેન્દ્રના લોકાર્પણથી બે ગામના ૯ હજાર લોકોને આરોગ્ય સુવિધા મળશે.

# વિશ્વ આદિવાસી દિવસ

## રાજ્યના આદિજાતિ જિલ્લાઓને ૪૦૩૩ વિકાસકામોની ભેટ



# ‘વિશ્વ આદિવાસી દિવસ’ની તાપી ખાતે ઉજવણી

ગુજરાતમાં બે દાયકા પૂર્વે રાજ્યના સર્વાંગી વિકાસની શરૂઆત થઈ. ‘સૌનો સાથ, સૌનો વિકાસ’ના મંત્ર સાથે શરૂ થયેલી ગુજરાતની વિકાસયાત્રામાં વંચિતો, પીડિતો, શોષિતો, મહિલાઓ તથા આદિજાતિ સમાજના વિકાસ માટે વિશેષ પ્રયાસ કરવામાં આવ્યો. આ પ્રયાસના ભાગરૂપે ગુજરાતના ઇતિહાસ, સંસ્કૃતિમાં વિશેષ સ્થાન ધરાવતા આદિજાતિ સમાજના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વમાં આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે શરૂ કરાયેલી યાત્રાને વર્તમાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વધુ તેજ રફતારથી આગળ ધપાવી રહ્યા છે.

રાજ્ય સરકારે આદિજાતિ સમાજના ઉત્કર્ષ માટે વિવિધ પ્રકલ્પો, જરૂરી નીતિ વિષયક નિર્ણયો કર્યા છે. રાજ્ય સરકારે આદિજાતિ સમાજ માટે કરેલાં કાર્યોની પ્રતીતિ પ્રત્યેક આદિવાસીબંધુઓને થઈ રહી છે. રાજ્ય સરકારે વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ રૂપિયા એક લાખ કરોડની જોગવાઈ કરી છે. રાજ્ય સરકાર દ્વારા આદિજાતિ પરિવારોને માળખાકીય સુવિધાઓ, પાકા રસ્તાઓ, શૈક્ષણિક સવલતો, પીવાનું શુદ્ધ પાણી, આરોગ્ય સુવિધા, આદિજાતિ ખેડૂતોનો વિકાસ, જમીન વિહોણા પરિવારોને જમીનના હકકો આપીને સમગ્રતયા વિકાસની દિશામાં મક્કમ પગલાઓ લીધાં છે. આદિજાતિ વિસ્તારમાં વિકાસની આ યાત્રા અવિરત ચાલુ છે. તાજેતરમાં ૯ ઓગસ્ટ ‘વિશ્વ આદિવાસી દિવસ’ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના આદિજાતિ જિલ્લાઓને રૂ.૧,૦૫૭ કરોડથી વધુ રકમના ૪,૦૩૩ જેટલાં વિવિધ વિકાસકામોની ભેટ આપી હતી.

દક્ષિણ ગુજરાતના તાપી જિલ્લાના ગુણસદામાં આયોજિત રાજ્ય કક્ષાના ‘વિશ્વ આદિવાસી દિવસ’ની ઉજવણી અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આદિજાતિ પેટા યોજના અંતર્ગત રૂ.૪૧૯ કરોડના ખર્ચે નિર્માણ થનારા ૨,૪૪૬ કરોડનાં કામોના ઇ-ખાતમુહૂર્ત અને રૂ. ૬૩૭ કરોડનાં ૧૫૮૭ કામોનાં ઇ-લોકાર્પણ કર્યાં હતાં. તેમજ આદિજાતિ પેટા યોજના અંતર્ગત ૧.૨૫ લાખથી વધુની આદિજાતિ વિદ્યાર્થીઓને રૂ. ૨૧ કરોડથી વધુની શિષ્યવૃત્તિ અને સહાય લાભનું વિતરણ કર્યું હતું તેમજ ૧,૮૫૬ કુટુંબોને રૂ.૧૫ કરોડથી વધુ રકમની આવાસ સહાય એનાયત કરવામાં આવી હતી.

તાપી જિલ્લાનાં સરહદી ગામોની તાજેતરમાં લીધેલી મુલાકાતનાં સંસ્મરણો વાગોળતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારનો વિકાસ વડાપ્રધાનશ્રીની દીર્ઘદૃષ્ટિને આભારી છે. ખાસ કરીને ઉચ્ચશિક્ષણ અને રમતગમત ક્ષેત્રે આજે જે સિદ્ધિઓ સમાજ જોઈ રહ્યો છે તે વડાપ્રધાનશ્રીના પ્રયાસોને કારણે શક્ય બન્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આદિવાસી ઉત્કર્ષની યોજનાઓની ફળશ્રુતિરૂપે આજે ડોક્ટર, એન્જિનિયર અને પાઇલટ જેવા ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા આદિવાસી સમાજના યુવા વિદ્યાર્થીઓને સહાય મળી રહી છે. તમામ ક્ષેત્રે આદિવાસી દીકરા-દીકરીઓ ઉચ્ચ કારકિર્દી ઘડવામાં સફળ રહ્યાં છે. અનેકવિધ વિકાસ યોજનાઓ દ્વારા મળેલા લાભોથી આદિવાસી સમાજનો સર્વાંગીણ વિકાસ થયો છે અને આદિજાતિ વિસ્તારોની કાયાપલટ થઈ છે.

મુખ્યમંત્રીશ્રીએ કરોડો રૂપિયાની બજેટ જોગવાઈ સાથે આ ડબલ એન્જિનની સરકાર વંચિતોના વિકાસ માટે સમર્પિત છે તેમ જણાવતાં રાજ્ય સરકાર



વતી સૌને 'વિશ્વ આદિવાસી દિવસ'ની શુભકામનાઓ પાઠવી હતી. આદિજાતિ શહીદવીરો, સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરી, આઝાદી અને રાષ્ટ્ર વિકાસમાં તેમના ગૌરવશાળી યોગદાનની સ્મૃતિ તાજી કરી હતી. માનગઢ અને પાલ- દઢવાવના ઈતિહાસની ગાથાને પણ તેમણે ઉજાગર કરી હતી.

આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે આદિવાસી બાંધવોને સમાજની મુખ્યધારામાં લાવવા માટે વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ રૂપિયા એક લાખ કરોડની માતબર રકમની જોગવાઈ કરી છે. મુખ્યમંત્રીશ્રીના પારદર્શી નેતૃત્વમાં ૧.૦૩ લાખ આદિવાસીઓ-માતા બહેનોને ૧૪ લાખ એકરની જંગલ જમીનના માલિકી હક્કો આપ્યા છે. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રૂ.૧૭ હજાર કરોડ માત્ર પાંચ વર્ષના બજેટમાં ફાળવ્યા હતા. ઉપરાંત,




રાજ્ય સરકારે આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટેની 'વન બંધુ કલ્યાણ યોજના-૨' હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ સુધીમાં રૂ. ૧ લાખ કરોડની અંદાજપત્રીય જાહેરાત કરી હતી એમ જણાવી, રાજ્યના સૌ આદિજાતિ નાગરિકોને આદિવાસી દિનની શુભેચ્છાઓ પાઠવી હતી.

આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે આદિવાસીઓના સમગ્રતયા વિકાસનો અભિગમ અપનાવી ગુણવત્તાસભર શિક્ષણ, કૌશલ્યવર્ધન સાથે રોજગારી તથા આરોગ્યની પર્યાપ્ત સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે.

આ પ્રસંગે મહાનુભાવો સહિત રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગના સચિવ શ્રી મુરલીકૃષ્ણા, આદિજાતિ કમિશનર શ્રી સુમિત ગુલાટી, કલેક્ટર ડૉ. વિપિન ગર્ગ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વી.એન.શાહ પદાધિકારીઓ - અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં આદિજાતિ પરિવારો સહભાગી થયા હતા. ●

### મુખ્યમંત્રીશ્રીની આગવી સહજતા

## PMAYના લાભાર્થીના ઘરે પરંપરાગત આદિવાસી ભોજન કર્યું



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગવી સહજતા અને મૃદુ સ્વભાવની અનુભૂતિ ફરી એક આદિજાતિ પરિવારને થઈ હતી. મુખ્યમંત્રીશ્રીએ બપોરનું ભોજન લેવા સોનગઢ તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજના(PMAY)ના આદિજાતિ મહિલા લાભાર્થી સોનલબહેન પવારના ઘરે પહોંચી જમીન પર બેસીને તાપી જિલ્લાના અસ્સલ આદિવાસી ભોજનનો સ્વાદ માણ્યો હતો. સોનલબહેને મુખ્યમંત્રીશ્રીની ભોજન થાળીમાં જાડાધાન - મિલેટ્સની વાનગીઓ ભાવથી પીરસી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સ્વાદિષ્ટ ભોજનથી પેટ ભરાઈ ગયું પણ મન ભરાયું નથી. આવા અતિ સ્વાદિષ્ટ અને જાડાધાનની વાનગીઓના જમણનો સ્વાદ માણવા વારંવાર તાપી આવવું પડશે. મુખ્યમંત્રીશ્રીએ આદિજાતિ લાભાર્થી સોનલબહેને PMAYમાં મળેલા આવાસને પોતાની બચતમાંથી સજાવ્યું છે તે અંગેની વિગતો પણ સોનલબહેન અને પરિવારજનો સાથેની વાતચીતમાંથી જાણી હતી. ●



## મુખ્યમંત્રીશ્રીનું વિવિધ આદિવાસી સમુદાયો દ્વારા પરંપરાગત સ્વાગત

**વૈશાલી પરમાર**

આદિવાસી સમાજમાં પોતાની સંસ્કૃતિ અને પરંપરાઓનું અનેરું મહત્વ છે. તેની સાથે જોડાયેલી વિવિધ ચીજ વસ્તુઓનું પણ આદિવાસી સમાજમાં ખાસ સ્થાન છે. 'વિશ્વ આદિવાસી દિવસ'ની રાજ્યકક્ષાની ઉજવણીમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું કોંકણી સમાજ, ઢોડિયા સમાજ, ચૌધરી સમાજ, ગામીત સમાજ, અને વસાવા સમાજ, તથા કોટવાડિયા સમાજ દ્વારા અવનવી પરંપરાગત ચીજવસ્તુઓની ભેટ આપી અદકેરું સ્વાગત કર્યું હતું.

કોંકણી સમાજ દ્વારા જનનેતા એવા મુખ્યમંત્રીશ્રીને પાવરી ભેટમાં આપી હતી. પાવરી વાદ્યનો આદિવાસી સમાજના કોઇ પણ ઉત્સવ, તહેવારમાં નાચગાન માટે ઉપયોગ થતો હોય છે. હોળી, દિવાળી જેવા તહેવારોમાં પાવરી વાદ્યના સંગીતના તાલે આદિવાસીઓ નૃત્ય કરે છે. મધુર અને કર્ણપ્રિય સંગીત આપનાર પાવરી વાદ્ય, આદિવાસી વિસ્તારોમાં જોવા મળે છે. દૂધી, વાંસ, બળદનાં શિંગડાનો ઉપયોગ કરી આ પાવરી બનાવવામાં આવે છે. આદિવાસીઓનું પાવરી વાદ્ય દેશ-વિદેશમાં પ્રખ્યાત છે.

વસાવા સમાજ દ્વારા મોરુ વાળી શિબલી ભેટમાં આપવામાં આવી હતી. આદિવાસી નૃત્ય સમયે એક અથવા બે વ્યક્તિઓ તેને પોતાના માથે લઇને નૃત્ય કરતા હોય છે. તે વિવિધ આભલા અને ઊનના રંગબેરંગી દોરાઓથી બનેલી હોય છે.

ગામીત સમાજ દ્વારા ચાંગ્યા ઢોલ ભેટમાં આપવામાં આવ્યું હતું. ગામીત સમાજના પ્રતિક સમાન ચાંગ્યા ઢોલને લાકડાની દાંડી દ્વારા વગાડવામાં આવે છે. ઢોલ વગાડનાર ને 'ઢાઢી' તરીકે ઓળખવામાં આવે છે.

ઢોડિયા સમાજ દ્વારા તૂર વાજિંત્રની ભેટ આપવામાં આવી હતી. ઉંટના ચામડાથી મઢીને માટીનું તૂર વાદ્ય બનાવવામાં આવે છે. હળપતિ સમાજ ઉપરાંત સમગ્ર આદિવાસીઓમાં તૂર નૃત્ય ખૂબ પ્રચલિત નૃત્ય છે. તુરવાદન અને નૃત્ય દરેક શુભ પ્રસંગમાં કરી શકાય છે.

ચૌધરી સમાજ દ્વારા દેવ ઢોલું ભેટમાં આપવામાં આવ્યું હતું. જે આદિવાસી ચૌધરીની ઓળખ છે. હોળી જેવા તહેવાર પર જાતભાતની વેશભૂષા સાથે અને પશુ-પંખીઓના લાકડાના આકાર બનાવી, તે સાથે પુરુષો નાચ કરે છે. ચૌધરી સમાજના ઘણા બધા જુદા જુદા વાદ્યો જેવા કે, તારપુ, દેવડોડી, નરઢોલુ, તિંદરુ, ધાંધલુ, પીહીવો વગેરે છે. પરંતુ તેમાં મુખ્ય વાદ્ય ઢોલું છે.

કોટવાડિયા સમાજ દ્વારા સફેદ ટોપી ભેટમાં આપવામાં આવી હતી. ટોપી એ આદિવાસીની ઓળખ છે. વાર તહેવારે, સારા માઠા પ્રસંગે પહેરાતી સફેદ ટોપી વડીલપણાનો-જવાબદારીનો ભાવ પણ વ્યક્ત કરે છે. ત્યારે ખાસ કરીને 'વિશ્વ આદિવાસી દિવસે' ગુજરાતના નાથ, વડીલસમા જનનેતાને સફેદ ટોપી ભેટમાં આપવામાં આવી હતી. ●

### 'વિશ્વ આદિવાસી દિવસ' વિશે...

સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા વર્ષ ૧૯૮૨માં એક સમિતિની રચના કરવામાં આવી હતી. જેની પ્રથમ બેઠક વર્ષ ૧૯૮૨માં ૯ ઓગસ્ટે મળી હતી. ૧૦ વર્ષ પછી ઈ.સ.૧૯૯૨માં બ્રાઝિલના રિયોડીજાનેરો ખાતે 'પૃથ્વી પરિષદ'નું આયોજન કરાયું હતું. જેમાં ૬૮ જેટલા દેશોના ૪૦૦ આદિવાસી આગેવાનોએ ભાગ લઈ વિશ્વ સમગ્ર આદિવાસીઓ અને પ્રકૃતિને બચાવી લેવાના વૈશ્વિક જાગૃતિ અભિયાન માટે અપીલ કરી હતી. તેના અનુસંધાને UNOના ૧૧મા અધિવેશનમાં એ વર્ષને 'વિશ્વ આદિવાસી વર્ષ' તરીકે જાહેર કર્યું હતું. તેમજ સંયુક્ત રાષ્ટ્ર સંઘની પ્રથમ બેઠક ૯ ઓગસ્ટે મળી હોવાથી વર્ષ ૧૯૯૩થી દર વર્ષની ૯ ઓગસ્ટને 'વિશ્વ આદિવાસી દિન' તરીકે ઊજવવાની જાહેરાત કરવામાં આવી હતી. ●

# અરવલ્લી જિલ્લામાં રૂ.૩૩૮ કરોડના વિકાસપ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત



અરવલ્લી જિલ્લાનાં એક દિવસના પ્રવાસે ગયેલાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં રૂ.૩૩૮ કરોડના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોની ભેટ આપી હતી. આ વિકાસથી અરવલ્લી જિલ્લાના લોકોની સુવિધાઓમાં વધારો કરશે. આ સાથે, મુખ્યમંત્રીશ્રીએ સમાજ સુરક્ષાની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને મંજૂરી પત્રો તથા સ્વામિત્વ યોજનાના લાભાર્થીઓને પ્રમાણપત્ર આપ્યા હતાં.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોઈ એક તાલુકામાં આટલા વિકાસલક્ષી કામ ફાળવાયા હોય તેવો આ કદાચ પહેલો પ્રસંગ છે. આજે આપણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યા છીએ. દરેક સમાજ શૈક્ષણિક ક્ષેત્રમાં આગળ વધી રહ્યો છે.

અરવલ્લી જિલ્લાનું કોઈ તળાવ પાણી ભરાયાં વિના ન રહી જાય તેવી વ્યવસ્થા ભવિષ્યમાં કરવામાં આવશે, એવું જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વર્ષોથી જેની માંગણી હતી તેવો નરોડા - દહેગામ - ધનસુરા રોડ ફોર લેન બનવાથી શામળાજી જતા શ્રદ્ધાળુઓ, ક્વોરી ઉદ્યોગને મોટો લાભ થશે.

જળસંપત્તિ વિભાગના મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતને સુજલામ - સુફલામ્ યોજના હેઠળ સિંચાઈ અને પીવા માટે પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. આખા ગુજરાતની સૂકી જમીનને લીલીછમ બનાવવામાં આવી છે. મંત્રીશ્રીએ ખેડૂતોને ટપક સિંચાઈ પદ્ધતિ, ફુવારા પદ્ધતિનો ઉપયોગ કરવા અપીલ કરી હતી.

અરવલ્લી જિલ્લામાં જળ સંપતી વિભાગના માલપુર ગામના પનાવાડા ગામે વાત્રક નદીના ડાબા કાંઠાથી પાણી ઉદ્વહન કરી માલપુર, મેઘરજ તથા મોડાસા તાલુકાના તળાવો ભરી સિંચાઈની સુવિધા પૂરી પાડવાના પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. અંદાજિત ૧૭૮.૩૭ કરોડના ખર્ચે તૈયાર થનાર આ પ્રોજેક્ટથી જિલ્લાના ત્રણ તાલુકાના ૫૧ ગામોના ૭૩ તળાવો ભરી સિંચાઈના પાણીની સમસ્યાનું નિવારણ લાવી શકાશે.

આ ઉપરાંત, મેશ્વો જળાશય આધારિત લિફ્ટ ઈરિગેશન યોજના થકી ભિલોડા અને મેઘરજ તાલુકાના તળાવો ભરી સિંચાઈના પાણીની સુવિધા પૂરી પાડવાના કામનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રૂ.૭૭.૭૨ કરોડના ખર્ચે તૈયાર થનાર આ યોજનાથી ૨૯ ગામના ૩૧ તળાવો ભરી જિલ્લાના મોટી સંખ્યામાં આદિજાતિ વસ્તી ધરાવતા તાલુકામાં પણ પાણીની સમસ્યાનું નિવારણ લાવી શકાશે. બંને સિંચાઈના પ્રોજેક્ટથી ખેડૂતોમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે.

આ ઉપરાંત, રૂ. ૭૭.૫૫ કરોડના ખર્ચે અરવલ્લી, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદમાંથી પસાર થતા રાજ્ય ધોરીમાર્ગ નંબર ૬૮ (નરોડા - દહેગામ - ધનસુરા હાઈવે)ના અરવલ્લી જિલ્લાના માર્ગનો ફોરલેન કરવામાં કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. ઉપરાંત માલપુર તાલુકા પંચાયત ભવનનું લોકાર્પણ અને બાયડ તાલુકા પંચાયત ભવનના ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર, સાંસદ શ્રી દીપસિંહ રાઠોડ, ધારાસભ્યો સર્વ શ્રી પી.સી.બરંડા, ધવલસિંહ ઝાલા સહિત અધિકારીઓ- પદાધિકારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

## બાયડના વાત્રક ગામે અદ્યતન આંખની હોસ્પિટલનું લોકાર્પણ



અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના વાત્રક ખાતે શ્રીમતી 'ભેલાબેન અને યોગેશભાઈ પટેલ આંખની હોસ્પિટલ'નું તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે જણાવ્યું હતું કે, રાજ્યના અંતરિયાળ આદિજાતિ વિસ્તારોમાં આજે શિક્ષણ, આરોગ્ય, વીજળી, પાણી, રોડ રસ્તા અને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ બની છે. સરકાર દ્વારા મળતી આર્થિક સહાય આદિજાતિના લોકોને ઉપયોગી બની રહી છે. રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે નેત્ર જ્યોતિ અભિયાન થકી ૬.૩૬ લાખથી વધુ નિ:શુલ્ક મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા છે તેની વિગતો પણ મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. આ પ્રસંગે મંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર, દાતાશ્રીઓ, ડૉ. ડી.કે. જૈન, હોસ્પિટલના ડૉક્ટરો સહિતનો કર્મચારીગણ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ડ્રોન ટેક્નોલોજીની મદદથી ડાંગમાં વાવેતર કરવાનો નવતર પ્રયોગ



મનોજ ખેંગાર

વનાચ્છાદિત ડાંગ જિલ્લો વિશિષ્ટ ભૂપૃષ્ઠ ધરાવે છે. ડાંગમાં ઊંચા ડુંગરો, ખીણો તથા કોતરો આવેલાં છે. દુર્ગમ વન પ્રદેશમાં કે જ્યાં વન વિસ્તારની ઘનિષ્ઠતા વધારવાની આવશ્યકતા છે, ત્યાં ડ્રોન ટેક્નોલોજીની મદદથી વ્યાપકપણે વાવેતર કરવાનો નવતર પ્રયોગ ડાંગ વન વિભાગે હાથ ધર્યો છે.

સહ્યાદ્રિની પર્વતમાળાની જ્યાંથી શરૂઆત થાય છે તે 'પૂર્ણા અભયારણ્ય' વનવિસ્તારમાં ઘણાં દુર્ગમ ક્ષેત્રોમાં કે જ્યાં વનોની ગીચતા વધારવાની આવશ્યકતા છે, ત્યાં ઉત્તર ડાંગ વન વિભાગે ડ્રોન ટેક્નોલોજીની મદદથી 'સીડ્સ બોલ' વડે વાવેતર કરવાનો સફળ પ્રયાસ કર્યો છે.

નાયબ વનસંરક્ષક શ્રી દિનેશ રબારીએ આ અંગે જણાવ્યું હતું કે, જ્યાં માનવી પહોંચી નથી શકતો તેવા દુર્ગમ પહાડી ક્ષેત્રોમાં, ઉત્તર ડાંગ વન વિભાગ દ્વારા ઘનિષ્ટ વન વાવેતરનું અભિયાન હાથ ધરાયું છે. જેના ભાગરૂપે 'ડ્રોનના ઉપયોગથી પીપલાઈદેવી રેન્જ, લવચાલી રેન્જ, સુબીર રેન્જ, અને શિંગાણા રેન્જના કુલ ૪૦ હેક્ટર જેટલા વિસ્તારમાં બહેડા, ખાટી આંબલી, કરંજ, સેવન, કુસુમ, સીતાફળ, કાંટસ બામ્બુ, અને કડાયો જેવી ૮ પ્રકારની જાતોના અંદાજિત ૪૦૦ કિલોગ્રામ બીજનું (સીડ્સ બોલ) વાવેતર કરાયું છે. જેના કારણે આ દુર્ગમ વનવિસ્તારમાં પણ વનોની ગીચતા વધશે.



વન પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ, ડાંગ વન વિભાગના આ પ્રયાસોની સરાહના કરી, વનોનાં જતન-સંવર્ધન માટે તેનાત ફોરેસ્ટ ફોર્સનો ઉત્સાહ વધાર્યો હતો. ●

# મહીસાગરમાં સ્ટ્રોબેરીની ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂત પર્વતભાઈ



રણજિતસિંહ ડામોર

પ્રેરણાનો છોડ મીઠું ફળ આપે તેવી સફળતાનું ઉત્તમ ઉદાહરણ મહીસાગર જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતે પ્રથમ વખત સ્ટ્રોબેરીની ખેતી કરી પૂરું પાડ્યું છે. ગોધર (ઉત્તર) ગામના આદિજાતિ ખેડૂત પર્વતભાઈ ડામોરે કૃષિરથથી પ્રેરાઈ સજીવ ખેતી અને આધુનિક ખેતીનાં સાધનોના સહારે અને સરકારની વિવિધ ખેતી વિષયક યોજનાઓનો લાભ લઈ ખેતીમાં કમાલ કરી દેખાડી છે.

પર્વતભાઈએ સ્ટ્રોબેરીની ખેતી અંગે વિસ્તૃત માહિતી મેળવી મેરઠની નર્સરીમાંથી વિન્ટર ડાઉન સ્ટ્રોબેરીની જાતના વીસ હજાર રોપા રૂ.૪ પ્રતિ નંગના ભાવે મેળવ્યા અને તેની ખેતી શરૂ કરી. તેમણે સરકારની સહાય મેળવી આધુનિક ખેતીવાડીનાં યંત્રો વસાવ્યાં છે. તેમની સ્ટ્રોબેરીની નવતર ખેતીથી તેઓ ખૂબ ઉત્સાહિત છે. તેમણે વડતાલમાં પ્રાકૃતિક ખેતીની માહિતી મેળવી પ્રાકૃતિક ખેત પદ્ધતિનો પ્રયોગ કર્યો હતો. મહીસાગર જિલ્લાના પ્રગતિશીલ ખેડૂત પર્વતભાઈને બેસ્ટ ફાર્મરના એવોર્ડ ઉપરાંત આમળાની ખેતીમાં કૃષિના ઋષિ એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે. ●



# પરંપરાગત વાંસની કલા વૈશ્વિક ફલક પર પ્રદર્શિત થશે

**યોગેશ વસાવા**



ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના હાથાકુંડી ગામના આદિવાસી કોટવાળિયા સમાજના લોકોની વાંસની વિવિધ કલાકૃતિઓ દેશમાં નામના મેળવ્યા બાદ હવે તે પોલેન્ડ ખાતે નિદર્શિત થવા જઈ રહી છે.

હાથાકુંડી ગામના આદિવાસી લોકો વાંસની પરંપરાગત કૃતિઓ બનાવવામાં મહારથ ધરાવે છે. આ ગામના વજીરભાઈ કોટવાળિયા વેસ્ટમાંથી બેસ્ટ વાંસની વસ્તુઓ બનાવીને 'વોકલ ફોર લોકલ'નો મંત્ર સાકાર કરી પોતાના સમાજની વાંસ કળાને જીવંત રાખવા અને વિકસાવવા માટે પ્રયત્નશીલ છે. તેઓ સમાજના અન્ય લોકોને વિનામૂલ્યે તાલીમ આપી વાંસકલામાંથી ઉત્પાદિત થયેલી ચીજવસ્તુઓને મેળામાં પ્રદર્શિત કરી તથા માર્કેટમાં વેચીને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ૭૦૦ કોટવાળિયા પરિવારોને રોજગારી પૂરી પાડવા માટે નિમિત્ત બન્યા છે. તેઓ વાંસમાંથી બ્રશ, પેન, ડાયરી, પાણીની બોટલ, ચાવી, કિચેઇન, ફોટોફ્રેમ, કી-બોર્ડ, વાંસની ટ્રે, બોલપેન-પેન્સિલ, ટોકરી, લેમ્પ, સાદડી, ફૂલદાની, રેઝર સહિતની ઘરવખરીનો સામાન બનાવે છે.

અનેક પરિવારોએ આવકના અભાવે વાંસકળાનું કામ છોડી દીધું હતું. પરંતુ સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી ગામમાં જ ઘરઆંગણે આ વસ્તુઓ બનાવે છે. હાથ બનાવટની વાંસકલાની વસ્તુઓ વિવિધ મેળામાં વેચીને ગામના ૮૦ જેટલા આદિવાસી પરિવારો આત્મનિર્ભર બન્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વોકલ ફોર લોકલ'ના આહવાનને ચરિતાર્થ કરતા તેમજ ODOP(વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ)ની સંકલ્પનાને આગળ ધપાવતા વાંસકલા વૈશ્વિક ફલક પર ભારતીય કલાને પ્રસ્તુત કરવા માટેનું પ્લેટફોર્મ બની રહ્યું છે. જેનાથી વિશ્વના નાગરિકો ભારતીય પરંપરાગત વાંસકલાથી ચોકક્સ અવગત થશે અને વાંસકલાની કલાકૃતિઓ માટે નવું બજાર મળશે. જે આ વ્યવસાયમાં સંકળાયેલા લોકો માટે નવી આશાનો સંચાર કરશે. ●

# 'બાયોગેસ પ્લાન્ટ બનવાથી અમારે મહિને રૂ. ૧૨૦૦ની બચત થાય છે'

**મનીષ બ્રહ્મભટ્ટ**

સમગ્ર વિશ્વ જ્યારે ક્લિન એનર્જી, ગ્રીન એનર્જીની દિશામાં કામ કરી રહ્યું છે ત્યારે ગોબરધન યોજના થકી ભારતે ક્લિન એનર્જી, ગ્રીન એનર્જીની દિશામાં મક્કમ ડગ માંડ્યાં છે. છોટાઉદેપુર જેવા આદિવાસી બહુલ વિસ્તારમાં ગોબર ગેસ પ્લાન્ટથી ગ્રામીણ વિસ્તારમાં નવી આર્થિક પ્રગતિ આવી છે.



વર્ષ ૨૦૨૧માં કેન્દ્ર સરકાર દ્વારા ગોબરધન યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ ઘરેલું વપરાશ માટે બાયોગેસ પ્લાન્ટ બનાવી આપવામાં આવે છે. છોટાઉદેપુર જિલ્લામાં ગોબરધન યોજના હેઠળ ૨૨૧ બાયોગેસ પ્લાન્ટ મંજૂર કરવામાં આવ્યા છે. જે પૈકી ૧૦૨ બાયોગેસ પ્લાન્ટનું ઇન્સ્ટોલેશન પૂર્ણ કરી પ્લાન્ટ કાર્યરત કરી દેવામાં આવ્યા છે.



આ અંગે સ્નેહાબેને જણાવ્યું હતું કે, અગાઉ અમે પરંપરાગત ઈંધણનો ઉપયોગ કરીને રસોઈ કરતા હતા. લાકડાથી ચૂલો સળગાવી રસોઈ કરતી વખતે ધુમાડાને કારણે આંખોમાં બળતરા તેમજ અન્ય તકલીફો થતી હતી. બાદમાં ઉજ્જ્વલા યોજના અંતર્ગત ગેસ સિલિન્ડર મળ્યું હતું. ગેસ સિલિન્ડર રિફિલ કરવા માટે મહિને ૧૨૦૦ રૂપિયા જેટલો ખર્ચ થતો હતો.

અમારા સખીમંડળની બહેનોને ગોબરધન યોજના અંગે માહિતી મળી હતી. મારો વ્યવસાય ખેતી અને પશુપાલનનો હોઈ મને બાયોગેસ પ્લાન્ટ અનુકૂળ આવશે એમ લાગતા મેં બાયોગેસ પ્લાન્ટ માટે અરજી કરી હતી. પ્લાન્ટ ઇન્સ્ટોલ થયાના ૨૫ દિવસમાં જ ગેસ બનવાનું શરૂ થઈ ગયું હતું. આજે અમે રસોઈ કરવા માટે બાયોગેસનો ઉપયોગ કરીએ છીએ. ત્યારબાદ પ્લાન્ટમાંથી નીકળતી સ્લરીનો ખાતર તરીકે વાપરતાં અમારી ખેતીની આવક પણ વધી છે.

●

# વાત, દાહોદની મહિલા ITIની...



સુરેન્દ્ર બળેવિયા

મહિલાઓને આર્થિક સ્વાવલંબનનું વાતાવરણ પૂરું પાડવામાં દાહોદની મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા અગ્રેસર છે. સમગ્ર ગુજરાતમાં આ ITI એક માત્ર એવી ઔદ્યોગિક તાલીમ સંસ્થા છે કે જ્યાં છાત્રાઓને ફિટર અને ઇલેક્ટ્રિશિયન, વેલ્ડરની તાલીમ આપવામાં આવે છે. આ અભ્યાસક્રમની ૪૦-૪૦ બેઠક છે.

કાજલબેન ભૂરિયા ગર્વ સાથે કહે છે કે, "હવે મહિલાઓ પણ પુરુષ સમોવડી બની છે, મહિલાઓ આકાશને પણ સર કરતી હોય તો આ વેલ્ડરનો કોર્સ કરી હું નોકરી કરીશ અથવા તો વેલ્ડીંગનો મારો પોતાનો વ્યવસાય કરીશ. શોભનાબેન ડિંડોર જણાવે છે કે "હું ફિટરનો અભ્યાસ કરું છું, ITIમાં અમને અભ્યાસ અને તાલીમનું સારું વાતાવરણ મળ્યું છે. આ અભ્યાસ કરી હું આર્થિક રીતે પગભર બનીશ." ટ્વિંકલ ખુશવાહ પણ કહે છે તે પણ અહીં ઇલેક્ટ્રિશિયનનો કોર્સ કરી આર્થિક રીતે સક્ષમ થવા માંગે છે.

આ સંસ્થાના આચાર્ય શ્રી પી.જે. મસીહે જણાવ્યું હતું કે, આદિજાતિ ક્ષેત્રની કન્યાઓ પરિશ્રમ માંગી લે તેવા કોર્સમાં પ્રવેશ લઇ રહી છે. અભ્યાસ બાદ તે જોબ કરી શકે એ માટે વાલીઓનું પણ કાઉન્સિલિંગ કરવામાં આવે છે. ●



# પશુપાલન દ્વારા આત્મનિર્ભર બનતી દાંતાની આદિજાતિ બહેનો

રેસુંગ ચૌહાણ

પશુપાલનના વ્યવસાયમાં જોડાયેલ આદિજાતિ મહિલાઓ પણ સ્વનિર્ભર બની સારી આવક મેળવી શકે તથા પશુપાલનના વ્યવસાયમાં રોજગારી વધારવા માટે રાજ્ય સરકારની વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સંકલિત ડેરી વિકાસ યોજના દાંતા તાલુકા માટે અમલમાં મૂકવામાં આવેલી છે. આદિવાસી કુટુંબો ખેતી સાથે પશુપાલનના વ્યવસાય દ્વારા કાયમી આવક મેળવતા થાય તે હેતુથી આ યોજના અમલી બનાવાઇ છે. બનાસકાંઠા જિલ્લામાં પ્રાયોજના વહીવટદાર કચેરીના નિયંત્રણ હેઠળ બનાસ ડેરી દ્વારા આ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે.

આ યોજના અન્વયે આદિજાતિ કુટુંબને બે દુધાળાં પશુ તેમજ આનુષાંગિક લાભ જેવા કે, વાસણની કિટ, પશુ વીમો, પશુ દાણ, ટ્રાન્સપોર્ટેશન, પશુ સારવાર અને તાલીમ આપવામાં આવે છે. આ યોજનામાં આદિજાતિ મહિલા લાભાર્થીઓને બે ભેંસો આપવામાં આવે છે.

દાંતા તાલુકાના ગોઠડા ગામના વતની અને આ યોજનાના લાભાર્થી શ્રીમતી શારદાબેન ખોખરિયાએ જણાવ્યું હતું કે, સરકારે અમને ભેંસ આપી છે, રોજનું ૬ થી ૭ લીટર દૂધ ડેરીમાં આપીએ છીએ. દૂધના



પગારમાંથી છોકરાં ભણાવીએ છીએ, કરિયાણું લાવીએ છીએ, ઘરનું બધું હેઠું જાય છે. આ યોજનાઓ આદિજાતિ બહેનો માટે આશીર્વાદરૂપ બની છે અને મહિલાઓ સ્વમાનભેર આત્મનિર્ભરતાથી પરિવારનું ગુજરાન ચલાવે છે.

આ વર્ષે દાંતા તાલુકા વિસ્તારમાં ૩,૫૦૦ના આદિજાતિ બહેનોને ભેંસો આપવામાં આવી છે. જેનાથી આ વિસ્તારમાં દૂધની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે અને તેમની સુખસુવિધામાં પણ ઉમેરો થયો છે. ●

# શિક્ષણનું ઉત્તમ પ્લેટફોર્મ એટલે 'એકલવ્ય મોડેલ નિવાસી શાળા'







**ઇશ્વર ચૌધરી**

પંચમહાલ જિલ્લાના વેજલપુર ખાતે આવેલી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલમાં પ્રવેશતાં જ અંગ્રેજીમાં લખેલુ એક સુવાક્ય નજરે પડે છે. 'The School is the last expenditure upon which one should be willing to compromise' અર્થાત્, 'શિક્ષણ માટે કરેલો ખર્ચ વ્યર્થ જતો નથી.' આ વાક્યમાં ગુજરાત સરકારની શિક્ષણ માટેની નીતિ પણ અભિપ્રેત છે. આદિવાસી સમાજનો વિદ્યાર્થી અંતરિયાળ વિસ્તારમાં રહેવાના કારણે કે નબળી આર્થિક પરિસ્થિતિના કારણે શ્રેષ્ઠ શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે સરકાર કટિબદ્ધ છે.

આદિજાતિનાં બાળકોને ઉત્તમોત્તમ વાતાવરણ અને શિક્ષણ પૂરાં પાડી તેમને સમાજના અન્ય વર્ગોનાં બાળકો સામેની સ્પર્ધામાં સમાન તકો મળી રહે તે માટે એકલવ્ય મોડેલ રેસિડેન્સી શાળાઓની શરૂઆત કરવામાં આવી છે. પંચમહાલના ગોધરા તાલુકાના વેજલપુર ખાતે આવેલી એકલવ્ય મોડેલ સ્કૂલ આ ઉજ્જવળ પરંપરાને આગળ વધારી રહી છે. ૨૦૦૭થી શરૂ થયેલી આ શાળામાં ધોરણ ૬ થી ૧૨ના કુલ ૧,૦૯૮ આદિવાસી વિદ્યાર્થીઓ અત્યાર સુધી આ શાળામાં અભ્યાસ કરી ચૂક્યા છે. કોઈક ડોક્ટર તો કોઈક વિદ્યાર્થી એન્જિનિયર બન્યા છે, તો સરકારી નોકરીઓમાં પણ આ વિદ્યાર્થીઓએ કેડી કંડારી છે. ચાલુ વર્ષે કુલ ૩૮૬ આદિવાસી બાળકો પોતાનાં અને પરિવારનાં સપનાઓ પૂર્ણ કરવા આ શાળામાં અભ્યાસ કરી રહ્યા છે.

શાળામાં અદ્યતન આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ છે. અભ્યાસ સાથે ખેલ-કૂદ અને કલાક્ષેત્રે પણ તેમની રસ-રુચિ અનુસાર કૌશલ્ય કેળવે તે પ્રકારે શાળામાં પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. ●


# વલસાડ જિલ્લાની આદિવાસી દીકરી પાઇલટ બની

**જિજ્ઞેશ સોલંકી**

ભારે સંઘર્ષ અને અનેક નિરાશાઓને પછડાટ આપી વલસાડ જિલ્લામાં પ્રથમવાર આદિવાસી સમાજની દીકરીએ પાઇલટ બની ડંકો વગાડ્યો છે. વલસાડ તાલુકાના રાબડા ગામના વતની હિતેશભાઈ ઠાકોરભાઈ પટેલ ગોરગામ ગામની બેંકમાં નોકરી કરે છે. તેમની દીકરી મિતાલી પાસે ધો. ૧૨ પાસ કર્યા બાદ કારકિર્દી માટે અનેક વિકલ્પો ઉપલબ્ધ હતા. પણ મિતાલીના મનમાં કંઈક અલગ વિચાર ચાલતો હતો. તેણે માતા-પિતાને કહ્યું કે, મારે પાઇલટ બનવું છે. આર્થિક કટોકટીની આ સ્થિતિમાં ગુજરાત સરકારની આદિવાસી બાળકો માટેની પાઇલટ યોજના વહારે આવી. આ યોજના હેઠળ રૂ. ૧૫ લાખ સુધીની લોનની સહાય વિદેશ અભ્યાસ અર્થે માત્ર ૪ ટકાના નજીવા વ્યાજના દરે મળે છે.

મિતાલીએ વલસાડ જિલ્લા પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરીમાં પહોંચી વિદેશ અભ્યાસ અર્થે લોનની સહાય માટે અરજી કરી અને માત્ર એક મહિનામાં જ લોન મંજૂર થતાં રૂ. ૧૫ લાખનો ચેક મળી ગયો. નાનકડા વલસાડ ટાઉનથી સીધી અમેરિકાના કેલિફોર્નિયામાં પહોંચી કમર્શિયલ પાઇલટ લાઇસન્સ (સીપીએલ)ની ટ્રેનિંગ સવા વર્ષમાં પૂર્ણ કરી સ્વદેશ પરત ફરી હતી. ત્યારબાદ વિવિધ તાલીમ અને પરીક્ષાઓ પૂર્ણ કરી આજે મિતાલી હૈદરાબાદ ખાતે રૂ. ૧.૫૦ લાખના પગાર ધોરણે પાઇલટ તરીકે ઇન્ટરનેશનલ ફ્લાઇટ ઉડાવી રહી છે.

પોતાની સફળતાની વાત અંગે પાઇલટ મિતાલી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારની મદદ મારા જેવા અનેક યુવાઓને પોતાનાં સપનાં સાકાર કરવા માટે હિંમત અને આર્થિક રીતે પગભર થવા માટે બળ પૂરું પાડે છે. આમ, ગુજરાત સરકારની સહાયથી મિતાલીનું આકાશમાં ઉડવાનું સપનું સાકાર થવા સાથે આદિવાસી સમાજના અનેક દીકરા-દીકરીઓ માટે પ્રેરણારૂપ પણ બન્યું છે. ●



# રમત-ગમત ક્ષેત્રે નર્મદા જિલ્લાએ કાઠું કાઢ્યું

**અરવિંદ બી. મછાર**



રાષ્ટ્રનિર્માણમાં યુવાનો દેશની દોલત છે. સમાજ, રાજ્ય-રાષ્ટ્રની વિકાસ યાત્રાના પાયામાં યુવાશક્તિ એક મોરપિચ્છ સમાન છે. યુવાશક્તિને ખેલકૂદ સાથે સાંકળીને 'શક્તિદૂત યોજના' થકી ગુજરાતે એક નવી દિશા કંડારી છે. દેશના હોનહાર તરવરિયા યુવા ખેલકૂદ ક્ષેત્રે વધુ રુચિ કેળવીને ખેલમહાકુંભ, ફિટ ઇન્ડિયા, ખેલો ઇન્ડિયા થકી રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં જીત હાંસલ કરી ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ મેડલ મેળવીને નવી ઊંચાઈઓ સર કરે તેવો હેતુ 'શક્તિદૂત યોજના'નો છે.

નવા જોમ-જુસ્સાના ધ્યેયમંત્ર સાથે વર્ષ-૨૦૧૦ માં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેલમહાકુંભનું બીજ રોપ્યું હતું. જે આજે વટવૃક્ષ બની દેશ માટે મેડલોની વણજાર સર્જી રહ્યું છે.

એથ્લેટિક્સમાં ડાંગ એક્સપ્રેસ સરિતા ગાયકવાડ, ટેનિસ ખેલાડી અંકિતા રૈના સહિત ઇલાવેનિલ વાલારિવન રાઈફલ શૂટિંગમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ મેડલો જીતીને ભારતનું નામ રોશન કરી રહ્યાં છે. તે જ રીતે તાજેતરમાં જ મહારાષ્ટ્રના ડોમ્બિવલી ખાતે યોજાયેલી ટ્રેમ્પોલિન જિમ્નાસ્ટિક સ્પર્ધા (સિનિયર કેટેગરી)માં માનસી વસાવાએ બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો હતો. જ્યારે અંડર-૧૪ ની સમાન સ્પર્ધામાં ફલક વસાવા, યશ્વી પટેલ અને રિદ્ધિ વસાવાએ સિલ્વર મેડલ હાંસલ કરી નર્મદા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. તાજેતરમાં નર્મદા જિલ્લાના રાજપીપળા રમત સંકુલ ખાતે રૂ. ૨.૫૦ કરોડના ખર્ચે ડોરમેટરી ભવન અને રૂ. ૭.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત સિન્થેટિક એથ્લેટિક ટ્રેક ખુલ્લો મૂકવામાં આવ્યો છે, જે આસપાસના જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતના રમતવીરોની શક્તિઓ બહાર લાવવા માટે ઉપયોગી સાબિત થશે. ●

# પોળોમાં ફૂડ સર્વિસ આદિવાસી મહિલાઓ બનશે પગભર

**પીનલ પટેલ**

સાબરકાંઠા જિલ્લો પહાડ સાથે કુદરતી જંગલ વિસ્તાર ધરાવે છે. જે લોકોને પ્રકૃતિ વચ્ચે જવું છે તેઓ માટે વિજયનગરમાં આવેલું પોળોનું જંગલ હંમેશાં આકર્ષતું રહ્યું છે. અરવલ્લીની ગિરિમાળાઓમાં આવેલા કુદરતી સૌંદર્યના ભંડાર સમાન પોળો અમદાવાદ અને ગાંધીનગર જેવાં શહેરથી નજીકના અંતરે તે આવેલું હોવાથી રજાના દિવસોમાં વિશેષ કરીને શનિ-રવિની રજાઓમાં ત્યાં ભારે ભીડ રહેતી હોય છે.

આ પ્રવાસીઓને હરવા- ફરવા સાથે સ્થાનિક ભોજન મળી જાય તો સોનામાં સુગંધ ભળે. આ વાત પારખીને પોળોની આસપાસના વિસ્તારમાં રહેતી અને ઓછું શિક્ષણ પ્રાપ્ત કરેલ મહિલાઓ તેમની પાકશાસ્ત્રની પરંપરાગત હસ્તગત કળાને વાસ્તવમાં ધરાતલ પર ઉતારી આર્થિક ઉજાસનો માર્ગ કંડારી રહી છે. પ્રવાસીઓ સ્થાનિક ભોજન (પારંપારિક આદિવાસી વાનગીઓ)નો સ્વાદ માણી શકે તે માટે પોળો મહિલા ફાર્મર સ્વ-સહાય જૂથની મહિલાઓ દ્વારા 'ઉત્થાન ફૂડ સર્વિસ'ની શરૂઆત કરવામાં આવી છે.

આ અંગે સ્વ-સહાય જૂથના સભ્ય સાવિત્રીબેન જણાવે છે કે, તેઓ તેમની સાથી બહેનો સાથે આ ફૂડ સર્વિસ સેન્ટર ચલાવે છે. આ માટે રાજ્ય સરકારના સહયોગથી અમને તાલીમ પણ પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત, મહિલાઓને રોજમેળ લખવાની, અથાણાં, ભોજન બનાવવાની તાલીમ આપવામાં આવે છે.

સ્થાનિક આદિવાસી મહિલાઓ દ્વારા બનાવવામાં આવતી નવીન વસ્તુઓ જેવી કે, વાંસની વસ્તુઓ, અથાણાં, મહુડાના લાડું, શરબત તેમજ અન્ય સુશોભનની વસ્તુઓનું વેચાણ કરવામાં આવે છે. શુદ્ધ, સાત્ત્વિક અને સ્વચ્છ ભોજન પિરસતાં પ્રવાસીઓને સંતોષની લાગણી થાય છે. અમારા માટે પ્રવાસીઓની ક્ષુધાપૂર્તિ અને સંતોષ અગત્યનો છે.

રાજ્ય સરકાર દ્વારા મહિલાઓની પ્રગતિ માટે અનેક પગલાઓ લેવામાં આવ્યાં છે. મહિલાઓ આગળ વધે તે માટે છેવાડાની આદિજાતિ મહિલાઓને કરવામાં આવેલી આ સહાયને સથવારે આજે સાબરકાંઠાની અલ્પશિક્ષિત મહિલાઓ ઘર આંગણે કામ કરી આત્મનિર્ભરતા તરફ આગેકૂચ કરી રહી છે. ●



# ગુજરાતમાં ૨૯ લાખ આદિજાતિ છાત્રોને વાર્ષિક રૂ.૭૦૦ કરોડની સહાય



ગુજરાતમાં નિવાસ કરતા અંદાજે ૮૯.૧૭ લાખ આદિજાતિઓના શૈક્ષણિક, આર્થિક, આરોગ્યલક્ષી અને સામાજિક સહિત સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર સંપૂર્ણ સંકલ્પબદ્ધ છે. ગુજરાતમાં અંબાજીથી ઉમરગામ સુધીની પૂર્વ પટ્ટીના ૧૪ જિલ્લામાં અંદાજે ૨૯ લાખથી વધુ આદિજાતિ સમુદાયનાં વિદ્યાર્થી ભાઈ- બહેનોના શૈક્ષણિક ઉત્કર્ષ માટે શૈક્ષણિક યોજનાઓ હેઠળ વાર્ષિક રૂ.૭૦૦ કરોડથી વધુની સહાય વિવિધરૂપે આપવામાં આવી છે. રાજ્યભરની આદિજાતિનાં ૧,૯૫૨ જેટલાં શાળાઓ-છાત્રાલયોમાં અંદાજે ૨.૧૬ લાખ જેટલા વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારે નિવાસી શિક્ષણ ગ્રહણ કરી રહ્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને આદિજાતિ વિકાસ મંત્રી ડૉ.કુબેરભાઈ ડીંડોર તેમજ રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિના માર્ગદર્શનમાં ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪માં આદિજાતિ વિકાસ વિભાગના બજેટમાં કુલ રૂ.૩,૪૧૦ કરોડની જોગવાઈમાંથી સૌથી વધુ રૂ.૨,૨૯૪.૨૯ કરોડની રકમ માત્ર ને માત્ર શૈક્ષણિક ઉત્કર્ષ માટે જ ફાળવવામાં આવી છે, જે સરકારની આદિવાસી શિક્ષણ માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટેની 'વન બંધુ કલ્યાણ યોજના-૨' હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ સુધીમાં રૂ. ૧ લાખ કરોડની અંદાજપત્રીય જાહેરાત કરવામાં આવી છે.

હાલમાં આદિજાતિ વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના શિક્ષણમાં સહાય આપવાના ઉદેશ સાથે ૮ યોજનાઓ કાર્યરત છે. આ યોજનાઓમાં કેન્દ્ર સરકાર પુરસ્કૃત પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ હેઠળ ૧,૦૨,૭૯૭ વિદ્યાર્થીઓને, વિદ્યા સાધના યોજનામાં ધોરણ-૯ની ૩૮,૨૩૭ વિદ્યાર્થિનીઓને સાઇકલ સહાય, ૨૯,૬૫૬ને ફૂડ બિલ સહાય, ૧,૮૫,૬૩૮ને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ, તબીબી અને ઇજનેરીના ૧,૫૫૦ વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક સાધન સહાય, ITIના ૧૦,૮૬૭ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તેમજ ૧૩,૦૭,૨૩૪ને ગણવેશ સહાય એમ કુલ



૨૯.૮૩ લાખથી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનોને વાર્ષિક રૂ.૭૦૦ કરોડથી વધુની વિવિધ શૈક્ષણિક યોજનાઓ હેઠળ સહાય આપવામાં આવી છે.

ગુજરાતમાં ૧૮ ટકા વિસ્તારના ૧૪ જિલ્લાઓના ૫૩ તાલુકાઓ અંતર્ગત ૫,૮૮૪ ગામોમાં આદિજાતિ સમુદાયના નાગરિકો નિવાસ કરે છે. આ સમુદાયના વિદ્યાર્થી ભાઈ-બહેનોના શૈક્ષણિક ઉત્કર્ષ માટે રાજ્યભરમાં કાર્યરત ૪૪ એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS)માં ૧૪,૬૨૦ અને ૪૩ કન્યા સાક્ષરતા નિવાસી શાળા (GLRS)માં ૧૫,૧૨૧ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યાં છે. આ ઉપરાંત, બે સૈનિક સ્કૂલમાં ૭૯૦, વિવિધ ૧૨ મોડેલ સ્કૂલમાં ૫,૫૨૦, રાજ્યની ૭૫ આદર્શ નિવાસી શાળાઓમાં ૧૧,૭૦૦, જ્યારે ૧૭૫ સરકારી છાત્રાલયોમાં ૧૯,૩૪૦, ગ્રાન્ટ ઇન એઇડ ૯૨૦ છાત્રાલયોમાં ૫૦,૫૬૬, વિવિધ ૨૦ સમરસ છાત્રાલયોમાં ૩,૯૦૦, જ્યારે રાજ્યની ૬૬૧ આશ્રમ શાળાઓમાં ૯૬,૭૦૦ એમ કુલ ૨,૧૬,૦૦૦ વિદ્યાર્થીઓ વિવિધ કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે.

આદિજાતિ વિદ્યાર્થીઓના ડોક્ટર અને એન્જિનિયર બનવાના સપના સાકાર થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા NEET, JEE Mains તેમજ JEE Advanceના કોચિંગ માટે સહાય આપવામાં આવે છે, જેના પરિણામસ્વરૂપ વર્ષ ૨૦૨૩માં ૫૯૨ આદિજાતિ વિદ્યાર્થીઓ મેડિકલમાં પ્રવેશ માટેની NEET જ્યારે IIT જેવી ઉચ્ચ ઇજનેરી સંસ્થાઓમાં પ્રવેશ માટેની JEE Mainsમાં ૮૩ અને JEE Advance પરીક્ષામાં છ વિદ્યાર્થીઓ સફળ થયા છે. આ ઉપરાંત વિદેશ અભ્યાસ માટે લોન યોજનામાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૪૮ આદિજાતિ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે. ●

# આદિજાતિ ખેડૂતોને 'જાડાં ધાન્ય' ઉત્પાદન માટે ખાતર - બિયારણનું વિતરણ

ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર વિશ્વ વર્ષ-૨૦૨૩ને 'જાડાં ધાન્ય'ના વર્ષ એટલે કે 'ઇન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ' તરીકે ઉજવી રહ્યું છે. જાડા ધાન્યના ઉત્પાદન અને ઉપયોગને વધુ વેગ આપવા ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વધુ એક મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા ૧૪ જિલ્લામાં વસવાટ કરતા આદિજાતિ ખેડૂતોને પ્રથમવાર 'કૃષિ વૈવિધ્યકરણ' યોજના હેઠળ જાડાં ધાન્યના ઉત્પાદન માટે પ્રોત્સાહિત કરવા ગુણવત્તાયુક્ત બિયારણ-ખાતર વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ યોજના હેઠળ ખરીફ સીઝન માટે ચાલુ વર્ષે ગુજરાત સરકાર દ્વારા રૂ. ૩૦ કરોડની જોગવાઈ મંજૂર કરવામાં આવી છે.

ગુજરાતમાં ચાલુ વર્ષે ૨૦૨૩-૨૪માં અત્યાર સુધીમાં ૭૦ હજારથી વધુ આદિજાતિ ખેડૂતોને બાજરી, જુવાર, નાગલી, મગફળી, સોયાબીન, તુવેર, ડાંગર/ રીંગણ, ભીંડા અને અડદનું ગુણવત્તાયુક્ત બિયારણ તેમજ ખાતરનું વિતરણ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં આ યોજનાના પ્રારંભ એટલે કે વર્ષ ૨૦૧૨થી અત્યાર સુધીમાં અંદાજે ૧૩ લાખથી વધુ આદિજાતિ ખેડૂતોની આવક વૃદ્ધિ માટે બિયારણ-ખાતરની કિટનું વિતરણ કરવામાં આવ્યું છે.

આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરના સીધા માર્ગદર્શનમાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત ચોમાસાની ઋતુમાં આદિજાતિ વસ્તી ધરાવતા વિવિધ ૧૪ જિલ્લાના નિયત માપદંડ ધરાવતા ખેડૂતોને બિયારણ અને ખાતર આપવામાં આવે છે. વિવિધ જિલ્લા માટે પસંદ કરાયેલા પાક અનુસાર સરેરાશ રૂ.૪,૧૨૮ જ્યારે વધુમાં રૂ.૫,૪૦૦ સુધીની કિંમતનાં બિયારણ અને ખાતરની કિટ લાભાર્થી દીઠ રૂ. ૫૦૦નો નજીવો લાભાર્થી ફાળો લઈને આપવામાં આવે છે. આ ઉપરાંત આદિજાતિ ખેડૂતો પરંપરાગત ઢબે ખેતી કરવાને બદલે સાચા અર્થમાં પાક વૈવિધ્યકરણને અપનાવે તે માટે ખેડૂતોને જી.એસ.એફ.સી.એગ્રોટેક લિમિટેડના માધ્યમથી તાલીમ આપવામાં આવે છે. સાથોસાથ આદિજાતિ ખેડૂતોને તેમના પાકના યોગ્ય ભાવ મળે તે હેતુથી માર્કેટ લિન્કેજ માટે પણ મદદ કરવામાં આવે છે.

એક એકર જમીન માટે આ યોજના અંતર્ગત બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પસંદગી કરાયેલા આદિજાતિના ખેડૂત દીઠ ૨૦ કિલો મગફળીનું બિયારણ આપવામાં આવે છે. જ્યારે અન્ય જિલ્લાઓને પણ વિવિધ બિયારણનું વિતરણ કરવામાં આવે છે. કુલ ૧૪ જિલ્લાના ૭૦ હજારથી વધુ આદિજાતિ ખેડૂતોને બિયારણનો લાભ આપવામાં આવ્યો છે. ●

## 'ટિશ્યૂ કલ્ચર બનાના યોજના'થી માંડવીના ધનસુખભાઈ આત્મનિર્ભર બન્યા

**અભિષેક ગામિત**

ખેડૂતો આત્મનિર્ભર બને તે માટે રાજ્ય સરકાર અથાગ પ્રયાસો કરી રહી છે, ત્યારે આદિજાતિ વિકાસ વિભાગની સંકલિત આદિજાતિ વિકાસ પ્રાયોજના કચેરી દ્વારા 'ટિશ્યૂ કલ્ચર બનાના યોજના' અમલમાં મૂકવામાં આવી છે. જેનો હેતુ આદિજાતિ ખેડૂતોને આધુનિક ખેત વ્યવસ્થા દ્વારા રોજગારીની તકો પૂરી પાડી ખેડૂતોની આર્થિક સ્થિતિમાં સુધારો લાવવાનો છે.



સુરતના માંડવી તાલુકાના વડેલી ગામના ધનસુખભાઈ વસાવા છેલ્લાં ૨૦ વર્ષથી ખેતી કરી રહ્યા છે. સંકલિત આદિજાતિ વિકાસ પ્રાયોજના કચેરી, માંડવી દ્વારા 'ટિશ્યૂ કલ્ચર બનાના યોજના' હેઠળ તેમણે ૫૦૦ રૂપિયા લોકફાળો અને ૫૪ હજારની યુનિટ કોસ્ટ હેઠળ ટિશ્યૂ કલ્ચર બનાના પ્લાન્ટનું વાવેતર કર્યું છે.

કેળાંની ખેતી કરતાં ધનસુખભાઈ જણાવે છે કે, વર્ષ ૨૦૨૧-૨૨માં મને ૧,૨૦૦ કેળાંના રોપા આપવામાં આવ્યા હતા. ૪૦ બેગ સિટી કમ્પોઝ, ૮ બેગ યુરિયા, ૬ બેગ પોટાશ અને અન્ય ફૂગનાશક દવાઓ પણ મળી હતી. એક એકરમાં ૧,૨૦૦ રોપાનું વાવેતર કરી હવે કેળાંનો પાક તૈયાર થયો છે.

વાવેતર પાછળ થતાં ખર્ચની વિગત આપતાં તેમણે જણાવ્યું હતું કે, નીંદામણ અને ખેડમાં કુલ ૮૦-૯૦ હજારનો ખર્ચ થાય છે, જેમાં સરકારની સહાય મળવાથી લગભગ ૩૦ હજાર રૂપિયાનો ખર્ચ જ મારે ભોગવવો પડે છે.

ઉત્પાદનના વળતર વિશે તેમણે જણાવ્યું હતું કે, રૂ. ૧૩ થી ૧૫ના ભાવ આધારે મને કુલ વાવેતરના રૂ. ૨.૫૦ લાખનું વળતર મળશે. તમામ ખર્ચા બાદ કરતાં મને રૂ. ૨ લાખનો ચોખ્ખો નફો મળશે. સરકાર તરફથી મળેલી સહાય થકી હું આત્મનિર્ભર બન્યો છું, એમ જણાવતાં તેમણે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો અને તેમના કુટુંબની આર્થિક આત્મનિર્ભરતાનો શ્રેય સરકારને આપ્યો હતો. ●

# આદિજાતિ સમાજના 'આર્થિક ઉત્કર્ષ' માટે પ્રતિબદ્ધ સરકાર

જનક દેસાઈ

ગુજરાત સરકાર 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસના મંત્ર સાથે કાર્ય કરી રહી છે. અંબાજીથી ઉમરગામ સુધીના પૂર્વપટ્ટીનાં ૧૪ જિલ્લાના આદિવાસી શહેરો-ગામોમાં વિકાસની નવતર પરિભાષા અંકિત થઈ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર તથા આદિજાતિ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિના સતત માર્ગદર્શનમાં પાણી, સિંચાઈ, વીજળી, રસ્તા, આરોગ્ય, શિક્ષણ જેવી મૂળભૂત અને આંતરમાળખાકીય સુવિધાઓથી સમગ્ર વિસ્તાર વિકાસની નવી ઊંચાઈ હાંસલ કરી રહ્યો છે.

ભારતમાં કુલ આદિજાતિ વસ્તીની ૮.૧ ટકા વસ્તી ગુજરાતમાં છે. રાજ્યના ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં ૮૯ લાખથી વધુ આદિજાતિ વસ્તીના સર્વાંગીણ વિકાસ માટે ગુજરાત સરકારે અલગથી વિશેષ પ્રયાસો હાથ ધર્યા છે. ચાલુ વર્ષના ગુજરાત બજેટના કુલ પાંચ સ્તંભમાં આદિજાતિ વિકાસનો પ્રથમ સ્તંભમાં જ ઉલ્લેખ કરીને આદિજાતિ વિભાગ માટે કુલ રૂ. ૩,૪૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જેમાં રૂ. ૭૭૦.૧૯ કરોડની રકમ માત્ર આદિજાતિના આર્થિક ઉત્કર્ષ માટે જ ફાળવવામાં આવી છે. આટલું જ નહીં, આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટેની 'વન બંધુ કલ્યાણ યોજના-૨' હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨થી ૨૦૨૫-૨૬ સુધીમાં રૂ. ૧ લાખ કરોડની અંદાજપત્રીય જાહેરાત પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કરવામાં આવી છે. 'આર્થિક ઉત્કર્ષ'ની વિવિધ યોજનાઓના માધ્યમથી ગત વર્ષ ૨૦૨૨-૨૩માં અંદાજે ૧.૪૧ લાખથી વધુ આદિજાતિ ભાઈ-બહેનો અને વિદ્યાર્થીઓને વિવિધ યોજનાકીય લાભો આપી વધુ ને વધુ આર્થિક પગભર બનાવવાની દિશામાં ગુજરાત સરકારે આગવી પહેલ કરી છે.

રાજ્યનાં આદિજાતિ ગામડાંઓની મુલાકાત લઈએ ત્યારે છેલ્લા બે દાયકામાં ૩૬૦ ડિગ્રીએ થયેલા વિકાસને અનુભવી શકાય છે.

### શાકભાજી અને બાગાયત પાક માટે સહાય

વેલાવાળાં શાકભાજી માટેની મંડપ યોજનાનો લાભ બી.પી.એલ./ એફ.આર.એ.ના લાભાર્થી/ આદિમજૂથ અને આદિજાતિ ખેડૂતને આપવામાં આવે છે. જેમાં સહાયરૂપે વેલાવાળાં શાકભાજી માટે મંડપ બનાવવા પ્રતિ લાભાર્થી રૂ. ૧૫,૨૮૮ની રકમ DBT મારફત ચૂકવવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના અંતર્ગત લક્ષ્યાંક મુજબ તમામ ૬,૨૦૭ લાભાર્થીને લાભ આપવામાં આવ્યો છે. ફળાઉ ઝાડના રોપા વિતરણ યોજનાની શરૂઆત વર્ષ ૨૦૧૯-૨૦માં કરવામાં આવી હતી. આ યોજના હેઠળ બી.પી.એલ./ એફ.આર.એ.ના





લાભાર્થી / આદિમજૂથ આદિજાતિ ખેડૂતને લાભ આપવામાં આવે છે, જેમાં કલમી આંબાના રોપાઓ માટે રૂ. ૪,૦૫૦ થી રૂ. ૧૬,૨૦૦ સુધીની સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના અંતર્ગત ૧૦,૨૧૬ લાભાર્થીઓને લાભાન્વિત કરાયા છે.

### કૃષિ ઓજારો માટે સહાય

પાવર ટીલર માટે સહાય યોજનાની શરૂઆત વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં કરવામાં આવી હતી. યોજના હેઠળ સહાયરૂપે આદિજાતિ ખેડૂતોને ૮ બ્રેક હોર્સપાવરથી નીચેના પાવર ટીલર માટે કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૬૫,૦૦૦ બે માંથી જે ઓછું હોય તે અને ૮ બ્રેક હોર્સપાવરથી ઉપરના પાવર ટીલર માટે કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૮૫,૦૦૦ બેમાંથી જે ઓછું હોય તે આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના અંતર્ગત ૧,૫૪૩ આદિજાતિ ખેડૂતોએ લાભ લીધો છે.

### પશુપાલન માટે સહાય

સંકલિત ડેરી વિકાસ યોજનાની શરૂઆત વર્ષ ૨૦૦૭-૦૮માં કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત યોજના હેઠળ બી.પી.એલ./એફ.આર.એ.ના લાભાર્થી/ આદિમજૂથ અને આદિજાતિ મહિલાઓને લાભ આપવામાં આવે છે. જેની હાલની યુનિટ કોસ્ટ રૂ.૭૦,૦૦૦ છે. જેમાં એક દુધાળું પશુ તથા સાધન સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના

અંતર્ગત ૧૦,૯૪૪ મહિલા લાભાર્થીને લાભ આપવામાં આવ્યો છે.

### મહિલા સશક્તીકરણની દિશામાં આગેકદમ

મહિલાઓને આર્થિક ઉપાર્જન માટેની નાહરી કેન્દ્ર યોજનાની શરૂઆત વર્ષ-૨૦૧૬માં કરવામાં આવી હતી. આ યોજનામાં ૧૧ મહિલાઓના જૂથનું સખી મંડળ તરીકે રજિસ્ટ્રેશન થયેલું હોવું જોઈએ. આ યોજનામાં રૂ. ૫ લાખની મર્યાદામાં વાર્ષિક ૪ ટકાના વ્યાજના દરે લોન તેમજ રૂ. ૫ લાખની સહાય એમ મળીને કુલ રૂ. ૧૦ લાખ મળવાપાત્ર છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના અંતર્ગત ૧૬ સખીમંડળોએ તેનો લાભ લીધો છે.

વર્ષ ૨૦૦૩માં આદિવાસી બાંધવોના વિકાસ માટે માત્ર રૂ. ૨૦૮ કરોડ જેટલી રકમ ફાળવવામાં આવતી હતી, જ્યારે હાલમાં એટલે કે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં આ રકમ વધારીને રૂ. ૩,૪૧૦ કરોડ કરવામાં આવી છે. જે આદિજાતિઓના આર્થિક, સામાજિક, શૈક્ષણિક સહિત સર્વાંગી વિકાસની પ્રબળ ઇચ્છાશક્તિ દર્શાવે છે.

### આદિજાતિ યુવાનોને કૌશલ્યવર્ધનની તાલીમ

વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રની શરૂઆત વર્ષ-૨૦૦૮માં કરવામાં આવી હતી. જેમાં આદિજાતિ યુવક/યુવતીઓને રોજગારલક્ષી તાલીમ પૂરી પાડી આવક બમણી કરવાના નિર્ધાર સાથે તાલીમ કેન્દ્રો કાર્યાન્વિત છે. આ કેન્દ્રોમાં પી.પી.પી. પાર્ટનર માન્ય સંસ્થાઓ સહભાગી રહે છે. જેમાં ઓટોમોબાઈલ સેક્ટર, પ્લાસ્ટિક ઇજનેરી, કેમિકલ સેક્ટર, મિકેનિકલ, ઇલેક્ટ્રિકલ, ટેક્સટાઈલ, આઇ.ટી./બી.પી.ઓ. સેક્ટરમાં ૧ માસથી ૨ વર્ષના કોર્સની તાલીમ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત ૭૫ ટકા સરકાર તથા ૨૫ ટકા પાર્ટનર સંસ્થાની ભાગીદારી સાથે કેપિટલ ખર્ચ કરવામાં આવે છે. સરકાર દ્વારા ૧૦૦ ટકા રિકરિંગ ખર્ચ કરવામાં આવે છે, આ રિકરિંગ ખર્ચ ૭૫ ટકા તાલીમાર્થીને પ્લેસમેન્ટ મળ્યા બાદ ચૂકવવામાં આવે છે.

### યુવાનોને શિક્ષણ અને રોજગારી માટે મદદ

માનવ ગરિમા યોજનાની શરૂઆત વર્ષ-૧૯૯૮માં કરવામાં આવી હતી. આ યોજનાનો લાભ નિયત માપદંડ મુજબ લાયકાત ધરાવતા ગ્રામીણ-શહેરી વિસ્તારના આદિજાતિ નાગરિકોને આપવામાં છે. જેમાં સહાયરૂપે રૂ. ૩,૦૦૦ થી રૂ.૪૮,૦૦૦ સુધીની કિટ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના અંતર્ગત ૩૩,૫૪૧ નાગરિકો આર્થિક પગભર બન્યા છે. કોમર્શિયલ પાઇલટ તાલીમ યોજનાની શરૂઆત વર્ષ ૨૦૦૦-૦૧માં કરવામાં આવી હતી. યોજનાનો લાભ મેળવવા માટે આદિજાતિના અરજદારે હાયર સેકન્ડરી (૧૦+૨) અથવા ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરી હોવી જોઈએ. જેમાં સહાયરૂપે મહત્તમ રૂ.૨૫ લાખની મર્યાદામાં માત્ર ૪ ટકાના નજીવા દરે લોન આપવામાં આવે છે.

સ્વરોજગારીની ધિરાણ યોજનાની શરૂઆત વર્ષ-૧૯૯૭માં કરવામાં આવી હતી. સ્વરોજગારી યોજના હેઠળ જુદા - જુદા ૮૫ વ્યવસાય માટે ધિરાણ આપવામાં આવે છે. જેમાં રૂ. ૫ લાખની મર્યાદામાં વાર્ષિક ૪ ટકાના નજીવા વ્યાજ દરે લોન આપવામાં આવે છે.



વકીલાત માટે સ્ટાઇપેન્ડ યોજનાની શરૂઆત વર્ષ-૧૯૮૭માં કરવામાં આવી હતી. આ યોજના હેઠળ લાયકાત માટે સિનિયર વકીલ ઓછામાં ઓછા ૭ વર્ષ પ્રેક્ટિસનો અનુભવ, જુનિયર વકીલે સિનિયર વકીલના માર્ગદર્શનમાં પ્રેક્ટિસ કર્યા અંગેનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે. જેમાં સહાય રૂપે જુનિયર વકીલને ત્રણ વર્ષનું રૂ. ૨૮,૮૦૦ સ્ટાઇપેન્ડ. આ યોજના હેઠળ સિનિયર વકીલને પણ ત્રણ વર્ષ સુધી માસિક રૂ. ૫૦૦ લેખે કુલ રૂ. ૧૮,૦૦૦ એલાઉન્સ મળવાપાત્ર થાય છે.

સ્પર્ધાત્મક પરીક્ષા માટેની જી.પી.એસ.સી. કોચિંગ યોજનાની શરૂઆત વર્ષ ૨૦૧૯-૨૦માં કરવામાં આવી હતી. આ યોજના હેઠળની લાયકાતમાં સ્નાતક થયેલ આદિજાતિ યુવક-યુવતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. સહાયના ધોરણ મુજબ વર્ગ-૧ અને ૨ની સ્પર્ધાત્મક પરીક્ષા અંગે કોચિંગ માટે પ્રતિ વિદ્યાર્થી રૂ. ૨૦,૦૦૦ની સહાય ડી.બી.ટી.ના માધ્યમથી આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના અંતર્ગત ૨,૫૦૦ વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક કોચિંગ લીધું છે. ●





### ૭૪મા વન મહોત્સવની જેપુરા-પાવાગઢ ખાતે ઉજવણી

# પર્યાવરણ સાથે સમન્વય સાધીને વિકાસનો માર્ગ કંડારતું ગુજરાત

રાજ્ય સરકારે 'વન કવચ' દ્વારા ગ્રીન કવર વધારવાનો અને ખુલ્લી જમીનમાં વૃક્ષ વાવેતરનો સફળ સેવાયજ્ઞ ઉપાડ્યો છે. આના પરિણામે મોટાપાયે વૃક્ષોનો ઉછેર થતાં માત્ર માનવસૃષ્ટિ જ નહીં પરંતુ પશુ-પક્ષીઓને પણ શુદ્ધ વાતાવરણ મળી રહેશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યને પર્યાવરણપ્રિય વાતાવરણ નિર્માણની વન કવચના રૂપે વધુ એક ભેટ તાજેતરમાં જેપુરા-પાવાગઢ વનક્ષેત્રના લોકાર્પણથી આપી હતી. ૭૪મા વન મહોત્સવનાં પ્રારંભ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આવનારી પેઢીને શુદ્ધ વાતાવરણ આપવા અને પર્યાવરણ સાથે સંતુલન દ્વારા ગ્રીન ગ્રોથ માટે આહ્વાન કર્યું હતું. રાજ્યની આબોહવા અને માટીની ફળદ્રુપતા ધ્યાને લઈ વૃક્ષોના વાવેતર દ્વારા વન કવચ વિકસાવવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રેરણા આપેલી છે, તેનો રાજ્ય સરકાર દ્વારા અમલ કરવામાં આવી રહ્યો છે. આ વન કવચના લોકાર્પણ સાથે દેવભૂમિ-દ્વારકા જિલ્લામાં હરસિદ્ધમાતા તીર્થ ક્ષેત્ર ખાતે નિર્માણ થનારા રાજ્યના ૨૩મા સાંસ્કૃતિક વન 'હરસિદ્ધ વન'નું ઇ-ખાતમુહૂર્ત પણ તેમણે કર્યું હતું.

જેપુરા-પાવાગઢના આ વન કવચ ૧.૧ હેક્ટર વિસ્તારમાં ૧૧,૦૦૦ રોપાઓના ઉછેર સાથે નિર્માણ પામ્યું છે. એટલું જ નહીં, આ વન કવચની વિશેષતા છે કે, વિવિધ છોડની ૧૦૦ જેટલી પ્રજાતિઓ અહીં વન વિભાગ દ્વારા ઉછેરવામાં આવી છે, તેની સાથે બીજી ૧૦૦ જેટલી પ્રજાતિઓ કુદરતી રીતે આપોઆપ ઊગી નીકળી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આખી દુનિયા આજે ગ્લોબલ વોર્મિંગનાં સંકટ સામે ઝઝૂમી રહી છે ત્યારે આપણા દૃષ્ટિવંત નેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સમસ્યાના સમાધાન માટે પહેલેથી જ આયોજન કરીને ગુજરાતમાં ક્લાઈમેટ ચેન્જ વિભાગની રચના કરી, ગ્લોબલ વોર્મિંગના સંકટ સામે તરણોપાય શોધ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ વર્ષે વન-મહોત્સવ અન્વયે ૧૦.૪૦ કરોડ રોપાઓના વિતરણની તેમજ રાજ્યના બધાં જ જિલ્લાઓમાં ૧૦૦ હેક્ટર વિસ્તારમાં ૮૫ સ્થળોએ વન કવચ વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે, વન મંત્રી શ્રી મુળુભાઈ બેરા, રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, શિક્ષણ તથા આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર તેમજ જિલ્લાના ધારાસભ્યશ્રીઓ, સાંસદશ્રીઓ અને પદાધિકારીઓની ઉપસ્થિતિમાં કોકોડાઈલ રેસ્ક્યુ સેન્ટર-પાવાગઢ, કાકજ એનિમલ કેર સેન્ટર, પાલિતાણા, વરુ સોફ્ટ રિલીઝ






સેન્ટર, નડાબેટનાં ઇ-લોકાર્પણ તેમજ દીપડા વસ્તી ગણતરી પુસ્તિકા વિમોચન અને સહભાગી વન વ્યવસ્થા મંડળીઓને સહાયના ચેક વિતરણ કર્યા હતા.

વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ રાજ્યમાં વન વિસ્તારની વૃદ્ધિ અને પર્યાવરણ સંરક્ષણ માટે લેવાયેલાં પગલાંની ભૂમિકા આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં સંતુલિત વિકાસ થઈ રહ્યો છે. છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતમાં વન વિસ્તારમાં વૃદ્ધિ થઈ હોવાનું ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાના રેકોર્ડમાં જાહેર થયું છે.

રાજ્યમાં ૧૦૦ હેક્ટર જમીનમાં ૮૫ વન કવચો બનાવવાનું આયોજન છે. દરિયાઈ જીવ સૃષ્ટિના વિકાસ અને જતન માટે ચેરનાં વૃક્ષોનું વાવેતર, નમો વડ રોપાઓનું વિતરણ, અર્બન ફોરેસ્ટ જેવાં અભિયાનોથી પર્યાવરણનું જતન કરવા સરકાર સતત પ્રયત્નશીલ છે.

શિક્ષણમંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, સૌ પ્રથમ ગુજરાતે ક્લાઇમેટ ચેન્જનો વિભાગ શરૂ કર્યો હતો. વડાપ્રધાનશ્રીએ માનગઢ અને પાવાગઢને પર્યાવરણના સંતુલન માટે વનોની ભેટ આપી છે. આજે ૯૨ લાખ આદિવાસી લોકોને જંગલ થકી રોજગારી મળી રહે છે. આ પ્રસંગે મંત્રીશ્રીએ દરેક વ્યક્તિ, એક વૃક્ષનું વાવેતર કરે અને તેનો ઉછેર કરે તેવો સંકલ્પ લેવા અપીલ કરી હતી.

રાજ્યકક્ષાના વન મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં ડ્રોન ટેક્નોલોજી થકી દુર્ગમ વિસ્તારોમાં બીજના છંટકાવ, સીડ બોલના વિતરણ થકી વન વિસ્તારને વધારવા માટે સતત પ્રયત્નો થઈ રહ્યા છે.

આ વેળાએ ધારાસભ્ય સર્વ શ્રી સી. કે. રાઉલજી, જયદ્રથસિંહ પરમાર, ફતેસિંહ ચૌહાણ, શ્રીમતી નિમિષાબેન સુથાર, જિલ્લા પંચાયત પ્રમુખ કુ.કામિનીબેન સોલંકી, વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, કલેક્ટર શ્રી આશિષકુમાર, અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી એસ કે ચતુર્વેદી, વન વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને બહોળી સંખ્યામાં પંચમહાલ જિલ્લાના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●








### વિશ્વ સિંહ દિવસ

# દેશની શાન એશિયાઈ સિંહ આપણી સંસ્કૃતિનું અવિભાજ્ય અંગ

**કૌશિક ઘેલાણી**

नाभिषेको न संस्कारः सिंहस्य क्रियते वने ।
विक्रमार्जितसत्त्वस्य स्वयमेव मृगेन्द्रता ॥
- હિતોપદેશ (ભાગ ૨)

અર્થાત્ - સિંહને રાજા ઘોષિત કરવા માટે કોઈ સંસ્કાર કે અભિષેક કરવામાં નથી આવતો પણ એ એના ગુણ અને પરાક્રમ થકી જ રાજાનું પદ પ્રાપ્ત કરે છે.

સિંહ એ માત્ર જાનવર નહીં, આપણા જીવનમાં વણાયેલો એક સભ્ય છે, સિંહ એ આપણી સંસ્કૃતિ છે. આખાયે એશિયાનાં જંગલો, મેદાનો, કોતરો ખૂંદીને ગુજરાતના ગીરમાં પોતાનું ઘર બનાવનાર સિંહ આપણી સંસ્કૃતિમાં એક પોતીકા સભ્ય તરીકે વણાઈ ચૂક્યો છે. ૧૦મી ઓગસ્ટે સિંહ માટે ખાસ દિવસ છે. સિંહનું નામ સાંભળતા જ આંખ સમક્ષ રૂઆબદાર રાજા તરવરે અને કાનમાં ગર્જના ગૂંજે. વિશ્વભરમાં ૧૦મી ઓગસ્ટ આ પ્રભાવક જનાવરની જાળવણી પ્રત્યે જાગૃતિ ફેલાવવા માટે "વિશ્વ સિંહ દિવસ" તરીકે ઉજવાય છે. વિશ્વભરમાં આ દિવસે સિંહની મહત્તા સમજી શકાય અને સિંહનાં સંવર્ધન માટે જાગૃતિ કેળવાય એ માટે વિવિધ કાર્યક્રમો યોજાય છે.

સમગ્ર વિશ્વમાં એકમાત્ર સ્થળે જેનું કુદરતી અસ્તિત્વ હોય એવા દેશના જ નહિ પણ આખા એશિયાના ગૌરવસમા એશિયાઈ સિંહો આપણે ગુજરાતમાં ધરાવીએ છીએ. ગુજરાત સરકારની વન્યજીવન અને પ્રકૃતિ પ્રત્યેની સંવેદનાસભર નીતિ થકી સિંહના સંવર્ધન માટે અથાગ પ્રયત્નો કરવામાં આવ્યા છે અને પરિણામ સ્વરૂપે આપણે આજે નવ જેટલા જિલ્લાઓમાં સિંહ ડણક દે છે.

એક સમયે સમગ્ર એશિયામાં ગર્જના કરતા એશિયાઈ સિંહોની વસ્તી ધીરે - ધીરે કરતા સમગ્ર વિશ્વમાંથી ખતમ થઇ ગઈ અને છેલ્લે સાસણગીરમાં આંગળીનાં વેઢે ગણી શકાય એટલી જ રહી ગઈ. જે તે સમયે સરકાર અને નવાબના સંરક્ષણનાં પ્રયત્નો અને સિંહ સાથે તાલમેલ મેળવીને જીવતા માલધારીઓના કારણે સિંહની વસ્તી ફરી જંગલમાં ગર્જના કરતી થઈ અને છેક પાલિતાણા સુધી, બરડાના ડુંગરોમાં તો આ તરફ છેક ઊના સુધી આજે સિંહની ડણક સંભળાય છે. વિશાળ ગિરનાર પહાડને ઘેરીને આવેલું કુદરતનું અદ્ભુત જંગલ સાસણગીર ૧૪૧૨ ચોરસ કિ.મી. વિસ્તારમાં અભયારણ્ય તરીકે અને ૧૧૫૩ ચોરસ કિ.મી. રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે સંરક્ષિત છે. છેલ્લા પૂનમ અવલોકન (વર્ષ 2020) પ્રમાણે અહીં આજે ૬૭૪ કરતાં પણ વધારે સિંહો મુક્તપણે જંગલમાં મહાલતા જોવા મળે છે અને એને કુદરતી વાતાવરણમાં મહાલતા જોવાની તક ક્યારેક ન ચૂકી શકાય. વિશ્વભરમાંથી પ્રકૃતિપ્રેમીઓ અહીં વનરાજની એક ઝલક જોવા માટે ઊમટી પડે છે. દર વર્ષે ચોમાસા દરમિયાન દેશના દરેક રાષ્ટ્રીય ઉદ્યાનની જેમ જ ૧૫મી જૂનથી ૧૫ ઓક્ટોબર સુધી ગીર રાષ્ટ્રીય ઉદ્યાન જાહેર જનતા માટે બંધ હોય છે. ૧૬મી ઓક્ટોબરથી રાબેતા મુજબ પાર્ક ખૂલે છે અને અહીં સફારી કરીને પાર્કનો આનંદ લઈ શકાય છે. સિંહના સંવર્ધનના પ્રયાસના ભાગ રૂપે "LION@2047 VISION FOR AMRUTKAAL" યોજના અંતર્ગત રાજ્ય સરકારના પ્રયત્નો પૂર જોશમાં ચાલી રહ્યા છે. આપણે સહુએ પ્રકૃતિ માનવ બનીને સરકાર સાથે હાથ મિલાવીને આ પ્રભાવક પ્રાણી અને એના ઘરનું જતન કરવા પ્રયત્નો કરવા જ રહ્યા. ●



# ડાંગમાં હરણનો પુન: વનપ્રવેશ





ગુજરાત જૈવ વિવિધતાની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ રાજ્ય છે. ગુજરાતમાં નદીઓ, પર્વતો, સમુદ્ર વગેરે આવેલાં છે. ગુજરાત સરકાર પર્યાવરણના રક્ષણ માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. તે માટે વિવિધ પ્રકલ્પો કાર્યરત કર્યા છે. ઇકો સિસ્ટિમને વધુને વધુ સંતુલિત કરવાના હેતુ સાથે વન વિભાગ દ્વારા ડાંગના જંગલોમાં વધુ એક સફળ અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. વન વિસ્તારમાં તૃણાહારી પ્રાણીઓની વધતી સંખ્યા એ માનવ તેમજ પ્રાણી વચ્ચે સંઘર્ષ ઘટાડવાનું મહત્ત્વનું પગલું છે. જેને સાર્થક કરવા રાજ્યના વન વિભાગ દ્વારા ડાંગમાં શરૂ કરાયેલા 'ડીઅર બ્રીડિંગ સેન્ટર'ના પરિણામ સ્વરૂપે આ જંગલોમાંથી લુપ્ત થયેલાં હરણ-ચિત્તલનો વર્ષો બાદ પુન: વન પ્રવેશ થયો છે.

ડાંગ ખાતેના 'પૂર્ણા અભયારણ્ય'માં તાજેતરમાં છોડવામાં આવેલા ૫૦ હરણની સંખ્યા વધીને હવે ۶૪ થઇ છે. આ પહેલના પ્રારંભથી હવે ડાંગના જંગલોમાં પ્રવાસીઓ માટે વધુ એક નવું નજરાણું ઉમેરાયું છે. આ ઉપરાંત હાલમાં વધુ ૧૧ હરણોની ડીઅર બ્રીડિંગ સેન્ટરમાં માવજત કરવામાં આવી રહી છે. આ અંગે માહિતી આપતાં વન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, ગુજરાતના વન વિસ્તારોમાં તૃણાહારી અને માંસાહારી પ્રાણીઓનું સંતુલન જળવાઈ રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર દ્વારા પ્રાણીઓના સંવર્ધન-સંરક્ષણ માટે અનેકવિધ નવા આયામ-અભિયાન શરૂ કરવામાં આવ્યા છે.

ગુજરાતમાં હરણ-ચિત્તલની વસ્તીમાં વધારો કરવાના ઉદ્દેશ સાથે ઉત્તર ડાંગ વન વિભાગ હેઠળ કાલીબેલ રેંજ કાર્ય વિસ્તારમાં ચીખલા બીટ ખાતે ડીઅર બ્રીડિંગ સેન્ટરની સ્થાપના વર્ષ ૨૦૧૦-૧૧માં કરવામાં આવી હતી. જેમાં પીવાના પાણી માટે ઝરણ/કુંડી, ચેકડેમો, વન-તલાવડી વગેરે તેમજ હરણનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે વેટરનરી ડોકટરો અને અન્ય નિષ્ણાતો દ્વારા સેન્ટરની નિયમિતપણે મુલાકાત લેવામાં આવે છે જેથી હરણ-ચિત્તલની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

રાજ્ય સરકારના ગુજરાત વન્યજીવ સલાહકાર બોર્ડની ભલામણ અન્વયે વર્ષ ૧૯૭૭માં ડાંગમાં 'પૂર્ણા વન્યજીવ અભયારણ્ય'ની સ્થાપના કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૯ અને ત્યારબાદ જૂનાગઢ ખાતેના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાંથી કુલ- ૩૭ ચિત્તલની ફાળવણી ઉપરાંત વાંસદાના રાજા શ્રીમાન જયવિરેન્દ્રસિંહ સોલંકી દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૨ ચિત્તલને ડાંગના ડીઅર બ્રીડિંગ સેન્ટરમાં ભેટમાં આપવામાં આવ્યાં હતાં. પૂર્ણા અભયારણ્યમાં સ્થિત ડીયર બ્રીડિંગ સેન્ટર ખાતેથી ૫૦ હરણોને આ અભયારણ્યના કુદરતી વિસ્તારમાં છોડવામાં આવ્યા હતા, જેની સંખ્યા અત્યારે ટૂંકા સમયમાં જ વધીને ૬૪ થઇ છે. જે દિવસ-રાત મોનિટરિંગ કરતા વન વિભાગના કર્મીઓના અથાક પ્રયત્નોનું પરિણામ છે. આ તમામ સ્વસ્થ ચિત્તલને તેમનાં બચ્ચાં સાથે કુદરતી નિવાસસ્થાન એવા પૂર્ણા અભયારણ્ય વિસ્તારમાં મુક્ત કરવામાં આવ્યા છે, જે ડાંગમાં આવતા પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. ●





# સાતત્યપૂર્ણ અને સમાવેશી આર્થિક વિકાસ માટે મહિલાશક્તિની ભાગીદારી આવશ્યક: મુખ્યમંત્રીશ્રી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલા સશક્તીકરણની દિશામાં એક નવો રાહ દેશ અને દુનિયાને બતાવ્યો છે. ત્યારે મહિલાઓને સામાજિક-આર્થિક અને શૈક્ષણિક રીતે સક્ષમ બનાવવા ગુજરાતે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાતત્યપૂર્ણ અને સમાવેશી આર્થિક વિકાસ માટે મહિલા શક્તિની ભાગીદારી આવશ્યક હોવાનું તાજેતરમાં યોજાયેલી G-૨૦ એમ્પાવર સમિટ અન્વયે W-૨૦ વુમન લેડ ડેવલપમેન્ટ, એન્સ્યુરિંગ સસ્ટેઈનેબલ - ઈન્ક્લુઝિવ એન્ડ ઈક્વિટેબલ ગ્લોબલ ઈકોનોમિક ગ્રોથ વિષયક સેમિનારમાં જણાવ્યું હતું.

ગાંધીનગરમાં યોજાયેલ આ સેમિનારમાં કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ કલ્યાણ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાની, રાજ્ય મંત્રી ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરા, નીતિ આયોગના CEO શ્રી બી.વી.આર. સુબ્રમણ્યમ સહિત કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીઓ, G-૨૦ ના સહભાગી દેશોનાં મહિલા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

આ સેમિનારમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં વડાપ્રધાનશ્રીના દિશા-દર્શનમાં મહિલાઓના સશક્તીકરણ અને સમગ્ર વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. વર્ષ ૨૦૧૪માં જેન્ડર બજેટની પહેલ કરવાનું ગૌરવ પણ દેશભરમાં ગુજરાતે મેળવેલું છે. રાજ્ય સરકારે મહિલા સશક્તીકરણ માટે સ્વાસ્થ્ય, સુરક્ષા અને શિક્ષણ એમ ત્રિસ્તરીય વ્યૂહ અપનાવ્યો છે. ગ્રામીણ મહિલાઓના આર્થિક સશક્તીકરણ માટે ૨૬ લાખ બહેનોને ૨૫ લાખ સખીમંડળો દ્વારા કરોડો રૂપિયાના કારોબાર સોંપ્યા છે તેની વિગતો તેમણે આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કન્યા શિક્ષણને જનઆંદોલન બનાવવા શરૂ કરેલા કન્યા કેળવણી અભિયાનથી રાજ્યમાં કન્યા સાક્ષરતા દર ૭૦ ટકા અને નામાંકન દર ૯૦ ટકા જેટલો થયો છે તેમ પણ આ તકે જણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, મહિલાઓના વિકાસ થકી રાજ્યના વિકાસની વિભાવના સાથે મહિલા બાળ વિકાસ સંલગ્ન વિભાગોના બજેટમાં પાછલાં વર્ષોની તુલનાએ ૪૨ ટકાનો વધારો આ વર્ષે કરવામાં આવ્યો છે.

આ વેળાએ G-૨૦ એમ્પાવર KPI ડેશબોર્ડ, બેસ્ટ પ્રેક્ટિસિસ પ્લેબુક, G-૨૦ એમ્પાવર કોમ્યુનિટી અને ટેક ઈક્વિટી ડિજિટલ ઈન્ક્લુઝન પ્લેટફોર્મ સહિતની પહેલનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. ●



# ગાંધીનગરમાં G-20: આરોગ્ય સમિટ યોજાશે



આ વર્ષે ભારત G-૨૦ ની આગેવાની કરી રહ્યું છે. G-૨૦ અંતર્ગત ગુજરાતમાં ૧૭ જેટલી બેઠકોની યજમાની કરી રહ્યું છે. આગામી સમયમાં ગુજરાત આરોગ્ય સમિટની બેઠકની યજમાની કરશે. તે અંગે તાજેતરમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત, એ ભારતનું મેડિકલ ટૂરિઝમ અને ફાર્મા ક્ષેત્રનું હબ છે ત્યારે આ વૈશ્વિક કક્ષાની આરોગ્ય સમિટથી મેડિકલ વેલ્યૂ ટ્રાવેલ, ગુજરાતની હૉસ્પિટલો અને ફાર્મા કંપનીઓ સહિત આરોગ્ય ક્ષેત્રે રોકાણની વધુ નવીન તકો ઉપલબ્ધ થશે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રીએ G-૨૦ આરોગ્ય સમિટની તૈયારી સંદર્ભે હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર તેમજ મહાત્મા મંદિરની રૂબરૂ મુલાકાત કરીને ઉચ્ચ અધિકારીઓ સાથે વિસ્તૃત સમીક્ષા બેઠક યોજી હતી. આ મુલાકાત દરમિયાન આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે ઉપસ્થિત રહીને કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રીને સમિટની તૈયારીઓ અંગે માહિતગાર કર્યા હતા.

કેન્દ્રીય મંત્રી ડૉ. માંડવિયાએ G-૨૦ આરોગ્ય સમિટની તૈયારીની વિગતો આપતાં કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત આજે સફળતાપૂર્વક G-૨૦ની અધ્યક્ષતા કરી રહ્યું છે ત્યારે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે પણ ચોથી આરોગ્ય કાર્યકારી જૂથ અને આરોગ્ય કાર્યકારી જૂથના મંત્રીઓની સમિટ યોજવાની જરૂરી તમામ તૈયારીઓ કરી દીધી છે. આ સમિટ દરમિયાન વિવિધ દેશોના આરોગ્ય મંત્રીઓ - ડેલિગેટ્સ ગુજરાતની આરોગ્ય સુવિધાઓ, હૉસ્પિટાલિટી તેમજ ગુજરાતની પ્રતિષ્ઠિત ફાર્મા કંપનીઓના માલિકો સાથે બેઠક કરીને ગુજરાતમાં આરોગ્ય ક્ષેત્રે રોકાણની નવી તકોનો વિસ્તૃત અભ્યાસ કરશે, જેનો સીધો લાભ ગુજરાત અને ભારતની અર્થવ્યવસ્થાને થશે. આ સિવાય વિદેશી મહાનુભાવોના ગુજરાતનાં વિવિધ પ્રસિદ્ધ પ્રવાસન સ્થળોની મુલાકાત લેશે, જેથી ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાથી માહિતગાર થશે. જેના પરિણામે ગુજરાતમાં આરોગ્યની સાથેસાથે પ્રવાસન ઉદ્યોગને પણ વધુ બળ મળશે. સમિટની તૈયારી સંદર્ભે સબંધિત વિભાગો દ્વારા વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારતે G-૨૦નું પ્રમુખપદ સંભાળ્યું છે અને મહત્વપૂર્ણ વૈશ્વિક મુદ્દાઓ માટે ઉકેલો શોધીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. G-૨૦ શેરપા ટ્રેક હેઠળ દેશભરમાં અનેક કાર્યકારી જૂથની બેઠકો યોજાશે. જે અંતર્ગત ગાંધીનગર ખાતે ૧૭ ઓગસ્ટથી ત્રિ-દિવસીય હેલ્થ ટ્રેક મીટિંગ યોજાશે.

૧૭ થી ૧૯ ઓગસ્ટ દરમિયાન ગાંધીનગરમાં ચોથી આરોગ્ય કાર્યકારી જૂથના ડેપ્યુટીઓ અને આરોગ્ય કાર્યકારી જૂથના મંત્રીઓની બેઠક યોજાશે. ૧૯ ઓગસ્ટે ગાંધીનગરમાં જી-૨૦ સભ્ય દેશોના આરોગ્ય અને નાણા મંત્રીઓની એક સંયુક્ત બેઠક યોજાશે. આ કાર્યક્રમોમાં વિવિધ દેશોના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

હેલ્થ વર્કિંગ ગ્રુપ ડેપ્યુટીઓની બેઠક ૧૭ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને રસાયણ અને ખાતર વિભાગના મંત્રી ડૉ.મનસુખભાઈ માંડવિયા સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે. આ મીટિંગ દરમિયાન 'G-૨૦ ઈન્ડિયા હેલ્થ ટ્રેક ફોકલ પોઈન્ટ, ભારત સરકાર દ્વારા આઉટકમ ડોક્યુમેન્ટનો ઓવરવ્યૂ' પણ થશે.

આ ઈવેન્ટમાં 'ભારતના G-૨૦ પ્રેસિડેન્સી હેલ્થ ટ્રેક ફોકલ પોઈન્ટની આગેવાની હેઠળના ડ્રાફ્ટ ડિક્લેરેશન પર લાઈવ નેગોશિયેશન્સ' દ્વારા આઉટકમ ડોક્યુમેન્ટને અંતિમ રૂપ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

આ ઉપરાંત, હેલ્થ ટ્રેકના બીજા ભાગમાં આરોગ્ય મંત્રીઓની બેઠકનો પ્રારંભ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વર્ચ્યુઅલ સંબોધનથી કરવામાં આવશે. આ સત્રને આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને રસાયણ અને ખાતર વિભાગના કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા સહિત મહાનુભાવો સંબોધિત કરશે.

આરોગ્ય સમિટની તૈયારી સંદર્ભે મહાત્મા મંદિર ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી લવ અગ્રવાલ, WHOના પ્રતિનિધિ શ્રી યુત રોડ્રીક, ગુજરાત આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ તથા ગુજરાતના G ૨૦ નોડલ અધિકારી શ્રી મોના ખંધાર સહિત કેન્દ્રીય- રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# અમદાવાદમાં અંગદાન મહોત્સવ યોજાયો




ગુજરાત સરકાર રાજ્યના તમામ નાગરિકોના આરોગ્યની ચિંતા કરે છે. નાગરિકોને સારામાં સારી આરોગ્ય સુવિધા મળી રહે તે માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે. રાજ્યમાં અંગદાનને પ્રોત્સાહન મળે અને જરૂરિયાતમંદ લોકોને નવજીવન મળે તે માટે સરકાર કાર્ય કરી રહી છે. તાજેતરમાં અમદાવાદથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઇન્ડિયન મેડિકલ એસોસિયેશનના ગુજરાત એકમ, SOTTO(State Organ Tissue and Transplant Organisation) અને ગુજરાત મીડિયા ક્લબના સંયુક્ત ઉપક્રમે આયોજિત અંગદાન મહોત્સવની શરૂઆત કરાવી હતી.

અંગદાનથી સેવાભાવ પ્રવૃત્તિને બળવત્તર બનાવનારા પરિવારોને બિરદાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, પ્રાચીન સમયમાં દધીચિ ઋષિએ કરેલું દેહદાન આપણે સૌ જાણીએ છીએ. આપણી સંસ્કૃતિના આ ઉચ્ચતમ આદર્શોને આ અંગદાન પ્રવૃત્તિ આગળ ધપાવે છે. અંગદાન ક્ષેત્રે ગુજરાતની વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગત વર્ષે ૬૭૦ જીવિત વ્યક્તિઓ અને ૨૦૩ બ્રેઈનડેડ વ્યક્તિઓના અંગોનું દાન કરાયું હતું. જેનાથી ઘણાં જરૂરિયાતમંદોને નવજીવન મળ્યું છે. અંગદાન મેળવનાર પરિવારનો આનંદ અંગદાતા સ્વજનના મૃત્યુના દુઃખને દૂર કરે છે.

માનવજીવનને લગતા કોઈ પણ કાર્યમાં સાથે ઊભું રહેવું એ સરકારની અને આપણા સૌની ફરજ બને છે. અંગદાનની આ પ્રવૃત્તિમાં મીડિયા દ્વારા પણ જાગૃતતા લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે તેમ કહી આ સહિયારા પ્રયાસોને મુખ્યમંત્રીશ્રીએ બિરદાવ્યા હતા.

"અંગદાન મહોત્સવ"માં અંગદાનના સેવાકાર્યને વેગવંતુ બનાવતાં રાજ્યના અંગદાતા પરિવારજનો, રિટ્રાઈવલ અને ટ્રાન્સપ્લાન્ટ કરતી સરકારી અને ખાનગી હોસ્પિટલ્સ, સેવાભાવી સંસ્થાઓ અને મીડિયા કર્મીઓના પ્રયાસોને બિરદાવતા બહુમાન કરવામાં આવ્યું હતું. અંગદાન મહોત્સવમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, IMAના મહામંત્રી ડૉ.અનિલ નાયક, રેડક્રોસ ગુજરાતના ડાયરેક્ટર શ્રી અજય પટેલ, જાણીતા ક્રિકેટર શ્રી જસપ્રિત બુમરાહ, મીડિયા ક્લબના પ્રમુખ નિર્ણય કપુર, દિલીપ દેશમુખ, ડોનેટ લાઇફના નિલેશભાઈ, અંગદાન સાથે જોડાયેલ અગ્રણીઓ, મોટી સંખ્યામાં ટ્રાન્સપ્લાન્ટ સર્જન, તબીબો ઉપસ્થિત રહ્યા હતા. ●



# મુખ્યમંત્રીશ્રીની શુભેચ્છા મુલાકાતે UAEના ભારત સ્થિત રાજદૂત

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત તાજેતરમાં યુ.એ.ઈ.ના ભારત સ્થિત રાજદૂત ડૉ. અબ્દુલનાસર અલશાલીએ લીધી હતી. ગિફ્ટસિટી ખાતે વર્લ્ડક્લાસ ફિનટેક હબ ડેવલપ થઈ રહ્યું છે તે ફિનટેક સ્ટાર્ટઅપને ગ્લોબલ એક્સપાન્શન અને કેપિટલ ફંડિંગ માટેનું પ્લેટફોર્મ બનવાનું છે ત્યારે આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ ગિફ્ટસિટીમાં અબુધાબી ઇન્વેસ્ટમેન્ટ ઓથોરિટીની ઓફિસ સ્થાપવા અંગે ફળદાયી પરામર્શ કર્યો હતો. આના પરિણામે યુ.એ.ઈ. માટે ભારતમાં રોકાણોની તક વધુ સરળ બનશે એમ તેમણે ઉમેર્યું હતું.

યુ.એ.ઈ.ના રાજદૂત ડૉ. અબ્દુલનાસરે I2U2 સમિટના ભાગરૂપે ભારત, ઇઝરાયેલ, યુ.એસ અને યુ.એ.ઈ. વચ્ચે ફૂડ સિક્યુરિટી અંગે જે પહેલ થઈ છે તે અંગે વાતચીત કરી હતી. તેમણે આ પહેલના ભાગરૂપે ગુજરાતમાં વિકસાવવામાં આવનારા સ્ટેટ ઓફ ધી આર્ટ ફૂડ પાર્કમાં યુ.એ.ઈ. દ્વારા પ્રોસેસિંગ, વેર હાઉસિંગ વગેરે માટે જમીન મેળવવાથી લઈને લાંબાગાળાની સહભાગીદારી માટે તત્પરતા દાખવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ યુ.એ.ઈ.ની કંપનીઓ તેમજ વેલ્થ ફંડ્સને ક્લિન એનર્જી, ગ્રીન મોબિલિટી, ક્લાઈમેટ ફાઇનાન્સિંગ જેવાં સેક્ટરમાં ભાગીદારી માટે આમંત્રિત કરી હતી. આગામી જાન્યુઆરી-૨૦૨૪માં યોજાનારી વાયબ્રન્ટ સમિટની ૧૦મી આવૃત્તિમાં યુ.એ.ઈ.ને સહભાગી થવા મુખ્યમંત્રીશ્રીએ આમંત્રણ પાઠવ્યું હતું. ●







### રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીનો કલેક્ટર્સ-ડીડીઓ સાથે સંવાદ

# ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવાનું લક્ષ્ય સિદ્ધ કરવા અનુરોધ

રાજ્યના તમામ જિલ્લા કલેક્ટર્સ અને જિલ્લા વિકાસ અધિકારીઓ (ડી.ડી.ઓ)ને પ્રાકૃતિક ખેત ઉત્પાદનોની વેચાણ વ્યવસ્થા તાલુકા અને જિલ્લા કક્ષાએ વધુ સુદૃઢ કરવા તથા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા મિશનની માફક કામ કરવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અનુરોધ કર્યો હતો. તાજેતરમાં ગાંધીનગરમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાનેથી સી.એમ. ડેશબોર્ડના માધ્યમથી બંને મહાનુભાવોએ કલેક્ટર્સ- ડીડીઓ સાથે સંવાદ કર્યો હતો.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કૃષિમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ ઓછો થાય તે માટે સતત ચિંતિત છે. પ્રાકૃતિક ખેતી પરિણામદાયી ત્યારે જ કહેવાશે જ્યારે રાસાયણિક ખાતરનો ઉપયોગ આપણે ઓછો કરી શકીશું. રાસાયણિક ખાતરના બેફામ ઉપયોગથી ભારતની ભૂમિ વેરાન થઈ ગઈ છે, હવા અને પાણી પ્રદૂષિત થયાં છે, ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાઓ સર્જાઈ છે. આવી સ્થિતિમાં પ્રાકૃતિક ખેતી જ એક માત્ર ઉકેલ છે. આપણે પ્રાકૃતિક ખેતીને મિશન બનાવીને દેશમાં મોટી ક્રાંતિ કરી શકીશું અને, તો જ ગુજરાત જ નહીં પણ સમગ્ર ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સપનું સાકાર કરી શકીશું.

પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનાં ઉત્પાદનોના વેચાણ માટે માર્કેટની સુદૃઢ અને સુનિશ્ચિત વ્યવસ્થા કરવા તથા દર મહિને એ વ્યવસ્થાની સમીક્ષા કરવા કલેક્ટર્સ-જિલ્લા વિકાસ અધિકારીઓને અનુરોધ કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, જિલ્લા અને તાલુકા કક્ષાએ દર અઠવાડિયે રવિવાર અને ગુરુવારે પ્રાકૃતિક બજાર ભરાય એ સુનિશ્ચિત કરીએ. ૧૦-૧૦ ગામોના ક્લસ્ટર્સમાં ખેડૂતોને તાલીમ આપી રહેલા કૃષિ વિભાગના કર્મચારી અને ખેડૂત જ પ્રાકૃતિક ખેત પેદાશોને પ્રમાણિત કરશે અને પ્રાકૃતિક ખેત પેદાશો જ પ્રાકૃતિક બજારમાં વેચાય તેની ખાતરી કરશે. તેમણે પ્રત્યેક તાલુકામાં પ્રાકૃતિક ખેતીના આદર્શ ફાર્મ બને એવા પ્રયત્નો કરવા અને મોડેલ ફાર્મ દ્વારા ખેડૂતોને પ્રેરણા આપવા પણ અનુરોધ કર્યો હતો.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે , ગુજરાત વિદ્યાપીઠના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો અને ક્લસ્ટર્સ આધારિત તાલીમ અભિયાનથી દર મહિને સરેરાશ ૩ લાખ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ રાજ્ય સરકાર વિનામૂલ્યે આપે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ આવનારી પેઢીના કલ્યાણ માટે પ્રાકૃતિક ખેતી પદ્ધતિનો વ્યાપ વધારવા પ્રતિબદ્ધ છે ત્યારે તમામ કલેક્ટર્સ અને ડીડીઓ આ ઈશ્વરીય કાર્યમાં પ્રામાણિકતાપૂર્વક સક્રિયતાથી જોડાશે તો આપણી આવનારી પેઢીને, લોકોના સ્વાસ્થ્યને, ધરતી માતાને, ગાય માતાને અને પર્યાવરણને બચાવી શકીશું. ખેડૂતોની આવક બમણી કરી શકીશું. ભારતની ભૂમિને 'સસ્ય શ્યામલામ્' બનાવી શકીશું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, લોકોનું અને જમીનનું બેયનું સ્વાસ્થ્ય સુધરે, જીવન નિરોગી અને સુખમય બને તે માટેનો આ પ્રાકૃતિક ખેતીનો માર્ગ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણને ચીંધ્યો છે. વડાપ્રધાનશ્રીએ રાસાયણિક ખાતરોના ઉપયોગથી જે સમસ્યાઓ આવી રહી છે તેના નિવારણનું વિઝન પ્રાકૃતિક ખેતીની ઝુંબેશથી આપ્યું છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતનું માર્ગદર્શન આ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ બન્યું છે તેમ પણ તેમણે જણાવ્યું હતું. પ્રાકૃતિક ખેતીની ઝુંબેશમાં પોણા આઠ લાખથી વધુ ખેડૂતો જોડાયા છે ત્યારે જિલ્લાના વહીવટી વડા તરીકે કલેક્ટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તેને વધુ પરિણામકારી અને વ્યાપક બનાવે તે પણ એટલું જ આવશ્યક છે એવો સ્પષ્ટ નિર્દેશ મુખ્યમંત્રીશ્રીએ આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, પ્રાકૃતિક ખેત ઉત્પાદનોના વેચાણ માટે ગુજરાતમાં અત્યારે જિલ્લા કક્ષાએ ૩૮ કેન્દ્ર, બ્લોક કક્ષાએ ૬૭ અને ક્લસ્ટર કક્ષાએ ૨૩૧ વેચાણ કેન્દ્રો કાર્યરત છે.

આ વર્ચ્યુઅલ સમીક્ષા બેઠકમાં મુખ્ય સચિવ શ્રી રાજકુમાર અને મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એ. કે. રાકેશ સહિત ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. ●



## યૂથ પાર્લામેન્ટ થકી યુવાઓ લોકશાહીનું જતન કરશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા, ઉદગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રન અને AECCના સંયુક્ત ઉપક્રમે આયોજિત યુવા સંસદ (યૂથ પાર્લામેન્ટ)ની પાંચમી આવૃત્તિનો પ્રારંભ કરાવ્યો હતો. યુવા સંસદ કાર્યક્રમ વિશે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આપણે આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવીને અમૃતકાળમાં પ્રવેશી રહ્યા છીએ, ત્યારે આવનારા સમયમાં દેશનો વિકાસ અને દેશનું ગૌરવ યુવાઓના હાથમાં છે. યુવા સંસદ જેવા કાર્યક્રમો થકી દેશ અને રાજ્યના યુવાનો લોકતાંત્રિક પ્રક્રિયામાં વધુને વધુ સહભાગી થશે તથા લોકશાહી અને તેનાં મૂલ્યોના જતન પ્રત્યે સભાન બનશે. પુડુચેરીના પૂર્વ ઉપરાજ્યપાલ ડૉ.કિરણ બેદીએ ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે સંવાદ સાધીને તેમના અનેકવિધ પ્રશ્નો અંગે જવાબો આપ્યા હતા. આ યુવા સંસદ ઉપક્રમે ભારતીય સંસદ અને લોકતાંત્રિક સંસ્થાઓનું શૈક્ષણિક અનુકરણ છે, જેનો હેતુ વિદ્યાર્થીઓને આપણી લોકશાહીનાં મૂળ, વર્તમાન બાબતો, રાષ્ટ્રીય મુદ્દાઓ અને તેની સમજણ વિશે શિક્ષિત કરવાનો છે. ●



## 'કલમનો કાર્નિવલ' પુસ્તક મેળો

અમદાવાદના સાહિત્યરસિકજનો માટે તાજેતરમાં નવભારત સાહિત્ય મંદિર દ્વારા 'કલમનો કાર્નિવલ' પુસ્તક મેળાનું આયોજન કરાયું હતું. આ પુસ્તક મેળો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ખુલ્લો મુકાયો હતો. ૨૦ ઓગસ્ટ સુધી ચાલનારા આ પુસ્તક મેળામાં વિવિધ વિષયો જેવા કે, ઇતિહાસ, પૌરાણિક કથા, આધ્યાત્મિક, ધર્મ, સસ્પેન્સ, ડ્રામા, હોરર, સેલ્ફ-હેલ્પ, મેનેજમેન્ટ, પ્રેરક વગેરેના ૨૫ હજારથી પણ વધુ પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ પુસ્તક પ્રદર્શનને નિહાળવા ઉપરાંત ઉપસ્થિત વિવિધ લેખકો સાથે વાર્તાલાપ કર્યો હતો. આ મેળામાં અંગ્રેજી અને ગુજરાતી એમ બંને ભાષામાં પુસ્તકો ઉપલબ્ધ છે. 'કલમનો કાર્નિવલ' પુસ્તક મેળામાં ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ અને સાહિત્યકારો, લેખકો, પત્રકારો તથા મોટી સંખ્યામાં પુસ્તકપ્રેમીઓ હાજર રહ્યા હતા. ●

## અમદાવાદના શહીદને વીરાંજલિ અર્પતાં CM

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં શહીદી વહોરનાર ઇન્ડિયન આર્મીના વીર જવાન મહિપાલસિંહ વાળાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદમાં વીર શહીદના પાર્થિવ દેહને પુષ્પાંજલિ અર્પણ કરીને શોક સંતપ્ત પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. આ સાથે, રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મેયર શ્રી કિરીટભાઈ પરમાર, જિલ્લા કલેક્ટર સુ.શ્રી. પ્રવીણા ડી.કે. સહિત ધારાસભ્યશ્રીઓએ ઉપસ્થિત રહીને વીર શહીદને શ્રદ્ધા સુમન અર્પણ કર્યાં હતાં. ●



# રાજ્યમાં રૂ. ૫૨૭૫ કરોડનાં ઔદ્યોગિક મૂડીરોકાણ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ગુજરાતને બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ તરીકે પ્રસ્થાપિત કરતી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની દસમી શ્રેણી જાન્યુઆરી-૨૦૨૪માં યોજાવાની છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે આ સમિટને સફળ બનાવવા માટેનાં શ્રેણીબદ્ધ આયોજનો હાથ ધર્યાં છે. વાયબ્રન્ટ સમિટ-૨૦૨૪ના પૂર્વાર્ધે રાજ્ય સરકારે વિવિધ ઉદ્યોગો સાથે અત્યારથી જ MOU કરવાનો ઉપક્રમ પ્રયોજ્યો છે.




મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં તાજેતરમાં વિવિધ ઉદ્યોગગૃહો દ્વારા રાજ્યમાં ઉદ્યોગો શરૂ કરવા માટે રૂ.૧૪૦૧ કરોડના ૪ MOU કરવામાં આવ્યા હતા. આ ઉદ્યોગો ભરૂચ જિલ્લાની સાયખા તથા દહેજ GIDCમાં પોતાના ઉદ્યોગો શરૂ કરશે અને અંદાજે ૨૨૮૫ જેટલા સંભવિત રોજગાર અવસરો પૂરા પાડશે. ઉદ્યોગમંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત અને રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં આ MOU પર ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ. જે. હૈદરે રાજ્ય સરકાર વતી અને ઉદ્યોગગૃહો વચ્ચે હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

તો બીજા તબક્કામાં કુલ રૂ. ૨૭૬૧ કરોડનાં રોકાણો માટે ૧૦ MOU થયા હતાં. આ ઉદ્યોગો શરૂ થવાથી કુલ પાંચ હજારથી વધુ સંભવિત રોજગાર અવસરો આવનારા દિવસોમાં મળતા થશે. ત્રીજા તબક્કામાં રાજ્યમાં ઉદ્યોગો શરૂ કરવા માટે રૂ.૧૧૧૩ કરોડનાં કુલ રોકાણો સાથે ૪ જેટલા MOU કરવામાં આવ્યા હતા. કેમિકલ સેક્ટરમાં કુલ ૩૦૦ કરોડ રૂપિયાના રોકાણો માટે MOU કરવામાં આવ્યા હતાં.

આ ત્રણેય તબક્કામાં વિવિધ ઉદ્યોગોની સ્થાપના માટે કુલ રૂ. ૫૨૭૫ કરોડના રોકાણથી નવ હજારથી વધુ સંભવિત રોજગાર અવસરો આવનારા દિવસોમાં મળતા થશે. આ એમ.ઓ.યુ.માં સાણંદ, ડેસર-વડોદરા, પીપોદરા-સુરત તેમજ વલસાડના ડુંગરીમાં ૨૦૨૪-૨૫-૨૬ સુધીમાં આ ઉદ્યોગો શરૂ કરવા માટે ચાર MOU થયા છે. ●

## અમદાવાદમાં "સમૃદ્ધિ ટ્રેડફેર ૨૦૨૩" યોજાયો

અમદાવાદમાં મહેશ્વરી સેવા સમિતિ દ્વારા આયોજિત "સમૃદ્ધિ ટ્રેડફેર ૨૦૨૩"નું તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "બેટી બચાવો, બેટી પઢાઓ"ના વિચારને આગળ વધારવા માટે મહેશ્વરી સમાજે કરેલું સમૃદ્ધિ ટ્રેડફેર ૨૦૨૩નું આયોજન અભિનંદનને પાત્ર છે.

મહેશ્વરી સમાજની મહિલા પાંખ મહેશ્વરી સંગીની દ્વારા આયોજિત પ્રદર્શનમાં ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોના કારીગરો દ્વારા નિર્મિત કલાત્મક વસ્તુઓ વેચાણ અર્થે મૂકવામાં આવી હતી. આ સમારોહમાં ઉપસ્થિત સૌ નાગરિકોએ અંગદાનની પ્રતિજ્ઞા પણ લીધી હતી. "સમૃદ્ધિ ટ્રેડફેર ૨૦૨૩"ના ઉદ્ઘાટન પ્રસંગે ધારાસભ્ય શ્રી દર્શનાબહેન વાઘેલા તથા સ્થાનિક કાઉન્સિલર ઉપરાંત મહેશ્વરી સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●



## ગાંધીનગરથી "મિશન ઇન્દ્રધનુષ 5.0"નો રાજ્યવ્યાપી પ્રારંભ



બાળકો એ દેશનું ભવિષ્ય છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર બાળકોના આરોગ્યની સંભાળ સુપેરે રાખી રહી છે. બાળકોની આરોગ્ય સુખાકારી માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મિશન ઇન્દ્રધનુષની શરૂઆત કરવામાં આવી છે. આ સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમમાં સગર્ભાઓને ધનુર અને ડિપ્થેરિયા જ્યારે બાળકોને થતાં ઓરી, રુબેલા, ઝેરી કમળો, બાળ ટી.બી, પોલિયો, ડિપ્થેરીયા, ઉટાંટિયું, ધનુર, હીબબેક્ટેરિયાથી થતાં (ન્યુમોનિયા અને મગજના તાવ) જેવા રોગ, ન્યૂમોકોકલથી થતાં ન્યુમોનિયા, રોટા વાઈરસથી થતા ઝાડા, ઓરી અને રુબેલા જેવા ૧૧ રોગો સામે રોગપ્રતિરોધક રસી આપવામાં આવે છે.

તાજેતરમાં રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે ગાંધીનગરના અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી મિશન ઇન્દ્રધનુષના પાંચમા તબક્કાનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો છે. મિશન ઇન્દ્રધનુષ ૫.૦નો શુભારંભ કરાવતાં મંત્રીશ્રીએ રાજ્યની સગર્ભાઓ તેમજ ૦-૫ વર્ષનાં બાળકોના વાલીઓને આ રસીકરણ અભિયાનનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો હતો. રોગપ્રતિરોધક રસી ગંભીર રોગો સામે સુરક્ષા આપતી હોવાથી રસીકરણ અચૂકપણે કરાવવા મંત્રીશ્રીએ અપીલ કરી હતી. આ રસીકરણ અભિયાન હેઠળ ૦ થી ૫ વર્ષ સુધીની વયનાં અંદાજિત ૫૦,૯૦૦ બાળકો અને ૭,૨૭૮ સગર્ભાઓનુ રસીકરણ કરાશે.

મિશન ઇન્દ્રધનુષ ૫.૦ હેઠળ ૭ થી ૧૨ ઓગસ્ટ, ૧૧ થી ૧૬ સપ્ટેમ્બર અને ૯ થી ૧૪ ઓક્ટોબર દરમિયાન સઘન રસીકરણ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. અગાઉ મિશન ઇન્દ્રધનુષના ચોથા તબક્કામાં ૯.૧૬ લાખ નિયત વયજૂથનાં બાળકો અને ૨.૧૪ સગર્ભાઓનુ સફળ રસીકરણ કરાયું છે.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ તથા આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિત આરોગ્યકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## યુ.એન.મહેતા હોસ્પિટલમાં બ્લડ સેન્ટર અને MRI મશીનનું લોકાર્પણ



રાજ્યની સરકારી હોસ્પિટલમાં તમામ પ્રકારની આધુનિક સુવિધાઓ દર્દીઓને મળી રહે તે દિશામાં સરકારે પ્રયાસો હાથ ધર્યા છે. અમદાવાદ સિવિલ મેડિસિટીની યુ.એન.મહેતા હોસ્પિટલમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે અત્યાધુનિક બ્લડ સેન્ટર અને MRI મશીન દર્દીઓની સેવામાં સમર્પિત કર્યું હતું.

આ લોકાર્પણ પ્રસંગે મંત્રી શ્રી પટેલે જણાવ્યું હતું કે, રૂ.૧૬.૩૭ કરોડની કિંમતનું MRI મશીન અને રૂ. ૩.૭૦ કરોડનું બ્લડ સેન્ટર આધુનિક તકનીકોથી સજ્જ છે. બીમારીના સચોટ નિદાન અને સારવાર માટે આ મશીન કારગત નીવડશે અને આરોગ્ય સેવાઓના બંને આધુનિક પ્રકલ્પો દર્દીઓની આરોગ્ય સુખાકારીમાં વધારો કરવા સાથે મેડિકલ ટૂરિઝમમાં વધારો કરશે.

નવી કાર્ડિયાક MRI ૩-ટેસ્લા સુવિધા તબીબી ટીમને અજોડ ચોકસાઈ સાથે કાર્ડિયોવેસ્ક્યુલર સ્થિતિનું નિદાન કરવા સક્ષમ બનાવશે. કાર્ડિયાક MRIનો ઉપયોગ પ્રિ-ઓપરેટિવ પ્લાનિંગ અને પોસ્ટ ઓપરેટિવ મોનિટરિંગ બંનેમાં થાય છે. હૃદયના સચોટ માપ લેવાથી 3D-ગુણવત્તાવાળી છબીઓમાં હૃદયની રચના અને કાર્યની કલ્પના કરવામાં મદદ મળે છે. જ્યારે બ્લડ સેન્ટર સારવાર, શસ્ત્રક્રિયાઓ માટે રક્ત ઉત્પાદનોના સ્થિર અને સુરક્ષિત પુરવઠાને સુનિશ્ચિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. હૃદયના દરેક દર્દીની લોહીની જરૂરિયાત દરેક સમયે પૂરી થાય તે હેતુને ધ્યાનમાં રાખીને આ બ્લડ સેન્ટર ૨૪ x ૭ કાર્યરત રહેશે. ●





## મહિલાના સર્વાંગી વિકાસ માટે

# રાજ્યમાં 'નારી વંદન ઉત્સવ'ની ઉજવણી









સમાજ કે રાષ્ટ્રના વિકાસમાં મહિલાઓની ભાગીદારી અગત્યની છે. ગુજરાતે હર હંમેશ નારીશક્તિને મજબૂત બનાવવાનું કાર્ય કર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રી ભાનુબહેન બાબરિયાના માર્ગદર્શનમાં મહિલાઓને માર્ગદર્શન, શિક્ષણ અને સુરક્ષા મળે તે માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે. તાજેતરમાં રાજ્યભરમાં તા. ૧ થી ૭ ઓગસ્ટ સુધી 'નારી વંદન ઉત્સવ સપ્તાહ' ની ઉજવણી વિવિધ થીમ પર કરવામાં આવી હતી. તેને વિગતે જોઈએ તો...

**મહિલા સુરક્ષા દિવસ :** મહિલા સુરક્ષા દિવસ અંતર્ગત રાજ્યભરમાં મહિલાલક્ષી કાયદાઓ અને મહિલા કલ્યાણની વિવિધ યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, સાયબર સેફ્ટી અને સેલ્ફ ડિફેન્સને લગતા વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં, ૧૮૧ મહિલા અભયમ્, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર વગેરે દ્વારા કોલેજની વિદ્યાર્થિનીઓ અને મહિલાઓને જાગૃત કરવામાં આવી હતી.

**'બેટી બચાવો, બેટી પઢાવો' દિવસ:** આ અંતર્ગત કિશોરી મેળાનું આયોજન/વ્હાલી દીકરી યોજનાના મંજૂરી હુકમોનું વિતરણ, મહિલા રમતવીરો, કલાકારો, શિક્ષણ ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર દીકરીઓનું સન્માન, મહિલાઓના આરોગ્ય અને પોષણ તથા PCPNDT એક્ટ વિશે વર્કશોપ યોજવામાં આવ્યા હતા. 'કોફી વીથ કલેક્ટર' કાર્યક્રમમાં કલેક્ટરશ્રીએ વિદ્યાર્થીઓની અસાધારણ સફળતાને બિરદાવી વિદ્યાર્થિનીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ, સરકારી સેવા, વિજ્ઞાન, સમાજ સહિતના વિવિધ વિષયો પર સંવાદ કર્યો હતો.

**મહિલા સ્વાવલંબન દિવસ:** રાજ્યમાં મહિલા સ્વાવલંબન દિવસે શ્રમજીવી મહિલાઓના અધિકારો અને કલ્યાણકારી યોજનાઓની જાણકારી અંગે જાગૃતતા સેમિનાર યોજવામાં આવ્યા હતાં. આ સાથે, મહિલાઓ માટે સ્વરોજગાર/લોન મેળાઓ તેમજ જિલ્લા કક્ષાએ ઉદ્યોગ સાહસિક મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

**મહિલા નેતૃત્વ દિવસ:** રાજ્યમાં સહકાર, કલાજગત, રાજકીય, શિક્ષણ વિગેરે જેવા તમામ ક્ષેત્રે નેતૃત્વ કરતી અગ્રેસર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે, વિવિધ ક્ષેત્રોમાં નેતૃત્વ કરતી મહિલાઓ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો.

**મહિલા કર્મયોગી દિવસ:** કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમ-૨૦૧૩ હેઠળ બિન-સરકારી માળખાઓની મહિલા સાથે જાગૃતતા સેમિનાર યોજવામાં આવ્યો હતો.

**મહિલા કલ્યાણ દિવસ:** જે અંતર્ગત મહિલા કલ્યાણકારી યોજનાઓ જેવી કે, કૌશલ્ય વર્ધન કેન્દ્રો, મહિલા ITI કોલેજો અંગે વિષય નિષ્ણાંત દ્વારા સમજ આપવામાં આવી હતી.

**મહિલા અને બાળ આરોગ્ય દિવસ:** નારી વંદન ઉત્સવના અંતિમ દિવસે મહિલા અને બાળ આરોગ્ય દિનની ઉજવણી કરી રાજ્યના CHC અને PHC ખાતે સ્ત્રી રોગ નિદાન કેમ્પ, આયુષ્માન ભારત કાર્ડ અને આભા કાર્ડ ઇસ્યુ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.●

**નારી વંદન ઉત્સવ સપ્તાહની ઉજવણી:** ● તા.૦૧ મહિલા સુરક્ષા દિવસ ● તા.૦૨ બેટી બચાવો બેટી પઢાવો ● તા.૦૩ મહિલા સ્વાવલંબન દિવસ ● તા.૦૪ મહિલા નેતૃત્વ દિવસ ● તા.૦૫ મહિલા કર્મયોગી દિવસ ● તા.૦૬ મહિલા કલ્યાણ દિવસ ● તા.૦૭ મહિલા - બાળ આરોગ્ય દિવસ



# રાષ્ટ્રભક્તિને ઉજાગર કરતું એક અનન્ય અભિયાન 'મારી માટી, મારો દેશ'

દેશને આઝાદી અપાવવામાં મહત્ત્વની ભૂમિકા સ્વાતંત્ર્ય સેનાનીઓએ ભજવી છે. પ્રતિદિન માતૃભૂમિ માટે જીવવું, સમયની દરેક ક્ષણ અને જીવનનો પ્રત્યેક કણ મા-ભોમને સમર્પિત કરીએ, એ જ આઝાદીના લડવૈયાઓને આપણી સાચી શ્રદ્ધાંજલિ હશે. આ નિર્ધાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી છે. દેશની આઝાદીના ૭૫ વર્ષના અમૃતકાળની ભવ્ય ઉજવણી કરવા તેમજ આગામી ૨૫ વર્ષમાં ભારતને વિકસિત દેશ બનાવવા સ્વપ્ન માટે રોડમેપ તૈયાર કરવા વડાપ્રધાનશ્રીએ ૧૨ માર્ચ, ૨૦૨૧થી 'આઝાદી કા અમૃત મહોત્સવ'નો શુભારંભ કરાવ્યો હતો. 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની પૂર્ણાહૂતિને વધુ ભવ્ય અને યાદગાર બનાવવા તા. ૯ થી ૩૧ ઓગસ્ટ દરમિયાન સમગ્ર દેશમાં 'મારી માટી, મારો દેશ- માટીને નમન, વીરોને વંદન' અભિયાનની શરૂઆત કરવામાં આવી છે.

માતૃભૂમિને સમર્પિત આ ઝુંબેશ હેઠળ દેશભરની ૨.૫ લાખથી વધુ ગામની માટી એકઠી કરીને તેને રાજધાની દિલ્હીના કર્તવ્ય પથ સુધી લાવીને 'આઝાદી કા અમૃત મહોત્સવ સ્મારક' તેમજ 'અમૃતવાટિકા' નું નિર્માણ કરવામાં આવશે. આ સ્મારક 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણીનું સ્મૃતિસ્થળ બનવા સાથે દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનાર વીરસપૂતો માટે સાચી શ્રદ્ધાંજલિ બની રહેશે.

## દેશભરમાં માટી યાત્રા

'મારી માટી, મારો દેશ' અભિયાન અંતર્ગત દેશભરમાં સ્થાનિક કાર્યક્રમો અને માટીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. દેશભરના ગામડાઓમાં ગામથી તાલુકા સુધીની માટીયાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા ગામડે-ગામડેથી એક-એક મુઠ્ઠી માટી લઈ તેને તાલુકા કક્ષાએ એકત્ર કરશે. ત્યારબાદ તાલુકાથી દિલ્હી કર્તવ્યપથ સુધીની અમૃત કળશ યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દરેક તાલુકાનું પ્રતિનિધિત્વ કરતા ૭,૫૦૦થી પણ વધારે યુવાનો એકત્ર થયેલી માટીના કળશ 'અમૃત વાટિકા'ની સ્થાપના માટે દિલ્હીના કર્તવ્યપથ સુધી પહોંચાડશે.

## સ્થાનિક કક્ષાએ યોજાશે પાંચ મુખ્ય કાર્યક્રમ

૧. શિલાફલકમનું સ્થાપન: દેશના દરેક ગામ અને ગ્રામપંચાયત વિસ્તારમાં આવેલાં અમૃત સરોવર કે જળાશયો ખાતે અને જ્યાં જળાશયો ઉપલબ્ધ ન હોય, ત્યાં પંચાયત ઓફિસ, શાળા પાસે સ્મારક પથ્થરની તકતી (શિલાફલકમ્) ઊભી કરવામાં આવશે. શહીદ વીરોનાં બલિદાનને સમર્પિત આ તકતીમાં સ્થાનિક વીરોનાં નામનો સમાવેશ કરવામાં આવશે.

૨. 'પંચ પ્રણ' પ્રતિજ્ઞા: સ્થાનિક કક્ષાએ યોજાતા કાર્યક્રમ દરમિયાન નાગરિકોને હાથમાં મુઠ્ઠીભર માટી અથવા માટીનો દીવો રાખી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે સામૂહિક પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

### અમૃતકાળનાં પંચપ્રાણ:

- વિકસિત ભારતનું લક્ષ્ય
- ગુલામીની માનસિકતામાંથી સ્વતંત્રતા
- ભારતના સમૃદ્ધ વારસા પર ગર્વ અને તેનું સંરક્ષણ
- દેશની એકતા અને એકસૂત્રતા
- નાગરિકોમાં ફરજ અને જવાબદારીની ભાવના

૩. વસુધા વંદન: વસુધા વંદન કાર્યક્રમ અંતર્ગત માભોમને વધુ હરિયાળી બનાવવા દેશની ૨.૫ લાખથી વધુ ગ્રામ પંચાયતદીઠ ૭૫ રોપાઓનું વાવેતર કરીને તેનો ઉછેર કરવામાં આવશે.

૪. વીરોને વંદન: વીરોને વંદન કાર્યક્રમ અંતર્ગત ગ્રામ પંચાયત કક્ષાએ યોજાનાર દરેક સમારોહમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શહીદ સેનાનીઓના પરિવારો, સંરક્ષણ કર્મચારીઓ અથવા તેમના પરિવારોને આમંત્રિત કરીને વીરોનું સ્થાનિક પરંપરા અને રિવાજ અનુસાર સન્માન કરવામાં આવશે.

૫. રાષ્ટ્ર ધ્વજ ફરકાવવો અને રાષ્ટ્રીયગીત ગાન: ગ્રામપંચાયત કક્ષાએ યોજાનાર કાર્યક્રમોમાં ગ્રામજનો દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં અને રાષ્ટ્રગાન પણ ગાવામાં આવશે. ●

### 'મારી માટી, મારો દેશ' અભિયાન

# નાગરિકોને રાષ્ટ્રભક્તિ ઉજાગર કરવા મુખ્યમંત્રીશ્રીનું આહ્‌વાન





વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં માતૃભૂમિ માટે શહાદત વહોરનારા વીરોના બલિદાનને યાદ કરવાનું જનઅભિયાન 'મારી માટી, મારો દેશ' આઝાદીના અમૃતકાળમાં ઉપાડ્યું છે. જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આદિજાતિ જિલ્લા તાપીના સોનગઢ તાલુકાની ગુણસદા પ્રાથમિક શાળા ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે જણાવ્યું હતું કે, આપણા દેશની માટીમાં જન્મ લઈને આ માતૃભૂમિની આઝાદી અને રક્ષા કાજે શહીદી વહોરી અમર ઈતિહાસનું સર્જન કર્યું છે એવા વીરોની વંદના કરવાની તક આપણને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વમાં મળી છે. વિકસિત ભારતનું લક્ષ્ય, ગુલામીની માનસિકતામાંથી સ્વતંત્રતા, ભારતના સમૃદ્ધ વારસા પર ગર્વ અને તેનું સંરક્ષણ, દેશની એકતા અને એકસૂત્રતા તથા નાગરિકોમાં ફરજ અને જવાબદારીની ભાવના અંગે સૌને જાગૃત થઈ આ મહાઅભિયાનમાં જોડાઈને રાષ્ટ્રભક્તિ ઉજાગર કરવાનું તેમણે આહ્વાન કર્યું હતું.


મુખ્યમંત્રીશ્રીએ શાળાના પ્રાંગણમાં 'શિલાફલકમ્'નું અનાવરણ કરી મુઠ્ઠીભર માટી કળશમાં અર્પણ કરી કળશ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. 'મારી માટી, મારો દેશ' કાર્યક્રમના આ અવસરે તેમણે મૂળ તાપી જિલ્લાના ચચરબુંદા ગામના અને દેશની સુરક્ષા માટે ફરજ બજાવીને હાલ નિવૃત્ત થયેલા સી.આર.પી.એફ. જવાન દિનેશભાઈ ગામીત અને ગુણસદાના સુરેશભાઈ ગામીતને પ્રશસ્તિપત્ર અને સ્મૃતિચિહ્ન એનાયત કરી સન્માનિત કર્યા હતા. આ સાથે ગુણસદા પ્રાથમિક શાળા ખાતે 'વસુધા વંદન' કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવોના હસ્તે ૭૫ જેટલા ફળાઉ અને ઔષધિય રોપાઓનું વાવેતર કરી 'અમૃત વાટિકા'ના નિર્માણનો પણ પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ વેળાએ આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ, જિલ્લા કલેક્ટર ડૉ. વિપિન ગર્ગ સહિત અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## ગુજરાતમાં 'મારી માટી, મારો દેશ' અભિયાનને મળ્યો વ્યાપક જનપ્રતિસાદ

આઝાદીના અમૃતપર્વના ભાગરૂપે સમગ્ર ભારતમાં ઉજવાઇ રહેલા 'મારી માટી, મારો દેશ'ને વ્યાપક જનસમર્થન પ્રાપ્ત થઇ રહ્યું છે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં આ અભિયાનનો તા. ૯મી ઓગસ્ટથી પ્રારંભ થયો ત્યારથી અત્યાર સુધીમાં (૧૫ ઓગસ્ટ) કુલ ૧૭.૯૬ લાખથી વધારે નાગરિકો આ અભિયાનમાં જોડાયા છે. તા. ૧૬ ઓગસ્ટથી આ અભિયાનની તાલુકા કક્ષાએ શરૂઆત થવાની છે. તાજેતરમાં રાજ્યમાં ૧૫મી ઓગસ્ટના સ્વતંત્રતા પર્વે ૬૬૪ ગામોમાં 'મારી માટી, મારો દેશ' અભિયાન અંતર્ગત અંદાજિત ૧,૦૯,૪૦૧ ગ્રામજનો સહભાગી થયા હતા. માત્ર એક જ દિવસમાં જ ૫૭૫ શીલાફલકમનું અનાવરણ કરવામાં આવ્યું હતું. વસુધા વંદન કાર્યક્રમ અંતર્ગત સમગ્ર રાજ્યમાં ૫૦,૯૮૦ જેટલા વૃક્ષોનું વાવેતર તેમજ દેશની રક્ષા માટે બલીદાન આપનાર ૫૯૯ જેટલા વીર-વીરાંગનાઓ અને તેમના પરિવારોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ અભિયાન અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૪,૬૨૫ શીલાફલકમનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આશરે ૧૨.૨૨ લાખથી વધુ લોકોએ તિરંગા સાથેની સેલ્ફી વેબસાઇટ ઉપર અપલોડ કરી હતી અને ૧૭.૩૬ લાખથી વધુ નાગરિકોએ પંચપ્રણ પ્રતિજ્ઞા લીધી હતી. આ ઉપરાંત, રાજ્યના કુલ ૧૫,૬૮૨ સ્થળો ખાતે આશરે ૧૧.૭૧ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. વધુમાં, રાજ્યના ૨૬,૫૨૬ જેટલા વીર-વીરાંગનાઓ અથવા તેમના પરિવારોનું સન્માન કરવામાં આવ્યું હતું. ●




# ગુજરાતની વિસરાતી કળા-કારીગરીને 'વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ-ODOP' આપશે જીવનદાન

કેન્દ્ર સરકારની 'One District, One Product (ODOP)' પહેલ ગુજરાતની 'વિસરાતી' કળા-કારીગરીને જીવનદાન આપનારી બની રહેશે. ૭મી ઑગસ્ટના રોજ 'નેશનલ હેંડલૂમ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે, ત્યારે રાજ્ય સરકારે ODOP હેઠળ હસ્તકળા-હાથશાળ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે વિશેષ આયોજન હાથ ધર્યું છે.

ODOP યોજના અંતર્ગત દરેક જિલ્લામાંથી એક વિશિષ્ટ ઉત્પાદનની પસંદગી કરી, તેનું બ્રાન્ડિંગ અને પ્રમોશન કરી દેશ અને દુનિયાભરમાં જાણીતી બને તે માટે પ્રયાસો થઈ રહ્યા છે, જેમાં હાથશાળ અને હસ્તકલા સહિત વિવિધ ક્ષેત્રોનો પણ સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના ઉત્પાદનોની ડોમેસ્ટિક તેમજ આંતરરાષ્ટ્રીય બજારમાં ઓળખ ઊભી કરવાના હેતુથી વર્ષ ૨૦૨૩-૨૪થી રાજ્યમાં 'વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ' (ODOP) સહાયની યોજના અમલમાં મૂકવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે આ યોજના માટે રૂ. ૫૮ કરોડની ગ્રાન્ટ મંજૂર કરી છે. ગુજરાત રાજ્ય હાથસાળ અને હસ્તકલા વિકાસ નિગમ (GSHHDC) દ્વારા આ યોજનાનું અમલીકરણ શરૂ કરી દેવાયું છે.

આ અભિયાનને વધુ પરિણામલક્ષી બનાવવા માટે નિષ્ણાતોની મદદ પણ લેવામાં આવી રહી છે. જેમ કે, આણંદ જિલ્લાના ખંભાતના અકીક પથ્થરની કારીગરી અને ભરૂચ જિલ્લાની 'સુજની' કળા માટે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન (NID) અને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફેશન ટેક્નોલોજી (NIFT)એ વર્કશૉપ યોજી સહયોગ આપ્યો હતો.

રાજ્યના દરેક જિલ્લામાંથી મહત્ત્વની કળા-કારીગરીની પસંદગી ODOP યોજના હેઠળ જિલ્લાના સાંસ્કૃતિક અથવા ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં ઉત્પાદનો અથવા હસ્તકલાને પસંદ કરવામાં આવ્યા છે અને સઘન પ્રયાસો દ્વારા તેના વિકાસ અને પ્રમોશનની કામગીરી કરવામાં આવી રહી છે. આ યોજના અંતર્ગત રાજ્યના ૨૧ જિલ્લાઓમાંથી હસ્તકલા-હાથશાળ ક્ષેત્રનાં ૨૫થી વધુ ઉત્પાદનોની પસંદગી કરવામાં આવી છે. જેમાં, ગામઠી બ્લૉક પ્રિન્ટ અને માતાની ODOP હેઠળ રાજ્યના ૩૩ જિલ્લાઓની એક, બે અથવા ત્રણ મહત્ત્વની કળા-કારીગરીની પસંદગી કરવામાં આવી છે. આવી વસ્તુઓમાં સૌથી મહત્ત્વની છે ભરૂચની 'સુજની' કળા' અને ખંભાતના અકીક પથ્થર અને તેમાંથી બનતાં ઉત્પાદનોની પસંદગી કરવામાં આવી છે. આનાથી ODOP ઉત્પાદનોની ઇકો સિસ્ટિમને વધુ સુદૃઢ બનશે. ●



### ગુજરાતમાં One District, One Product (ODOP) હેઠળ પસંદગી પામેલી હસ્તકલા- કારીગરી

- અમદાવાદ - ટેરાકોટા અને માતાની પછેડી/સોદાગરી બ્લૉક પ્રિન્ટ
- અમરેલી - મોતીકામ
- આણંદ - અકીક પથ્થર
- બનાસકાંઠા સુફ એમ્બ્રૉઇડરી/એપ્લિક (Suf Embroidery/Applique)
- ભરૂચ - સુજની રજાઈ વણાટ કળા
- ભાવનગર - મોતીકામ
- છોટા ઉદેપુર - પિઠોરા પેઇન્ટિંગ
- દેવભૂમિ દ્વારકા - ખંભાળિયા શૉલ
- ગાંધીનગર - વુડ વર્ક/બ્લૉક મેકિંગ
- સાબરકાંઠા - ટેરાકોટા
- જામનગર - બાંધણી
- જૂનાગઢ - મોતીકામ
- કચ્છ - હેંડિક્રાફ્ટ વસ્તુઓ
- મોરબી - માટીકામ
- નર્મદા - વાંસનાં ઉત્પાદનો
- નવસારી - વારલી ચિત્રકળા
- પાટણ - ડબલ ઇકત વણાટ પટોળાં
- રાજકોટ - સિંગલ ઇકત વણાટ
- સુરત - સાડેલી કળા
- સુરેન્દ્રનગર-સિંગલ ઇકત વણાટ પટોળાં
- તાપી - વાંસનાં ઉત્પાદનો

# અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે ગુજરાતનું રાષ્ટ્રીય સ્તરે બહુમાન



રાજ્યમાં થઈ રહેલ અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટની શ્રેષ્ઠ કામગીરીની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવામાં આવી છે. તાજેતરમાં ૧૩મા રાષ્ટ્રીય અંગદાન દિવસ ૩જી ઑગસ્ટના રોજ નવી દિલ્હી ખાતે NOTTO (National Organ and Tissue Transplant Organisation) દ્વારા આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાના હસ્તે ગુજરાતે વિવિધ કેટેગરીમાં પાંચ એવૉર્ડ પ્રાપ્ત કરીને આરોગ્ય ક્ષેત્રે આગવી નામના મેળવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા અંગદાન અને પ્રત્યારોપણ ક્ષેત્રે શ્રેષ્ઠત્તમ કામગીરી કરવામાં આવી રહી છે, જેના પરિણામે સમયે-સમયે તેની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લેવાતી રહી છે.

આ એવૉર્ડ મળતાં આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે અંગદાન ક્ષેત્રે દિવસ-રાત નિષ્ઠાપૂર્ણ કરવામાં આવી રહેલી શ્રેષ્ઠ કામગીરીનું આ પરિણામ હોવાનું જણાવીને અંગદાન સાથે સંકળાયેલા સૌ લોકોની નિષ્ઠાને બિરદાવીને શુભેચ્છાઓ પાઠવી હતી.

અમદાવાદ સિવિલ હૉસ્પિટલને વિવિધ કેટેગરીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ ત્રણ અને ગુજરાતના SOTTO એકમ અને અંગદાન બાબતે જનજાગૃતિ માટે પ્રયાસરત અંગદાન ચેરિટેબલ સંસ્થાને ઇમર્જિંગ કેટેગરીમાં એવૉર્ડ એનાયત થયો હતો.

અમદાવાદ સિવિલ હૉસ્પિટલને બેસ્ટ રિટ્રાઇવલ સેન્ટર, બ્રેઇનડેડ કમિટી માટે તેમજ સિવિલ હૉસ્પિટલના જ આર.એમ.ઓ. ડૉ. સંજય સોલંકીને બેસ્ટ ટ્રાન્સપ્લાન્ટ કો-ઑર્ડિનેટર માટે એક્સલન્સ એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

અમદાવાદ સિવિલ હૉસ્પિટલના સૂપરિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીના નેતૃત્વમાં અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં અઢી વર્ષમાં ૧૨૩ બ્રેઇનડેડ વ્યક્તિઓના અંગદાનમાં ૩૮૭ અંગો સફળતાપૂર્ણ રિટ્રાઇવ કરીને ૩૭૭ જરૂરિયાતમંદ વ્યક્તિઓને નવજીવન આપવામાં આવ્યું હતું.

બ્રેઇનડેડ વ્યક્તિના પરિવારજનો, સ્વજનોને અંગદાન માટે સમજાવવા, તેમની સંમતિ લેવાં માટે કાઉન્સેલિંગની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોય છે. સિવિલ હૉસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. સંજય સોલંકીએ આ ભૂમિકા બખૂબી નિભાવી છે, જેના પરિણામે દેશના અંગદાન ક્ષેત્રના મહત્ત્વના એકમ NOTTO દ્વારા બેસ્ટ ટ્રાન્સપ્લાન્ટ કો-ઑર્ડિનેટર તરીકે તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

કોરોનાકાળના બે વર્ષની વિષમ પરિસ્થિતિઓ વચ્ચે ૧,૨૦૭ અંગદાન અને ૩,૬૭૩ ટ્રાન્સપ્લાન્ટ થયા છે. હાલ રાજ્યમાં કુલ રિટ્રાઇવલના ૪૨% સરકારી સંસ્થામાં અને ૬૮ % ટ્રાન્સપ્લાન્ટ સરકારી સંસ્થામાં કરવામાં આવી રહ્યા છે. SOTTO દ્વારા કરવામાં આવી રહેલી આ કામગીરી બદલ બેસ્ટ ઇમર્જિંગ સ્ટેટ ટ્રાન્સપ્લાન્ટ ઑર્ગેનાઇઝેશન તરીકેનું બહુમાન પ્રાપ્ત થયું છે.

રાજ્યમાં અંગદાનની ઝુંબેશને જનઆંદોલનમાં ફેરવવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરનાર દિલીપ દેશમુખ(દાદા)ની સંસ્થા અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટનું બેસ્ટ ઇમર્જિંગ NGO કેટેગરીમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ●

## સુખપર PHCને મળ્યું રાષ્ટ્રીય કક્ષાનું સન્માન




કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના હેલ્થ & વેલનેસ સેન્ટર - પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુખપરની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવામાં આવી છે. તાજેતરમાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા હેલ્થ & વેલનેસ સેન્ટર - પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુખપરને ગુણવત્તાની દૃષ્ટિએ રાષ્ટ્રીયકક્ષાનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. હેલ્થ & વેલનેસ સેન્ટર સુખપરે નેશનલ ક્વૉલિટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ (NQAS)નાં ધારાધોરણો અંતર્ગત ૮૮.૭ ટકા સાથે રાષ્ટ્રીય કક્ષાનું સર્ટિફિકેટ મેળવ્યું છે. આરોગ્ય સેવાને લગતી રાષ્ટ્રીય કક્ષાની ગુણવત્તા સંબંધિત આ પ્રમાણપત્ર બાબતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં વિવિધ બાબતોએ તપાસ કરવામાં આવી હતી. જેમાં ઓપીડી, આઇપીડી, લેબોરેટરી, લેબરરૂમ, નેશનલ હેલ્થ પ્રોગ્રામ અને જનરલ એડમિનિસ્ટ્રેશન એમ કુલ ૬ ડિપાર્ટમેન્ટના ચેકપોઇન્ટની ચકાસણી કરાઈ હતી. તદુપરાંત દર્દીઓના આરોગ્યની સેવા તથા સુવિધાના અલગ માપદંડ મુજબ અભિપ્રાય પણ મેળવવામાં આવ્યા હતા. ●

### ઇન્ડિયા ટૂરિઝમ સ્ટેટિસ્ટિક્સ- ૨૦૨૩ રિપોર્ટ જાહેર

# ૧૭ લાખ વિદેશી પ્રવાસીઓ સાથે ગુજરાત અગ્રેસર



કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલયે જાહેર કરેલા ઇન્ડિયા ટૂરિઝમ સ્ટેટિસ્ટિક્સ-૨૦૨૩ના અહેવાલ મુજબ વિદેશી પ્રવાસીઓની દૃષ્ટિએ ગુજરાતે ભારતમાં પ્રથમ સ્થાન અને સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યું છે. રિપોર્ટ પ્રમાણે વર્ષ ૨૦૨૨ માં ૮.૫૯ મિલિયન વિદેશી પ્રવાસીઓએ ભારતની મુલાકાત લીધી હતી. જેમાંથી ૧૭ લાખ પ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. એટલે કે વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ગુજરાતનો હિસ્સો દેશમાં ૨૦.૭૦% સાથે સૌથી વધુ રહ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રવાસનને એક મિશન મોડ તરીકે લેવાના અનુરોધના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પ્રવાસન ક્ષેત્રે કરવામાં આવેલી વિવિધ પહેલો તેમજ પ્રવાસન ક્ષેત્રના સર્વાંગી વિકાસના પરિણામે આજે ગુજરાત પ્રવાસીઓને આકર્ષવામાં સફળ રહ્યું છે.

પ્રવાસન વિભાગ દ્વારા ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને ગુજરાતમાં આવતાં પ્રવાસીઓ માટે અનેકવિધ ડિજિટલ પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યા છે. જેના ભાગરૂપે પ્રવાસન દ્વારા મહત્વનું એવું ATITHYAM પોર્ટલ પ્રકારનું પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યું છે. ગુજરાત આ પ્રકારનું પ્લેટફોર્મ વિકસાવનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. આ પોર્ટલ ગુજરાતમાં આવતા પ્રવાસીઓની સંખ્યાને ટ્રેક કરવા માટે રીયલ-ટાઇમ ડેશબોર્ડ છે. સમગ્ર રાજ્યમાં પ્રવાસીઓની સંખ્યા મોનિટર કરવા આ એક મહત્વનું પ્લેટફોર્મ છે.

ગુજરાતમાં રોજગારીનું પ્રમાણ વધે અને પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા પ્રવાસનની કેટેગરી મુજબ અનેકવિધ નવાં પગલાં ભરવામાં આવ્યાં છે. પ્રવાસન વિભાગે માર્કેટિંગ ઝુંબેશ, ટ્રાવેલ એક્સ્પોઝ અને આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં સહભાગિતા દ્વારા ગુજરાતને પ્રવાસન સ્થળ તરીકે વધુ પ્રોત્સાહન આપ્યું છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સેક્ટરમાં પ્રવાસન ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવામાં પ્રાધાન્ય આપીને હોટલ અને વાહનવ્યવહારની સુવિધા પ્રવાસીઓ માટે વધુ અનુકૂળ-આરામદાયક બનાવી છે.

આ સિવાય ઇકો-ટૂરિઝમ અને વાઇલ્ડલાઇફના વિકાસ માટે પણ સરકારે ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને કચ્છનું રણ, ગીર નેશનલ પાર્ક, સ્ટેચ્યૂ ઓફ યુનિટી જેવા સ્થળોએ પ્રકૃતિપ્રેમી અને વન્યજીવ પ્રેમીઓને આકર્ષિત કર્યા છે , જે આ પ્રદેશની વિવિધ વનસ્પતિ- પ્રાણીસૃષ્ટિને નિહાળવાની અપ્રતિમ તકો પૂરી પાડે છે. શિવરાજપુર, દ્વારકા, માંડવી અને સોમનાથ જેવા ગુજરાતના દરિયાકિનારાના વિકાસે પ્રવાસન ક્ષેત્રે મોટી લોકપ્રિયતા મેળવી છે.

રાજ્યના સાંસ્કૃતિક વારસાને જાળવવા, તેના કુદરતી સૌંદર્યને માણવા અને આધુનિક માળખાકીય સુવિધાઓ જેવી કે હવાઇમથકના આધુનિકીકરણ, રોડ નેટવર્ક અને રહેઠાણના વિકલ્પોમાં રોકાણ કરવાની સરકારની નીતિ-હોમસ્ટે સહિત વિવિધ પ્રોજેક્ટના પરિણામ સ્વરૂપે ભારત સહિત સમગ્ર વિશ્વના પ્રવાસીઓને આકર્ષવામાં સફળતા મળી રહી છે. ગુજરાતની મુલાકાત લેનારા દરેક પ્રવાસીને અજોડ હોસ્પિટાલિટી, સુદૃઢ માળખાકીય સુવિધાઓ અને અવિસ્મરણીય અનુભવ પ્રદાન કરવાની સાથે પ્રવાસન ક્ષેત્રે ભવિષ્યમાં વધુ સારું રેન્કિંગ જાળવી રાખવા રાજ્ય સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે. ●

# લોથલમાં વિશ્વનું સૌથી મોટું નેશનલ મેરિટાઇમ હેરિટેજ મ્યુઝિયમ બનશે



હિમાંશુ ઉપાધ્યાય

ગુજરાતમાં પુરાતત્વીય ખોદકામથી ઐતિહાસિક પ્રાસંગિકતાના અનેક સ્થળો મળી આવ્યા છે. ભારતના ગૌરવ સમાન આ કેન્દ્રોમાં ધોળાવીરા અને લોથલનો પણ સમાવેશ થાય છે. પ્રાચીન સમયમાં લોથલ, ભારતની સમુદ્રી ક્ષમતાનું સમૃદ્ધ કેન્દ્ર હતું. લોથલમાંથી ખોદકામ દરમિયાન મળેલા શહેરો, બંદરો અને બજારોના અવશેષોના શહેરી આયોજનમાંથી આજે ઘણું શીખી શકાય તેમ છે. આવા 'લોથલ' ખાતે કેન્દ્ર સરકાર દ્વારા 'નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ'(NMHC) આકાર પામી રહ્યું છે. રૂ. ૪,૫૦૦ હજાર કરોડના ખર્ચે નિર્માણ પામનારા આ કોમ્પલેક્ષમાં બનનારુ મ્યુઝિયમ' માનવ સભ્યતાની પા-પા પગલીનું સાક્ષી બનશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ માર્ગદર્શન હેઠળ, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્ષ (NMHC)નું અમદાવાદ જિલ્લાના લોથલ ખાતે નિર્માણ કરવામાં આવી રહ્યું છે. લોથલ ખાતેનું ડોકયાર્ડ વિશ્વનું સૌપ્રથમ માનવસર્જિત ડોકયાર્ડ છે જેને આજથી આશરે ૫૦૦૦ વર્ષ પહેલાં બનાવવામાં આવ્યું હતું. ભારત દેશના મેરીટાઇમ ઇતિહાસ અને ટેકનોક્રાફ્ટના મિશ્રણ સાથે તૈયાર થનારુ આ હેરિટેજ કોમ્પ્લેક્ષ લોકો માટે એક દર્શનીય સ્થળ ઉપરાંત અભ્યાસ માટેનો અનુભવ બનશે. નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્ષ એક નવા આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે અને તેને વિશ્વના અન્ય આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમોની સમકક્ષ બનાવી તેની સારસંભાળ લેવામાં આવશે. આ પ્રોજેક્ટ સમગ્ર ભાલ પ્રદેશની અર્થવ્યવસ્થા વિકસાવવામાં પણ મદદરૂપ સાબિત થશે. જેના પરિણામ સ્વરૂપે હજારો લોકો માટે રોજગારીની અનેક તકો અહીં સર્જાશે, તેમ જ સંખ્યાબંધ કુટીર ઉદ્યોગોના વિકાસની પણ અનેક રાહ ખુલશે એ પણ એટલું જ નિશ્ચિત છે.

નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પલેક્ષ અમદાવાદથી ૭૫ કિલોમીટર દૂર આવેલા લોથલમાં આકાર પામી રહ્યું છે. જ્યાં રોડ-માર્ગ મારફતે આરામથી પહોંચી શકાય છે. અમદાવાદનું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ લોથલથી સૌથી નજીક આવેલું એરપોર્ટ છે. આ પ્રોજેક્ટનું નિર્માણ ત્રણ ભાગમાં કરવામાં આવશે. પ્રોજેક્ટના પહેલા ભાગનું કાર્ય હાલ ચાલુ છે. આ પ્રોજેક્ટમાં દુનિયાનું સૌથી વિશાળ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્ષ બનશે. દુનિયાના સૌથી ઊંચું લાઇટ હાઉસ મ્યુઝિયમનું નિર્માણ આ કોમ્પ્લેક્ષમાં કરવામાં આવશે. દુનિયાની સૌથી મોટી ઓપન એક્વેટીક ગેલેરી પણ આ જ કોમ્પ્લેક્ષમાં બનાવવામાં આવશે. ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર દરિયાઈ વારસાને પ્રદર્શિત કરવા માટે વિશ્વકક્ષાના આ નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પલેક્ષને તૈયાર કરવામાં આવી રહ્યું છે.

પોતાના ઇતિહાસને કારણે આપણને ગૌરવથી છલકાવી દેતું લોથલ હવે આવનારી પેઢીઓના ભવિષ્યનું ઘડતર પણ કરશે. લોથલમાં તૈયાર કરવામાં આવી રહેલું નેશનલ મેરીટાઇમ મ્યુઝિયમ દેશના સમુદ્રી વારસાની વાત આવે ત્યારે દરેક ભારતીય માટે ગૌરવની બાબત બની જશે. લોથલ તેની જૂની ભવ્યતા સાથે વિશ્વ સમક્ષ આવશે.

### આવું હશે નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ

આ પ્રોજેક્ટ માટે ૩૭૫ એકર જમીન રાજ્ય સરકારે ફાળવી છે. આ મ્યુઝિયમમાં હડપ્પન આર્કિટેક્ચર અને જીવનશૈલીને ફરીથી ઉજાગર કરવા માટે લોથલ મિની રિક્રિએશન ઉપરાંત 'મેમોરિયલ થીમ પાર્ક', 'મેરીટાઇમ અને નેવી થીમ પાર્ક', 'ક્લાઇમેટ થીમ પાર્ક' 'તેમજ એડવેન્ચર એન્ડ એમ્યુઝમેન્ટ થીમ પાર્ક' જેવા ચાર થીમ પાર્કના નિર્માણના પગલે ઘણી આવિષ્કારી અને યુનિક સુવિધાઓ ઉભી કરવામાં આવશે. હડપ્પન સમયથી શરૂ કરીને આજ સુધીના ભારતના સમુદ્રી વારસા પર પ્રકાશ પાડતી ૧૪ ગેલેરીઓ તેમજ અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વિવિધ સમુદ્રી વારસાને પ્રદર્શિત કરતું કોસ્ટલ સ્ટેટ્સ પેવેલિયન પણ અહીં રાખવામાં આવશે. ●

## ઊના તાલુકામાં નવીન સફારી પાર્કને મંજૂરી

# ગુજરાતમાં ૬૭૪ એશિયાઇ સિંહ



રાજ્ય સરકારે સિંહના સંરક્ષણ, સંવર્ધનને પ્રાથમિકતા આપીને લાયન કન્ઝર્વેશન એન્ડ પ્રોટેક્શનની યોજનાઓ તથા પ્રોજેક્ટ્સ અસરકારક અને વ્યાપક બનાવ્યા છે. તાજેતરમાં વિશ્વ સિંહ દિવસ-૨૦૨૩ની ગરિમામય ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણીમાં સહભાગી થતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વન વિભાગના વણથક પ્રયત્નો અને લોક ભાગીદારીથી સિંહ સંવર્ધન પ્રત્યે જાગૃતિ વધી છે. સિંહની વસ્તીમાં પણ ઉત્તરોત્તર વધારો થયો છે અને ૨૦૧૦માં ૪૧૧ સિંહ હતા તે વધીને ૨૦૨૦માં ૬૭૪ થયા છે. આ સાથે, તેમણે સાસણગીર ખાતેના સફારી પાર્કમાં થઈ રહેલા પ્રવાસીઓના વધારાના ભારણને ઘટાડવા ગીરના પૂર્વ વિસ્તાર એવા ઊના તાલુકાના નાળીયા માંડવી ખાતે નવીન સફારી પાર્ક રાજ્યના બજેટમાં મંજૂર કર્યો છે. આ પ્રસંગે વન મંત્રી શ્રી મુળુભાઈ બેરા તથા રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં આયોજિત આ ઉજવણી અંતર્ગત મુખ્યમંત્રીશ્રીએ સિંહ અંગેની લાયન એન્થમ ફિલ્મનું લોન્ચિંગ કર્યું હતું.

સિંહના રિયલ ટાઇમ લોકેશન અને તેની મૂવમેન્ટ અંગેની જાણકારી લોકો આપી શકે તે માટે વન વિભાગે તૈયાર કરેલી 'સિંહ સૂચના વેબ એપ' નું લોન્ચિંગ તેમજ ડૉ. સકિરા બેગમના પુસ્તક 'ધ કિંગ ઓફ ધ જંગલ - એશિયાટિક લાયન ઓફ ગીર' તથા અરવિંદ ગોસ્વામીના પુસ્તક 'હું ગીરનો સાવજ'નું વિમોચન પણ મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું.

વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી લાયન એટ ૨૦૪૭-વિઝન ફોર અમૃતકાળના લક્ષ્ય સાથે લાયન પ્રોજેક્ટ શરૂ થયો છે. સિંહોના સંવર્ધન અને સંરક્ષણ માટે આ પ્રોજેક્ટ માટે ૨૯૦૦ કરોડની ફાળવણી કરી છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સિંહો માટે બ્રીડિંગ સેન્ટર, આઇસોલેશન સેન્ટર, રેડિયોકોલર, ડ્રોનનો ઉપયોગ અને સિંહ સારવાર કેન્દ્રમાં માળખાકીય સુવિધાઓ વિકસાવવાનું આયોજન આ પ્રોજેક્ટ અંતર્ગત થવાનું છે. એટલું જ નહીં, સિંહના વિચરણનો વિસ્તાર પણ ગીર ઉપરાંત ચોટીલા, સાયલા, અમરેલી, ભાવનગર વિસ્તારો મળીને કુલ ૩૦ હજાર ચોરસ કિલોમીટરનો થયો છે.



આ ઉજવણીમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, વન-પર્યાવરણ અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી ચતુર્વેદી અને વન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા. ●

# અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારનો મહત્ત્વનો નિર્ણય



રાજ્યના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત ચિંતિત ગુજરાત સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં રાજ્ય સરકાર શૈક્ષણિક સહાયમાં વધુ મદદરૂપ બનશે. જે અંતર્ગત સરકારી ક્વોટામાં મેરિટમાં એડમિશન લીધું હોય તેવા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને જે અભ્યાસક્રમોમાં ફી રૂ. ૬ લાખ કરતાં વધારે હોય તેવા કિસ્સાઓમાં વધારાની રકમ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે.

આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે આ અંગે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની વર્ષ ૨૦૧૦થી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અમલી છે. આ યોજનાની ગાઇડલાઇન મુજબ માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થાઓના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના વાલીની આવકમર્યાદાને ધ્યાને લઈ રૂ. ૨.૫૦ લાખની શિષ્યવૃત્તિની ચૂકવવામાં આવતી હતી. તે ઉપરાંત કેન્દ્ર સરકારની તા.૦૧/૦૪/૨૦૨૨થી અમલીકૃત ગાઇડલાઇનથી માન્યતા પ્રાપ્ત ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે એમ.બી.બી.એસ./એમ.એસ./એમ.ડી.ના અભ્યાસક્રમો માટે વાર્ષિક રૂ.૬ લાખ તથા એન્જિનિયરિંગના અભ્યાસક્રમો માટે વાર્ષિક રૂ.૨.૫૦ લાખ તેમજ અન્ય અભ્યાસક્રમો માટે વાર્ષિક રૂ.૧ લાખની રકમની ટોચ મર્યાદામાં (સિલિંગ લિમિટ) શિષ્યવૃત્તિની ચુકવણી કરવાની જોગવાઈ દાખલ કરી છે.

કેન્દ્ર સરકારની ઉપરોક્ત નવીન ગાઇડલાઇનમાં સૂચવેલ ટોચ મર્યાદા(સિલિંગ લિમિટ)થી વધુ રકમની શિષ્યવૃત્તિની ચુકવણી રાજ્ય સરકાર દ્વારા કરવા અંગે મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ભારત સરકારની પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિની રકમનું ચુકવણું કરવા માટે થયેલી નવી જોગવાઈઓ મુજબ હવે, અગાઉના શૈક્ષણિક વર્ષમાં એડમિશન લીધું હોય અને શિષ્યવૃત્તિ આપવામાં આવી હોય તેઓને ચાલુ વર્ષે તેમજ હવે પછીના વર્ષોમાં શિષ્યવૃત્તિ મંજૂર થયા પ્રમાણે આપવાની રહેશે. તે ઉપરાંત સરકારી ક્વોટામાં મેરિટમાં એડમિશન લીધું હોય તેવા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ફી રેગ્યુલેટિંગ કમિટી (FRC)એ નક્કી કરેલી ફી મુજબ ભારત સરકારે નક્કી કરેલી રૂ.૬ લાખની મર્યાદામાં શિષ્યવૃત્તિ આપવાની રહેશે. પરંતુ જે અભ્યાસક્રમોમાં ફી રૂ. ૬ લાખ કરતાં વધારે હોય તેવા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના કિસ્સાઓમાં વધારાની રકમ રાજ્ય સરકાર તરફથી ચૂકવવામાં આવશે. ●

## હવે ટ્રસ્ટની સ્થાવર મિલકત મેન્યુઅલી તબદીલ નહીં થાય



ગુજરાતમાં પારદર્શક વહીવટ માટે ટેકનોલોજીની મદદથી ડિજિટાઇઝેશન પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વધુ એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. હાલ ટ્રસ્ટની સ્થાવર મિલકત તબદીલ કરવા અંગેની કાર્યવાહી જે મેન્યુઅલ કરવામાં આવતી હતી તેને હવે ફરજિયાત ઓનલાઈન e-Auction Portal Application મારફતે હાથ ધરવા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ નિર્ણય અંગે માહિતી આપતા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધાયેલા ટ્રસ્ટોના વહીવટના નિયમન કરવા અંગેની કામગીરી ચેરિટીતંત્ર કરે છે. અત્યાર સુધી ગુજરાત પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ની કલમ-૩૬ હેઠળ ટ્રસ્ટની સ્થાવર મિલકત તબદીલ કરવા અંગેની કાર્યવાહી મેન્યુઅલ કરવામાં આવતી હતી. આ કાર્યવાહીને લીધે તંદુરસ્ત સ્પર્ધાને અભાવે સિન્ડિકેટ થવાની, ઈજારાશાહી વધવાની તથા સ્પર્ધાત્મક ભાવ ન મળવાની શક્યતાઓ રહેતી હતી. જેથી આ કાર્યવાહી વધુ પારદર્શક પદ્ધતિથી અને પ્રવર્તમાન સમયમાં ટેકનોલોજીનો ઉપયોગ કરીને મિલકતનું યોગ્ય મૂલ્યાંકન થાય તે માટે કલમ-૩૬ હેઠળની કાર્યવાહી કે જે હાલ મેન્યુઅલી કરવામાં આવતી હતી તેના બદલે આ કાર્યવાહી e-Auction Portal Application મારફતે ફરજિયાત હાથ ધરવા નિર્ણય કરવામાં આવ્યો છે.

આ અંગે કાયદા વિભાગ દ્વારા ઠરાવ કરી e-Auction Portal Application મારફતે કાર્યવાહી હાથ ધરવા ઠરાવવામાં આવ્યું છે. એટલું જ નહિ, આ ઠરાવ અગાઉ કલમ-૩૬ હેઠળની આપેલી જાહેરાત કે જે અન્વયેની પ્રક્રિયા પૂર્ણ થયેલી નથી તેવી જુદી-જુદી કચેરીઓમાં કુલ-૨૫૭ અરજીઓ પેન્ડિંગ સ્થગિત કરી નવેસરથી e-Auction Portal Application મારફતે જ કાર્યવાહી હાથ ધરવા ચેરિટી કમિશનરને સૂચના આપવામાં આવી છે. ●

## બાગાયત ખેતીને પ્રોત્સાહન આપવા મહત્ત્વપૂર્ણ નિર્ણય



ગુજરાતના ખેડૂતો પણ સમૃદ્ધ બની દેશના આર્થિક વિકાસના ભાગીદાર બને તે દિશામાં રાજ્ય સરકાર દ્વારા તબક્કાવાર ખેડૂતહિતલક્ષી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ તેમજ કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્યના બાગાયત ખેતી કરતા ખેડૂતોના હિતમાં વધુ એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.

આ અંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ નવી યોજના માટે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ચાલુ વર્ષે જ શરૂ કરવામાં આવેલી આ નવી યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય બાગાયતી પેદાશોનું સોર્ટિંગ, ગ્રેડિંગ, પેકિંગ અને પાકનું મૂલ્યવર્ધન કરી ખેડૂતો બજારમાં સારા ભાવથી તેનું વેચાણ કરી શકે તે છે.

આ નવી યોજના હેઠળ ખેતર પરના ગ્રેડિંગ, સોર્ટિંગ, પેકિંગ એકમ ઊભાં કરવા માટે રૂ. ૩ લાખ પ્રતિ એકમ ખર્ચને ધ્યાને લઈ મહત્તમ ૫૦ ટકા અથવા મહત્તમ રૂ. ૧.૫૦ લાખ પ્રતિ એકમ સહાય આપવામાં આવશે. આ ઉપરાંત ગ્રેડિંગ, સોર્ટિંગ, પેકિંગ, વોશિંગ, પ્રાથમિક મૂલ્યવર્ધન, સંગ્રહ માટે ક્રેટ્સ વગેરે સાધનો માટે મહત્તમ ૫૦ ટકા અથવા મહત્તમ રૂ. ૫૦ હજાર એમ બંનેમાંથી જે ઓછું હોય તે સહાય આપવામાં આવશે.

બાગાયતી પાકોમાં કાપણી પછી મૂલ્યવર્ધનની વિવિધ પ્રક્રિયા માટેના ઓછામાં ઓછા ૧૫૦ ચો.મી. સુધીના બાગાયત મૂલ્યવર્ધન એકમ ઊભા કરવા માટે માળખાકીય સુવિધા, મશીનરી અને સાધન સામગ્રી વસાવવા મહત્તમ રૂ. ૧૦ લાખ સુધી સહાય આપવામાં આવશે. જેમાં બાંધકામ તથા આનુષંગિક સાધનો માટે ખર્ચના ૨૫ ટકા અથવા મહત્તમ રૂ. ૫ લાખ પ્રતિ એકમ એમ બંનેમાંથી જે ઓછું હોય તે કેપિટલ સહાય ચૂકવવામાં આવશે. આ તમામ સહાય DBTના માધ્યમથી સીધા ખેડૂતના ખાતામાં જમા કરવામાં આવશે. ●

## શહેરોમાં માર્ગોને સુદ્રઢ કરવા ધારાસભ્યશ્રીઓને બે કરોડની ગ્રાન્ટ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના શહેરી વિસ્તારોમાં રોડ રસ્તાના કામો માટે શહેરી વિસ્તારના ધારાસભ્યોને રૂ. બે કરોડની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કર્યો છે. રાજ્યના શહેરી મત વિસ્તારોનું પ્રતિનિધિત્વ કરતાં ધારાસભ્યો પોતાના વિસ્તારમાં આ ગ્રાન્ટમાંથી માર્ગ મરામત અને માર્ગ વિકાસના કામો હાથ ધરી શકે તે હેતુસર ધારાસભ્ય દીઠ રૂ. બે કરોડની ગ્રાન્ટ ૨૦૨૩ -૨૪ ના વર્ષ માટે માર્ગ-મકાન વિભાગમાંથી ફાળવવામાં આવશે. મુખ્યમંત્રીશ્રી સમક્ષ કરવામાં આવેલી દરખાસ્તનો સકારાત્મક પ્રતિભાવ આપતાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ જનસુવિધાલક્ષી નિર્ણય કર્યો છે. આ નિર્ણયથી શહેરી ક્ષેત્રોનાં માર્ગોનું નેટવર્ક વધુ સુગ્રથિત અને સુદ્રઢ બનશે. ●

# કચ્છને નર્મદાનું વધારાનું ૧ મિલિયન એકર ફુટ પાણી મળશે




ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના રાજ્યના આર્થિક વિકાસનું ચાલકબળ બની છે. રાજ્યના છેવાડાના સૂકા વિસ્તારમાં નર્મદાનાં નીર પહોંચતાં ધરતી નવપલ્લવિત બની છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાણી, ઉદ્યોગો, પ્રવાસન સહિતનાં વિકાસ કામોનો મહત્તમ લાભ કચ્છને મળે તે માટે હંમેશાં પ્રાધાન્ય આપ્યું છે, જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સતત આગળ વધારી રહ્યા છે. નર્મદા યોજનાના વ્યાપ વિસ્તારને વધારવા રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે. કચ્છને નર્મદાનું વધારાનું ૧ મિલિયન એકર ફુટ પાણી વર્ષ ૨૦૨૫ સુધીમાં આપવાની કામગીરી પૂર્ણ થવાથી અંજાર, મુન્દ્રા, માંડવી, ભુજ, નખત્રાણા, લખપત, અબડાસા, અને રાપરના ૧૩૦ જેટલાં ગામોના અંદાજે ૧.૭૨ લાખથી વધુ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળતો થશે.

ગુજરાતની જીવાદોરી સમાન બહુહેતુક નર્મદાયોજનાના પૂરના વહી જતાં વધારાનાં ૩ મિલિયન એકર ફુટ પાણીમાંથી ૧ મિલિયન એકર ફુટ સૌરાષ્ટ્રને, ૧ મિલિયન એકર ફુટ ઉત્તર ગુજરાતને અને ૧ મિલિયન એકર ફુટ કચ્છને ફાળવવાનો નિર્ણય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે કર્યો હતો.

અંગે જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, જળ સંપત્તિ વિભાગ દ્વારા અગ્રિમતાના ધોરણે આ કામો હાથ ધરાશે.

મંત્રી શ્રી કુંવરજીભાઈએ જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લામાં આ નર્મદાનાં નીર પહોંચે એ માટે બે તબક્કામાં કામગીરી હાથ ધરવામાં આવશે. જેમાં તબક્કા-૧માં ત્રણ અલગ-અલગ ઉદ્વહન પાઈપલાઈન લિંક માટે રૂ.૪,૩૬૯ કરોડની વહીવટી મંજૂરી જાન્યુઆરી-૨૦૨૨માં આપવામાં આવી હતી. જે યોજનાના બાંધકામ માટેનો ઇજારો આખરી કરી દેવાયો હતો. આ કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. જે હેઠળ સધર્ન લિંક અને હાઇકન્ટુર સ્ટોરેજ લિંકથી અંજાર, મુંદ્રા, માંડવી અને ભુજ તાલુકાની ૨૫ સિંચાઈ યોજનાઓમાં પાણી ભરવામાં આવશે જેનાથી આ તાલુકાનાં ૪૭ ગામના ૩૮,૮૨૪ હેક્ટર વિસ્તારને લાભ મળશે. નોર્ધન લિન્કથી અંજાર, ભુજ અને નખત્રાણા તાલુકાની ૧૨ સિંચાઈ યોજનાઓમાં પાણી ભરવામાં આવશે જેનાથી આ તાલુકાનાં ૨૨ ગામના ૩૬,૭૯૨ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. જ્યારે સારણ લિંકથી રાપર તાલુકામાં સારણ જળાશયમાં પાણી ભરવાથી રાપર તાલુકાનાં ૮ ગામના ૨૯,૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. આ કામગીરી વર્ષ ૨૦૨૫માં પૂર્ણ થતાં કચ્છ જિલ્લાના અંજાર, મુન્દ્રા, માંડવી, ભુજ, નખત્રાણા અને રાપર મળી કુલ છ તાલુકામાં ૩૮ સિંચાઈ યોજનાઓમાં પાણી ભરવામાં આવશે જેનાથી ૭૭ ગામના ૧,૦૪,૨૧૬ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

જળ સંપત્તિ અને પાણી પુરવઠા રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે વિગતો આપતાં જણાવ્યું હતું કે, બીજા તબક્કા હેઠળની રૂ.૨,૩૦૪ કરોડની કિંમતે બે ઉદ્વહન પાઈપલાઈનોની કામગીરીને વહીવટી મંજૂરી આપવામાં આવી છે. તબક્કા-૨ની કામગીરી પણ આગામી વર્ષ ૨૦૨૫માં પૂર્ણ કરીને માંડવી, નખત્રાણા, લખપત અને અબડાસા મળી કુલ ચાર તાલુકાની ૪૧ સિંચાઈ યોજનાઓમાં પાણી ભરવાથી ૫૩ ગામોના ૬૮,૧૯૫ હેક્ટર વિસ્તારને સિંચાઈ સુવિધાનો લાભ મળશે. ●



# મહિલા ધારાસભ્યોને વધારાની રૂ. સવા કરોડની ગ્રાન્ટ

રાજ્યના દરેક ધારાસભ્યશ્રીને તેમના મતવિસ્તારનાં કામો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. મહિલા સશક્તીકરણ અને લોકહિતને ધ્યાને રાખીને રાજ્યના મહિલા ધારાસભ્યોને સવા કરોડ રૂપિયાની વધારાની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કરાયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યનાં મહિલા ધારાસભ્યોને લોકહિતનાં કામો માટે મળતી નિયમિત ગ્રાન્ટમાં ૨૦૨૩-૨૪ના વર્ષ માટે સવા કરોડ રૂપિયાની વધારાની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય તરીકે જન પ્રતિનિધિત્વ કરતાં ૧૨ મહિલા ધારાસભ્યોને પ્રત્યેકને તેમના વિસ્તારોમાં રોડ-રસ્તાનાં વિવિધ કામો માટે વધારાના સવા કરોડ રૂપિયાની ગ્રાન્ટ મળશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આ મહિલા જનપ્રતિનિધિ હિતલક્ષી નિર્ણયની ફળશ્રુતિએ લોકહિતનાં કાર્યોને વધુ વેગ મળશે. મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ અંગે રાજ્યનાં મહિલા ધારાસભ્યોએ કરેલી રજૂઆતનો સકારાત્મક પ્રતિસાદ આપતા તેમણે આ નિર્ણય કર્યો છે. ●

# સાબરના શહીદોનું શૌર્ય સ્મારક...
# પાલ દઢવાવ

હરીશ પરમાર

ભારતવાસીઓ આજે જે આઝાદી અને સ્વતંત્રતા માણી રહ્યાં છે, તેની પાછળ અનેક નામી-અનામી શહીદોનું રક્ત સિંચાયેલું છે. ત્યારે જઈને આપણને મહામૂલી આઝાદી મળી છે. આઝાદીના સંગ્રામ કાજે જાન ન્યોચ્છાવર કરનાર શહીદોને યાદ કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશમાં શરૂ કરેલું 'મારી માટી, મારો દેશ'નું અભિયાન આ શહીદોને યથોચિત અંજલિ સમાન છે. આઝાદીના સ્વાતંત્ર્ય સંગ્રામમાં દેશ સાથે ગુજરાત અનેક સ્થળો પણ જોડાયેલા છે. તેમાંનું એક સ્થળ છે સાબરકાંઠા જિલ્લાનાં વિજયનગરમાં આવેલું પાલ-દઢવાવ. તેના મહત્ત્વને જાણીને ગતવર્ષના ગણતંત્ર દિવસની રાષ્ટ્રીય પરેડમાં તેનો ટેબ્લો રજૂ કરવામાં આવ્યો હતો.





તાજેતરમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સાબરકાંઠાના દુર્ગમ જંગલ વિસ્તારમાં રહેતાં આદિવાસીઓ પણ આઝાદીના રંગે રંગાયેલા હતા અને ભારતની આઝાદી કાજે શહીદી વ્હોરી હતી. આઝાદીના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જ્યારે સમગ્ર દેશના ખૂણે-ખૂણે આઝાદીની ચળવળ ચાલી રહી હતી, ત્યારે સ્વતંત્રતાપ્રિય સાબરકાંઠાનો આદિવાસી બહુલ વિસ્તાર કેવી રીતે બાકાત રહી શકે.

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરથી ૮૫ કિ.મી. અંતરે આવેલા વિજયનગર તાલુકો સૌંદર્યની સાથે સાહસની અદમ્ય વાત ધરબીને બેઠો છે. રાજસ્થાન-ગુજરાત સરહદી વિસ્તાર એવા પાલ-દઢવાવમાં સો વર્ષ પહેલાં અંગ્રેજોના શાસનમાં કરાયેલા વેરા વધારાનો ઉગ્ર વિરોધ કરવા ભીલ આદિવાસીઓએ અંગ્રેજો સામે લડત માંડી હતી. 'ભીલોના ગાંધી' તરીકે ઓળખાતા સ્વાતંત્ર્ય-સેનાની મોતીલાલ તેજાવતની આગેવાની હેઠળ આ લડત લડાઈ હતી.

વર્ષ ૧૯૨૨નાં તારીખ ૭ માર્ચની વાત છે.. તે દિવસે વહેલી સવારે વિજયનગર ખાતેના દઢવાવના 'હારાવાળાં આંબા'ના હુલામણા નામે ઓળખાતા સ્થળે વનવાસી લોકોની આગવી સંસ્કૃતિ, આભૂષણો અને ઉત્સવોની આગવી ઓળખ સમી આદિવાસીઓ આમળી અગિયારસના મેળાનું આયોજન કરાયું હતું. આ સ્થળે એક બાજુ મોતીલાલ તેજાવતની આઝાદીની લડતના ભાગરૂપે કરવેરા નાબૂદી અને વેઠપ્રથા નાબૂદી માટે સભાનું આયોજન હતું અને બીજી બાજુ આ સ્થળે આદિવાસીઓનો 'આમળી અગિયારસ'નો મેળો હતો.


મોતીલાલની સભાના આયોજનની જાણ અંગ્રેજોને થઈ. અંગ્રેજોએ પોતાને વફાદાર એવા મેવાડ ભીલ કોર(એમ.બી.સી.)ને પાલ દઢવાવ તરફ કૂચ કરવા હુકમ કર્યો. બ્રિટિશ અર્ધલશ્કરી દળના અંગ્રેજ અમલદાર એચ.જી. સટ્ટે પાલ-દઢવાવ પહોંચીને નિ:હથ્થા અને નિર્દોષ આદિવાસીઓ ઉપર અંધાધૂંધ ગોળીબાર કર્યો.




જલિયાંવાલા બાગ હત્યાકાંડની યાદ કરાવી દે તેવો નિર્દયી અને દમનકારી અત્યાચાર પાલ-દઢવાવના આદિવાસીઓ પર કરવામાં આવ્યો. નિર્મમતાની વાત તો એ હતી કે, હત્યાકાંડ પછી પણ માનવતા દાખવવાને બદલે ગંભીર રીતે ઘાયલ થયેલા અને મૃત્યુ પામેલા આદિવાસીઓની ક્ષત-વિક્ષત મૃતદેહોને ઢગલાંની જેમ નજીકના જ ઢેખાળીયા કૂવામાં ફેંકી દેવામાં આવ્યા. આ લોહિયાળ બનાવમાં ૧૨૦૦ જેટલા સ્થાનિક આદિવાસીઓ પળભરમાં જ શહીદ થઈ ગયા હતા. રાજ્ય સરકાર દ્વારા આઝાદી માટે શહીદ થનાર આ વીર આદિવાસી શહીદોને ભાવાંજલિ અર્પતા 'વીરાંજલિ વન' બનાવ્યું છે. આ શહીદ સ્મારકમાં ૧૨૦૦ વૃક્ષો ઉછેરીને શહીદ વીરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ છે.



આ પ્રકારના અનેક શહીદવીરોનાં રક્તથી ભીંજાયેલી આઝાદી આપણને મળી છે ત્યારે આ મહામૂલી આઝાદીનો ગર્વ કરીએ અને દેશને વધુ ઉન્નત દિશામાં લઈ જવા પ્રયત્નશીલ બનીએ, તે જ સ્વાતંત્ર્યવીરોને સાચી અંજલિ છે. ●









# ગુજરાત ક્વિઝ કોર્નર

ધવલ શાહ

**ગુજરાત ક્વિઝ કોર્નરમાં ગુજરાત પાક્ષિકના વર્તમાન અંકમાં પ્રસિદ્ધ થયેલ લેખ ઉપરાંત આપના સામાન્ય જ્ઞાનની અભિરુચિને પ્રેરે તેવા સવાલો આપવામાં આવ્યા છે. આ સવાલોના જવાબ તમને તેના વિકલ્પોમાંથી મળી રહેશે. તો વિચાર શું કરો છો, ઉઠાવો કલમ અને સાચા જવાબ પર ટિક કરો.**

૧) ગુજરાતનું પ્રથમ ગ્રીન ફિલ્ડ એરપોર્ટ કયું છે?
અ) રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ
બ) અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ
ક) કેશોદ એરપોર્ટ
ડ) સુરત એરપોર્ટ

૨) 'ગાગડીયો' નદી કયા જિલ્લામાં આવેલી છે?
અ) સુરત | બ) અમરેલી
ક) બનાસકાંઠા | ડ) ડાંગ

૩) ભારતનું પ્રથમ પ્રાઇવેટ સેટેલાઇટ નેટવર્ક કયા જિલ્લામાં શરૂ થશે?
અ) રાજકોટ | બ) સુરત
ક) મહેસાણા | ડ) અમદાવાદ

૪) ગુજરાતના કેટલા જિલ્લાઓને ભૂમિ સન્માન પ્લેટિનમ સર્ટિફિકેટ પ્રાપ્ત થયાં છે?
અ) છ | બ) આઠ
ક) નવ | ડ) પાંચ

૫) ગુજરાતને કયા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ કેન્દ્ર સરકારનો 'ભૂમિ સન્માન પ્લેટિનમ સર્ટિફિકેટ એવૉર્ડ' પ્રાપ્ત થયો છે?
અ) પ્રવાસન ક્ષેત્રે | બ) જમીન સીમા સુરક્ષા
ક) ડિજિટલ લેન્ડ રેકોર્ડ્સ | ડ) દરિયાઈ સુરક્ષા

૬) તાજેતરમાં રાજ્ય સરકારે રીંછડિયા મહાદેવ મંદિર પરિસરનો કાયાકલ્પ કરવાનો નિર્ણય કર્યો છે. આ મંદિર ક્યાં આવેલું છે?
અ) અંબાજી નજીક રીંછડી ગામે | બ) પાલિતાણા નજીક
ક) જેસોર અભયારણ્યમાં | ડ) પાવાગઢ નજીક

૭) ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ કોણ છે?
અ) શ્રીમતી વૈભવી નાણાવટી | બ) શ્રી એન. વી. અંજારિયા
ક) શ્રી બિરેન વૈષ્ણવ | ડ) શ્રીમતી સુનિતા અગ્રવાલ

૮) 'સ્વતંત્રતા શક્તિથી મળે છે, બલિસથી નહીં' આ વિધાન કયા ક્રાંતિવીરે લખેલું છે?
અ) સરદારસિંહ રાણા | બ) લાલા હરદયાળ
ક) વી. એસ. ઐયર | ડ) મેડમ કામા

૯) 'આગે કદમ! આગે કદમ! આગે કદમ! યારો! ફનાના પંથ પર આગે કદમ!' પંક્તિના રચયિતા જણાવો.
અ) ઝવેરચંદ મેઘાણી | બ) મુકુન્દરાય પારાશર્ય
ક) જયંતીલાલ આચાર્ય | ડ) રમણલાલ સોની

૧૦) 'ભારતવીર, ભારતવીર, મરવા અમે સૌ અધીર, મરશું અમે ભારતવીર.' આ સ્વાતંત્ર્ય ગીતના કવિ જણાવો.
અ) પ્રીતમલાલ મજમુદાર | બ) ઝવેરચંદ મેઘાણી
ક) સુન્દરમ્ | ડ) કવિ કલાપી

૧૧) ભારતમાં સૌપ્રથમ કઈ ફિલ્મ રજૂ થઈ હતી?
અ) મધર ઇન્ડિયા | બ) રાજા હરિશ્ચંદ્ર
ક) આલમ આરા | ડ) નરસિંહ મહેતા

૧૨) નીચેનામાંથી કઈ નદી કર્કવૃત્ત ઉપરથી બે વાર પસાર થાય છે?
અ) નર્મદા | બ) મહી
ક) અંબિકા | ડ) બનાસ

૧૩) વિશ્વ આદિવાસી દિવસ ક્યારે ઉજવવામાં આવે છે?
અ) ૯ ઓગસ્ટ | બ) ૧૦ ઓગસ્ટ
ક) ૧૦ જુલાઈ | ડ) ૯ જુલાઈ

૧૪) ભારતમાં રેડિયોનું પ્રથમ પ્રસારણ ક્યારે થયું હતું?
અ) ૧૯૨૧ | બ) ૧૯૨૩
ક) ૧૯૩૬ | ડ) ૧૯૧૭

૧૫) 'યુગવંદના' કાવ્યસંગ્રહ કોનો છે?
અ) સુંદરમ્ | બ) ઝવેરચંદ મેઘાણી
ક) બોટાદકર | ડ) કલાપી

(જવાબ : ૧-અ, ૨-બ, ૩-ક, ૪-અ, ૫-ક, ૬-અ, ૭-ડ, ૮-ડ, ૯-અ, ૧૦-ક, ૧૧-બ, ૧૨-બ, ૧૩-અ, ૧૪-બ, ૧૫-બ.)

# ૭૭મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યભરમાં ઉજવણી



મંત્રી શ્રી મૂળુભાઈ બેરા
કચ્છ



મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર
છોટાઉદેપુર




મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયા
જૂનાગઢ



મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી
દાહોદ



મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા
બનાસકાંઠા



મંત્રી શ્રી પરષોત્તમભાઈ સોલંકી
ગીર સોમનાથ



મંત્રી શ્રી બચુભાઈ ખાબડ
મહીસાગર




મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ
ગાંધીનગર



મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયા
ભાવનગર



મંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર
પંચમહાલ



મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ
નર્મદા



## ધન્ય ધરા ગુર્જરી...

Published on Date : 16-08-2023. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023 - Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
48 + 4 Cover = Total 52 Pages . Editor and Published by Director of Information on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. Printed by Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad - If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

To,

ગુજરાત પાક્ષિક કાર્યાલય :-
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦